RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 9, Year: 71, December 2024, Pages: 52, Price Rs. 7.00



## ઝાલાવાડનું ગૌરવ

## શ્રી પરાગભાઈ કિશોરચંદ્ર શાહ

(વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર)

જેઓ વિધાનસભાની ચુંટણીમાં

(વર્ષ : ૨૦૨૪-૨૦૨૯)

**ઘાટકોપર (ઈસ્ટ) માંથી**

**પ્રચંડ બહુમતીથી**

ચુંટાઈ આવ્યા છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી

જૈન સભા-મુંબઈ

દ્વારા

ખુબ ખુબ અભિનંદન.



સર્વે ટ્રસ્ટીગણ, હોદ્દેદારો

અને કારોબારી સભ્યો

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૧૦ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૪) સુધીમાં ૨૫૪૯૯ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ (બાર મહિના) માં ટોટલ ૪૪૯૩ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | | |
|---|---|---|
| Bank Name : AXIS BANK LTD. | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC | : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name : BANK OF INDIA | | |
| A/c. Name | : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC | : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


**દાન એજ સફળ જીવન**

Advt.

**BIO-DATA**

# MANVI MEHTA



+1 (469) 9272503

manvimehta99@gmail.com

DOB : 10th September, 1999

Height : 5' 5"

4114 Medical Dr., San Antonio, TX 78229

## Education

**Greenlawns High School (Breach Candy)**
**ICSE**

**HR College of Commerce & Ecomomics**
**HSC**

**Bachelor of Business Administration (Finance)**
**NMIMS University**
2017-2020

**PGD in Data Science & Finance**
**MDAE, Mumbai**
2020-2021

**Masters of Business Analytics**
**UT Dallas**
2021-2023

## Profession

Global Engagement Manager, HCLTech

## Family Details

**Native Place:** Surendranagar, Gujarat (Vejawala)

**Father:** Nishith Mehta (+919820139024)
**Profession:** Wholesaler and Retailer of LPG Appliances- Nirave Trading Co., Enam Marketing Co.
**Mother:** Jalpa Mehta (+919920139024)
**Profession:** Homemaker
**Brother (younger):** Vihan Mehta

**Paternal Grandfather:** Shri Ramesh Vadilal Mehta (+919820362295)
**Paternal Grandmother:** Late Shrimati Neera Ramesh Mehta (Nathabhavan)
**Maternal Grandfather:** Shri Pritam Ratilal Shah (Vadivihar)
**Maternal Grandmother:** Shrimati Kokila Shah (Sakhidas)

**Kaka:** Hardic Ramesh Mehta (+919820139025)
**Kaki:** Punita Mehta (+919820488977)

**Fiya:** Hemali Rajen Shah (+971-558387527)
**Fuva:** Rajen Shah (+971-526163498)

**Mama:** Late Mr. Ketan Shah
**Mami:** Rupa Shah (+919892191990)

**Masa:** Amit Shah (+919004656200) (Goghari)
**Masi:** Avani Shah (+919004768684)

8A/22, Navjivan Society, Lamington Road, Mumbai- 400008

**Hobbies :** Travelling, Reading, Cooking, Watching movies

**Visiting India in January 2025**

Advt.

# BIO DATA

## Personal Details

### SHRUSTI SURESH KOTHARI



| | | |
|---|---|---|
| Caste | : | Dasha Shrimali Sthanakvasi Jain |
| DOB | : | 19-05-1998 |
| Blood Group | : | O + |
| Height | : | 5'5" |
| Weight | : | 57 kg |
| Education | : | C.A, CFA. |
| Occupation | : | Serving For Standard Chartered Bank as a Sr. Analyst |

## Family Details

| | | |
|---|---|---|
| Father Name | : | Suresh Bhagwandas Kothari |
| Occupation | : | Super annuated from ONGC. At Present working as Properly consultant & Tax Consultant |
| Mother Name | : | Dr. Mayuri Suresh Kothari |
| Occupation | : | General Medical Practitioner, Having 2 Clinics |
| Sister | : | Niyati Nimesh Shah, CA, CS. Working for ONGC as Sr. F&A.O. |
| Brother | : | No Brother |
| Native Place | : | Vadiya Devli |

## Others

| | | |
|---|---|---|
| Address | : | 402, Jugal Appartment Liberty Garden, Road No. 3, Malad (West), Mumbai - 400064. |
| Email | : | suresh14530@gmail.com |
| Contact | : | Suresh Kothari : 9969223650 |

Advt.

**BIO-DATA**



# SALONI SHAH

## Personal Details

| | | |
|---|---|---|
| Birth Date | : | 25th Dec 1995 |
| Time | : | 11:42pm |
| Place of birth | : | Mumbai |
| Height | : | 5.6 |
| Qualification | : | Graduate in BMM & Diploma in PR & Advertising |
| Occupation | : | PR Professional (Publicist) |

## Family Details

| | | |
|---|---|---|
| Religion | : | Hindu / Gujarati Jain |
| Father's Name | : | Rajesh R Shah |
| Occupation | : | Tax & Finance Consultant |
| Contact | : | +91 9323180220 |
| Mother's Name | : | Meena R Shah |
| Occupation | : | Home Maker |
| Contact | : | 9819480220 |
| Sister (Younger) | : | Chaitali R Shah |
| Occupation | : | Accountant & Stock Market Analyst |
| Paternal Grandparents | : | Late Ashaben Rameshchandra Gandalal Shah |
| Paternal Uncle | : | (Kaka) Bhupendra Shah<br>Contact : 8356086076 |
| Paternal Aunty | : | (Kaki) Arti Bhupendra Shah<br>Contact: +91 98694 14651 |
| Paternal Native Place | : | Sudamda (Surendranagar)<br>Later moved to Amalner |
| Maternal Grandparents | : | Late Savita Vadilal Shuklal Shah |
| Maternal Uncle | : | (Mama) Late Navin Shah |
| Maternal Aunty | : | (Mami) Rupa Navin Shah |
| Contact | : | + 91 88793 17509 |
| Maternal Uncle | : | (Masa) Haresh Bilakhia |
| Contact | : | 971 50 650 1453<br>(Based in Dubai) |
| Maternal Native Place | : | Joravarnagar (Surendranagar) |

**Permanent Resident :**
1103/04, Nilgiri Neelkanth Vihar SBK Road,
behind Somaiya college
Ghatkopar East – Mumbai 400077

Advt.

**BIO-DATA**



# SHAILY MANOJ SHAH

## PERSONAL DETAILS

NAME :- SHAILY MANOJ SHAH
DOB :- 23-04-98
BIRTH TIME :- 11:34:00 AM
HEIGHT :- 5'2
CASTE :- ZALAWADI DASHA SHRIMALI STANAKWASI JAIN
NATIVE PLACE :- NAVDA , GUJARAT
HOBBIES :- TRAVELLING, MUSIC

## QUALIFICATIONS

- BACHELOR OF MANAGEMENT STUDIES (FINANCE) - SIES COLLEGE OF COMMERCE AND ECONOMICS
- MASTERS OF ARTS- ENTERTAINMENT, MEDIA AND ADVERTSING - SOMAIYA UNIVERSITY

CONTACT NO :- +919967036593
EMAIL ID:-
shailyshah2398@gmail.com

## FAMILY DETAILS

FATHER :- MANOJ VRAJLAL SHAH
OCCUPATION:- BUSINESS
DIVAKARAN ENGINEERING
CONTACT NO :- +919867272377
MOTHER:- REENA MANOJ SHAH
OCCUPATION :- HOME-MAKER
CONTACT NO :- +919867286706
BROTHER :- HARSH MANOJ SHAH
OCCUPATION :- BUSINESS
APP SOLAR LLP (AUSTRALIA)

## FAMILY BACKGROUND

PARENTAL FAMILY

GRANDFATHER :- VRAJLAL MANILAL SHAH (NAVDAWALA)
CONTACT NO :- +919987254605
GRANDMOTHER :- LATE CHANDRIKA VRAJLAL SHAH
UNCLE :- NERAV VRAJLAL SHAH
AUNT :- KRUPALI NEERAV SHAH
UNCLE :- PARAS VRAJLAL SHAH
AUNT :- SWATI PARAS SHAH

MATERNAL FAMILY

GRANDFATHER :- LATE BHARAT HIMATLAL SHAH
GRANDMOTHER :- MEETA BHARAT SHAH
UNCLE :- JITESH BHARAT SHAH
AUNT :- JINAL JITESH SHAH
UNCLE : - DIPESH BHARAT SHAH
AUNT :- LIPSA DIPESH SHAH

## RESIDENTAL ADDRESS

VRAJLAL SHAH
402 VALMIKI, NEXT TO CANARA BANK,
R.B.MEHTA MARG, 60 FEET ROAD,
GHATKOPAR (EAST) , MUMBAI -400077

## OFFICE ADDRESS

VACUUM FORM PRODUCTS
37, VADHANI INDUSTRIAL EST,
L.B.S. MARG, OPP DAMODAR PARK,
GHATKOPAR (WEST), MUMBAI - 400086
EMAIL ID- hpmanoj69@gmail.com

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ડિસેમ્બર ૨૦૨૪
વર્ષ : ૭૧ : : અંક : ૯
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# .... ફરી જાય

તારીખ એક બદલાય,
અને મહિનો ફરી જાય,

અંક એક બદલાય,
અને સરવાળો ફરી જાય,

ઋતુ એક બદલાય,
અને પર્ણ ખરી જાય,

નજર એક બદલાય,
અને દુષ્કૃત્ય થઈ જાય,

ગુણાક એક બદલાય,
અને વર્ષ વિદ્યાર્થીનું વેડફાય

કર્મ એક બદલાય,
અને યોગી બની જવાય,

પ્રીત એક બદલાય,
અને જીવન ફરી જાય...

**સંવેદના–૨**



# નાતાલ અને નવુ વર્ષ

સૌ કેતના પરેશ શેઠ

**ના**તાલનું વેકેશન આવશે અને અમે નવા વર્ષની શરૂઆત માટે કયાં જશું ? એવી બધી તૈયારી ડિસેમ્બર ૨૫ થી ૩૧ સુધી બધા જ કરતા હોય છે નવું વર્ષ આપણે કયાં સેલીબ્રેટ કરશું એ વિચારીને જ મન પ્રફુલ્લીત થઈ જતું હોય છે.

આજે આપણે ખરેખર નવા વર્ષની શરૂઆત અને ચાલી રહેલા વર્ષને વિદાય કેવી રીતે આપવી એ જોશું. વર્ષની વિદાય તો નાતાલથી થાય છે. ખૂબ જ મસ્તી અને મૌજ મજા કરવાનો અને પ્રેમ વધારી પ્રેમથી બધાને ખુશી આપવામાં આવતો આનંદ એટલે જ નાતાલ.

સાંતાક્લોઝ એ એક પ્રેમનું પ્રતીક છે અને જે ગીફ્ટ આપે છે, એ બધાને સૂચક છે કે જાત, ભેદ, ભાવ, રાગ, દ્વેષ, ઈર્ષાથી પોતાને અલગ રૂપમાં રાખી બધાની સાથે સમાન વ્યવહાર રાખવો, વસ્તુની આદાન-પ્રદાન કરવી એટલે એ લોકો પોતાની ભૂલોનું પ્રાયશ્ચિત ભેટ અને સૌગાદ આપીને કરે છે. નવા વર્ષમાં ખુશીથી મળેલી વસ્તુને આધારે ભાખીત કરે છે કે આવનારું વર્ષ એમનું કેવું જશે. કિંમત વસ્તુની નથી, પણ સંબંધોને મીઠા બનાવા, ફૂલ નહીં ને ફૂલની પાંખડી રૂપે સાંતાક્લોઝને આવકારીને પ્રેમની આપ-લે કરે છે. આજે વર્ષભર થયેલા આનંદને બમણો કરે છે અને નવા વર્ષની શરૂઆત સારી કરે છે. બધાને હેપી નાતાલ. છુટ્ટીમાં સુખદ ઘટના ભેગી કરવી એ જ સારી નાતાલ ગીફ્ટ છે.

નવા વર્ષની શરૂઆત આપણે ખરેખર સાચી સમજણ અને ઉત્સાહથી કરીએ તો આખું વરસ સારી રીતે સુખ સમૃદ્ધિ અને યશકારક રહેશે.

નવા વર્ષની શરૂઆત આપણે ઘરમાં નાના મોટા ફેરફાર કરીને કરવી. ઈશાન ખુણામાં પાણીનું સ્થાન રાખવાની જગ્યા કરી રાખવી અને ત્યાં સુગંધ રોજ ફેલાવવી. કપૂર, અગરબત્તી કે પરફ્યુમ વાપરવાથી પણ સારું રહેશે.

અગ્નિ ખુણામાં ઈલેક્ટ્રોનિક્સનો સામાન અને ગૅસ-ચૂલા-સગડી રાખવાથી વધારે સારા પરિણામ મળશે.

વાયવ્ય ખુણામાં હવાની અવરજવર અને પવનઘંટી લગાડી અથવા રોજ ઘંટડી આખા ઘરમાં વગાડી સારી ઊર્જા બનાવી શકાય છે.

નૈઋત્ય ખુણામાં તિજોરી અને સ્થિર લક્ષ્મી માટે વજન રાખવું અને ત્યાં ભારે સામાન પણ કચરો ન રાખવો.

પૂર્વ દિશા તો ઊગમતી દિશા છે એટલે ગ્રીન પાન અને પાણીનું સાધન ત્યાં ઉપયોગી થશે. ઘરના આંગણે, બાલ્કનીમાં, ટેરેસમાં તુલસીને વાવવી અને પૂજા કરવી. ઘરની અંદર સકારાત્મક ઊર્જા આવે એના માટે જૂના, તુટેલા તોરણ, કંદીલ અને વર્ષો જૂના શણગારના સાહિત્યને વિદાય કરવું નવા સામાનથી ઘરને સુશોભીત કરવું અને ઘરમાં કંકાસ ન કરવા ગૃહિણીએ સર્વ પ્રથમ સ્વચ્છતા પર ધ્યાન આપી છોકરાઓને સ્વચ્છતા શીખડાવવી અને પછી સંસ્કાર આપવા.

ઘરમાં રાગ-દ્વેષને છોડી અને મૌન રહી બધાને સાચવવા. ગુસ્સો કાબુમાં રાખવો જરૂરી છે. સમજણ આપવી અને અનુસરવી કઠીણ છે, પણ શરૂઆત તો કરવી જ પડશે ને ? આવનારું વર્ષ બધાને શાંતીમય, સુગંધીત અને ક્લેશરહીત રહે એવી ભાવના રાખો. જેવું બીજ વાવશું એવું જ ઝાડ અને એવું જ ફળ મળશે તો સારું બીજ સુવિચારના સંસ્કાર નાખી ફળ પણ શાંતીરૂપે મળે એવુ કામ કરવુ. બધાને ન બદલી શકાય પણ પોતાને તો જરૂર બદલી શકાય છે એટલે શરૂઆત પોતાથી જ કરવી. આંગળી ચીંધવા કરતા આંગળી પકડતા શીખવાનું છે. સમજ ઓછી હોય તોય સમજવાની શક્તિ લગભગ બધામાં સારી હોય છે. તેથી આવેલા સુવિચારોને સરખી રીતે ફેલાવા અને આપતા જ રહેવાથી નવું વર્ષ સૌભાગ્યશાળી બની જશે. મોંઘવારીમાં પણ અનાજનું દાન શ્રેષ્ઠ રહેશે. નાના છોકરાને જરૂરથી આપો.

**વાસ્તુ ટીપ : નવા વર્ષ ગરીબો પર દયા કરી એમની જરૂરીયાત પૂરી કરો અને એમના જીંદગીમાં ખુશી આપો તો આવનાર વર્ષ સુગંધીત અને સુખમય બનશે. જરૂરતમંદ બહાર શોધવા કરતા આજુબાજુ તથા ઘરમાં જ શોધી એમની સહાયત કરવાથી શનિદેવ પ્રસન્ન થઈ ખૂબ જ શાંતિ પ્રદાન કરશે.**

***Happy New Year***

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

રજિસ્ટર્ડ ઑફિસ : ૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ.બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## સામાન્ય સભાની નોટિસ

**તા. ૦૫-૧૨-૨૦૨૪**

શ્રીમાન/શ્રીમતી

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા તા. ૦૪-૦૧-૨૦૨૫, શનિવાર બપોરે ૩.૩૦ કલાકે નીચેના સ્થળે મળશે, તો સંસ્થાના સભ્યોને સમયસર પધારવા વિનંતી.

### કામકાજ

(૧) તા. ૧૦-૦૨-૨૦૨૪ ની સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સને મંજૂરી આપવા.

(૨) તા. ૧-૦૪-૨૦૨૩ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીના ઑડિટ થયેલાં હિસાબ મંજૂર કરવા.

(૩) સને : ૨૦૨૪-૨૦૨૫ના હિસાબી વર્ષ માટે ઑડિટરની નિમણૂક કરવા તથા તેમનું ઓનેરેરિયમ નક્કી કરવા.

(૪) પ્રમુખશ્રીની રજાથી અન્ય જે રજૂ થાય તે.

**સ્થળ : શ્રી માનવ સેવા સંઘ**
કિંગ સર્કલ સ્ટેશન પાસે, ગાંધી માર્કેટની સામે, ડૉ. એ.બી. રોડ,
સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

**મનિષાબેન એમ. શાહ**
ટ્રસ્ટીશ્રી -માનદ્ મંત્રીશ્રી
**અતુલભાઈ એ. શાહ**
**અનિલભાઈ એચ. સંઘવી**
માનદ્ મંત્રીશ્રી

**મુકેશભાઈ આર. શાહ**
**નિરવભાઈ પી. દોશી**
માનદ્ સહમંત્રી

**હેમંતભાઈ પી. શાહ**
માનદ્ ખજાનચી
**બીનાબેન એ. સંઘવી**
માનદ્ સહખજાનચી

તા. ક. :

- મિટિંગના સમય વખતે કોરમ નહિ હોય તો અર્ધા કલાક પછી તે જ મિટિંગ તે જ સ્થળે મળશે અને એજન્ડા મુજબનું કામકાજ કરશે.
- આ જનરલ મિટિંગનો સર્ક્યુલર છે. ઝાલાવાડી સભાના તમામ મેમ્બર ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ છે.
- પોસ્ટના કાનૂની નિયમ મુજબ હિસાબ પત્રિકા સાથે મોકલી શકાતો નથી તેથી હિસાબની કોપી મોકલાવેલ નથી.
- સભાના ઑડિટેડ હિસાબની કોપી સંસ્થાના કાર્યાલયેથી સંસ્થાના સભ્યોએ લેખિત જણાવવાથી તેમને તા. ૨૫-૧૨-૨૦૨૪ થી ૨૮-૧૨-૨૦૨૪ સુધી બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મળી શકશે. તેની નોંધ લેવા વિનંતી. (રવિવાર તથા રજાના દિવસ સિવાય)
- સભાના ઑડિટેડ હિસાબ તથા અન્ય પ્રશ્નોના સવાલ બાબત સભ્યોને કોઈપણ ખુલાસો જોઈતો હોય તો તા. ૩૧-૧૨-૨૦૨૪ બપોરે ૧૨-૦૦ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં કાર્યાલયે લેખિત મોકલી આપવા વિનંતી.

# ધન્ય જીવન

ત્રણ અક્ષરના બનેલા જીવન શબ્દમાં જી એટલે જીવવું, વ એટલે વધવું અને ન એટલે નમવું. આવો સુભગ સમન્વય એનું નામ જીવન. જીવનમાં સુવાસ અને પ્રભુમાં વિશ્વાસ આ સૂત્રને જીવનમાં ઉતારીએ તો જીવન ધન્ય બની જાય. મનુષ્યે જીવનમાં એમ ને એમ મરી જવું તેના કરતાં કાંઈક કરીને જવું તે જીવન શ્રેષ્ઠ છે. કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.

હવે કેવું જીવન જીવવું તે મુમુક્ષુએ નક્કી કરવાનું છે. સમાજમાં મરણ તો રોજ અનેકના થાય છે પણ સ્મરણ તો અમુકનાં જ થાય છે. જીવનની બાલ્યાવસ્થામાં સરળતા ને યૌવન મધુરતાથી ભર્યું હોવું જોઈએ. વૃદ્ધાવસ્થા સાર્થકતા ભરી હોવી જોઈએ. સાર્થકતા એટલે કરવાં જેવાં કરી શકાયાં હોય ને ન કરવાં જેવાં કાર્યો ન કર્યાં હોય એ જીવન સાર્થક છે.



જીવન ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારનાં છે. ઉત્તમ જીવન સુમધુર, સ્વાસ્થ્યપ્રદ અને દ્રાક્ષ જેવું રસાળ હોય છે. જે અંદર તેમજ બહાર એકસરખું મધુર ને મુલાયમ હોય છે. મધ્યમ જીવન નાળિયેર જેવું જણાય છે. જે ઉપરથી બરછટ અને અંદરથી મધુર હોય છે. અધમ જીવન બોર જેવું હોય છે જે ઉપરથી લીસું, ચળકતું અને અંદર કઠોરનઠોર.

દ્રાક્ષ જેવું જીવન તે છળકપટથી રહિત, મધુરતાથી ભરેલું અને સૌજન્યથી છલકાતું હોય. તેમાં બાહ્યવ્યવહાર સભ્યતા, શિષ્ટતા ને શાલીનતાથી ભરેલો હોય છે. આવા લોકો પોતાના અને પારકાના હિતમાં જ સંલગ્ન રહે છે. એથી તો સમાજમાં આવું જીવન સર્વોત્તમ ગણાય છે.

સદ્શિક્ષા આપનારા સજ્જનો વ્યવહારમાં ભલે નાળિયેર જેવા ઉપરથી કઠણ હોય પણ તેનું અંતઃકરણ હમેશાં પરહિતમાં જ લાગ્યું હોય દુઃખ લગાડીને હિતની વાત કહેતા હોય છે. આવું જીવન ઈચ્છનીય છે.

બોરની પેઠે અધમ જીવન જીવનારાના બાહ્ય વ્યવહાર મોહક ને દંભભર્યા હોય પરંતુ તેનું અંતઃકરણ બોરના ઠળિયા જેવું અત્યંત કઠોર અને ગાંઠોથી ભરેલું હોય છે. જે ક્યારેય કોમળ કે લાગણીશીલ બનતું નથી. આવું જીવન ઈચ્છનીય પણ નથી.

માનવને પંખીની જેમ આકાશમાં ઉડતાં આવડે છે, માછલાંની જેમ પાણીમાં તરતાંય આવડે છે પણ આ ધરતી પર સરળતાથી જીવન જીવતાં નથી આવડતું એ જ જીવનની કરુણતા છે. સ્વાર્થમય જીવન જીવનારનો ઈતિહાસમાં કયાંય ઉલ્લેખ નથી થતો પણ સમર્પિત ને નિઃસ્વાર્થ જીવન જીવનારનાં નામ ઈતિહાસમાં લખાય છે. બીજા માટે ઘસાઈને જીવનમાં ઉજળા થવું એ ઉજ્જ્વળ જીવન.

માનવનું જીવન ટપાલના થેલા જેવું સમત્વભર્યું હોવું જોઈએ. ટપાલના થેલામાં લ્ગન કંકોત્રીઓ તેમજ મૃત્યુની કાળોતરીઓ ભરી હોય. થેલાંને તેનો હર્ષ કે શોક થતો નથી. નદીમાં આવેલા પૂરને પેઠે સુખદુઃખ કે સારુંનરસું આવે ને જાય. થેલો તો તેમાં સદાય તટસ્થ રહી જાય. આમ સુખદુઃખમા જળકમળવત્ જીવન જીવનારો સુખમાં છકી ન જાય ને દુઃખમાં હતાશ ન થાય એ તો ટપાલના થેલાની પેઠે જીવનમાં ઠરેલ ને સ્થિતપ્રજ્ઞ રહે છે.

જૂના સમયમાં પગલૂછણિયાં તરીકે કંતાનના કોથળાનો ઉપયોગ થતો. એ કોળળાની કિંમત ભલે મામૂલી હોય પણ જો એમાં બાસમતી ચોખા, હીરા, માણેક કે સોનું, માણેક કે સોનું ભરવામાં આવે તો તેની કિંમત અનેકગણી વધી જાય. માનવના જીવનમાં શ્રીમંતાઈ, પ્રતિષ્ઠા, પ્રામાણિકતાનાં ઉત્તમ જીવન મૂલ્યો ઉમેરાય ત્યારે આ શરીરરૂપી બારદાન કિંમતી બની જાય છે. આ લોકના ગુણો બાસમતી ચોખા જેવા છે પરંતુ ધર્મ, જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિથી રંગાયેલું જીવન તો હીરામાણેક અને સોનાની લગડી જેવું કિંમતી બને છે. ચિંતામણીરૂપ બની જાય અને તે દ્વારા આત્મકલ્યાણ સાધી લેવાનું છે. ભગવદ્ પ્રાપ્તિ કરી લેવાની છે.

સૌજન્ય : જીવન સુમન

# ઘરનો દીવો

**ગિરીશ ગણાત્રા**

મધુકરભાઈની બાજુમાં પરસાળના હીંચકા પર બેસી, પાનની તાસક ખેંચી પાન બનાવતાં બનાવતાં હળવેકથી મંજરીબહેને પતિને પૂછ્યું :

'તમે જોયું ?'

'હેં હેં !' વિચારોની દુનિયામાં ખોવાઈ ગયેલા મધુકરભાઈને થયું કે એને કંઈ પૂછવામાં આવ્યું છે એટલે એ ચમકીને બોલી ઊઠ્યા :

'તમે મને કંઈ પૂછ્યું ?'

'હું એમ કહેતી હતી કે તમે કંઈ જોયું – આ આશુતોષ હમણાં અગાસીમાં ગયો તે !'

'હા, ગયો તો ખરો ! મેં જોયું. પણ હું એમ કહું છું કે એ હમણાં અગાસીમાં કેમ સૂએ છે ? રૂમમાં ગરમી લાગે છે ? એનો બેડરૂમ તો ખાસ્સો હવાઉજાસવાળો છે !'

'ધીમે... ધીમે... જરા, ધીમે બોલો. અંદર પ્રજ્ઞા હજુ રસોડું ઉકેલે છે.'

પ્રજ્ઞા એટલે આશુતોષની યુવાન પત્ની. હજુ આઠ-દસ મહિના પહેલાં જ એ લગ્ન કરી ઘરમાં આવી હતી.

'એટલે જ કહું છું કે... કે...' કહી મંજરીબહેન પતિ પાસે સરક્યાં અને બહુ જ ધીરેથી બોલ્યાં : 'આ જરા નોંદવા જેવું છે. છેલ્લા પંદર દિવસથી એ અગાસીએ ચડીને સૂએ છે.'

'પણ કેમ ?'

'એ જ તો વાત છે. તમે રહ્યા મોટા સરકારી અમલદાર. આખી ઑફિસની જવાબદારી લઈને બેઠા છો એટલે ઘરમાં શું ચાલે છે એની તમને ઓછી ખબર હોય. આ હમણાં હીંચકેથી ઊઠશો ને ફાઈલો લઈને મંડી પડશો તે રાતના એક વગાડી દેશો. ફાઈલોમાંથી ડોકું બહાર કાઢી જરા ઘરમાં નજર કરતા હો તો ?'

'તમે બેઠાં છો ને – મારા કરતાં પણ સવાયાં. પછી મારે ઘરની શેની ચિંતા કરવાની હોય ! હાં, તો તમને શું લાગે છે આ વાતમાં ?



'મામલો જરા ગંભીર હોય એમ લાગે છે. બન્ને એકબીજાને જોડે બોલતાંય નથી. આવડા મોટા ઘરમાં ભૂલેચૂકેય સામસામે ન થઈ જવાય એની બન્ને જણાં કાળજી રાખે છે. વહુ ડ્રોઈંગરૂમમાં આવે તો ભાઈ ભાગે ઓશરીમાં. આવા તાલ થયા છે.'

'પણ કંઈ કારણ ? વહુને તમે પૂછી જોયું ?'

'કારણની મનેય ખબર પડતી નથી. આડકતરી રીતે પ્રજ્ઞાને મેં ઈશારો કરી લીધો પણ એ જવાબ ગળી ગઈ.'

'પણ તમે કારમ તો જાણી લો ! ને આડી રીતે જવાબ ન આપે તો સીધી રીતે પૂછી જોજો. પણ મારી સલાહ એવી છે કે હમણાં તમે કશું બોલ્યા વિના તાલ જોયે રાખો. એવું છે ને કે નવાં નવાં પરણ્યાં હોય એટલે વહાલ પણ કરે અને ઝઘડે પણ ખરાં ! દસ-પંદર દિવસમાં કે મહિનો-માસમાં મામલો પાછો ઠેકાણે પડી જશે.' મધુકરભાઈએ ઑફિસની રીતરસમ મુજબ સલાહ આપી.

- પણ, મામલો ઠેકાણે પડવાને બદલે એ વધુ વચક્યો. ધીમે ધીમે આશુતોષ પ્રજ્ઞાથી વધુ ને વધુ વિમુખ થવા લાગ્યો. શરૂ શરૂમાં બન્ને વચ્ચે વડછડ થતી તો બેડરૂમનું બારણું બંધ થઈ જતું. પછી તો પિતાની ગેરહાજરીમાં ને માની હાજરીમાં એ પ્રજ્ઞા સાથે તોછડાઈથી વર્તવા લાગ્યો. શરૂ શરૂમાં મંજરીબહેન બહુ બોલતાં નહિ પણ જ્યારે આશુતોષનો અવાજ ઉગ્ર થવા લાગ્યો ત્યારે એનાથી વચ્ચે બોલાઈ જતું.

આખરે એનાથી ન રહેવાયું ત્યારે એક રાતે એણે પતિને માંડીને બધી વાત કહી દીધી. પત્નીની વાત સાંભળી મધુકરભાઈએ કહ્યું :

'મને આ વાતની થોડી થોડી ગંધ આવી ગઈ છે. જે દિવસે તમે પહેલવહેલી આ વાત કહી ત્યારે મેં તમને સલાહ આપેલી કે જુવાન હૈયાંઓની વાતમાં વચ્ચે બહુ ન પડવું પણ એક દહાડો આશુતોષનો મિત્ર પરમિટ કઢાવવાની બાબતે મને મળવા આવ્યો ત્યારે જરા મેં આડકતરી રીતે બીજીય તપાસ કરી લીધી. આજ સુધી મેં તમને આ વાત જણાવી નહોતી કારણ કે કંઈક માર્ગ મળી જાય ને ઘીના ઠામમાં ઘી પડી રહે એવા હું પ્રયત્નો કરતો હતો પણ લાગે છે કે હવે તમારે પણ આ વાત જાણી લેવી જોઈએ.'

'કઈ વાત ?'

'કે આપણા આશુતોષભાઈને હવે પ્રજ્ઞા ગમતી નથી.'

'હેં ? શું વાત કરો છો ?'

'હા, તમને ખબર નહિ હોય, પણ હકીકત છે. આજ સુધી એને બાપની આબરૂ આડે આવતી હતી. આવડા મોટા સરકારી અમલદારનો પત્ર થઈને આવું પગલું ભરે

એની એને બીક હતી, પણ લાગે છે કે એ બીક હવે ઊડી ગઈ છે. ભાઈસાહેબ કોઈ વકીલને મળી આવ્યા છે – છૂટાછેડા લેવાની બાબતે.'

'શું વાત કરો છો ? આપણો છોકરો છૂટાછેડા લે ? શા માટે ?'

'કારણ કે એને હવે વહુ ગમતી નથી !'

'અરે !!!' મંજરીબહેન વાત સાંભળી ઘા ખાઈ ગયાં. ઘડીભર તો એ બોલી શક્યાં નહિ. પછી જ્યારે કળ વળી ત્યારે એ પૂછી બેઠાં :

'પણ પ્રજ્ઞાને તો એણે જ પસંદ કરી છે.'

'એ ખરું, પણ આપણે બતાવેલી બધી છોકરીઓમાંથી.'

'તો પછી ?' અને હળવેકથી પૂછી લીધું, 'એનું મન કયાંક બીજે રસ્તે ચડી ગયું હોય...'

'એનું મન કયાંય બીજે ચડયું નથી. એને બસ, હવે પ્રજ્ઞા ગમતી નથી.'

'પણ કંઈ કારણ ?'

'કારણમાં એ કે એ બહુ ભણેલી નથી.'

'ભણેલી વળી કેમ નથી ? એસ.એસ.સી. પાસ છે, કૉલેજનું એક વરસ કરેલું છે.'

'એટલું હવે એને બસ નથી લાગતું. એને જોઈએ છે ખૂબ ખૂબ ભણેલી, સિનેમામાં આવે છે એવી પેલી પરી જેવી છોકરી – ચબરાક, સ્ટાઈલિસ, ફૅશનેબલ, હાઈસોસાયટીની એટિકેટવાળી.' અને પછી ઉમેર્યું : 'ચળકાટવાળી. એને પ્રજ્ઞામાં આ બધીય વાતનો અભાવ લાગે છે.'

'પણ છે કેટલી ડાહી, સુશીલ ને ખાનદાન...'

'એ બધું આપણે માટે.' ઉશ્કેરાઈને મધુકરભાઈ બોલ્યા, 'એને જે જોઈએ છે તે આ છે. એના બેત્રણ અંગત મિત્રો પાસેથી મેં આ બધી વાતો મેળવી લીધી છે. એ જે વકીલ પાસે ગયો હતો, એનો પણ પત્તો મેળવી, એને મળી આવ્યો છું અને કહી આવ્યો છું કે...'

'શું ?' મધુકરભાઈ જરા અટક્યા. મંજરીબહેને પૂછ્યું.

'કહી તો આવ્યો છું...' હળવેકથી મધુકરભાઈએ કહ્યું, 'પણ પ્રજ્ઞાનું મન પણ આપણે જાણી લેવું જોઈએ.'

'કહી નાખો, પપ્પા. મેં તમારી બધી વાતો સાંભળી છે ને હુંય એમનું મન તો જાણી જ ગઈ છું.' બારણાની આડશે વાત સાંભળતી પ્રજ્ઞાએ હવે બારણા વચ્ચે આવીને કહ્યું. મધુકરભાઈ ચમક્યા. એને થયું કે વહુ વાત સાંભળી ગયાં છે એટલે પછી એણે કહી જ નાખ્યું :

'મેં તો એ વકીલને કહી પણ દીધું છે કે આ કેસ તમે જીતી નહિ શકો. પ્રજ્ઞા તરફથી હું અને મંજરી જુબાની પૂરવા આવીશું ત્યારે તમે કેસ હારી બેસશો. પણ, દીકરી, અમારે તમારું મન જાણી લેવું જોઈએ. જો આશુતોષ આવું કંઈ કરે તો... તમે... તમે શું ઈચ્છો છો ?'

'એમની ભલે છૂટાછેડા આપવાની ઈચ્છા હોય, પણ હું આપવા માગતી નથી. મારો વાંક, ગુનો ?' પ્રજ્ઞા રડી પડી. ડૂસકાં ખાતાં ખાતાં એણે ઉમેર્યું : 'સગાઈ કરતાં પહેલાં એ મારી સાથે ફર્યા છે, ખૂબ ખૂબ વાતો કરી છે. મેં એમને કહ્યું પણ હતું કે જો તમે ઈચ્છતા હો તો પરણ્યા પછી આગળ અભ્યાસ કરું. મારીય ઈચ્છા છે. એમણે બધું વિચારીને મને પસંદ કરી હતી. તો હવે...' પ્રજ્ઞાને અટકીને કહ્યું, 'હું મારા પપ્પાને ત્યાં ચાલી જઈશ, ત્યાં રહીશ, પણ મારા કોઈ ગુના વિના એ મને તરછોડી દે... તે... તે... હું સહન નહિ કરું...' અને પ્રજ્ઞાએ સાડીનો છેડો મોં સાથે દબાવી દીધો.

'શાબાશ...' મધુકરભાઈ બોલ્યા. 'હવે મને લાગે છે કે આ ઘર માટે વહુ પસંદ કરતી વખતે અમે જરાય ભૂલ ખાધી નખી. તમે ગભરાશો નહિ. હું અને તમારાં મમ્મી તમારી પડખે જ છીએ. આશુતોષને જે કરવું હોય તે કરી લે.'

– અને આશુતોષને જે કરવું હતું તે કરીને જ જંપ્યો. એણે જોકે છૂટાછેડાનો રાહ ન લીધો, પણ એણે ઘરને જ છૂટાછેડા આપી દીધા. એ પોતાની કપડાંની બૅગ લઈ કોઈને કહ્યા વિના એક દિવસ ઘરમાંથી ચાલ્યો ગયો.

મધુકરભાઈ સમસમી ગયા.

મંજરીબહેન રડી પડ્યાં.

એકાદ બે મહિના સુધી ઘરમાં સૂનકાર વ્યાપી ગયો. મધુકરભાઈએ મિત્રો અને સ્નેહીઓ મારફત આશુતોષને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ આશુતોષ હવે જીદ પર ચડ્યો હતો. કાં એ ઘરમાં પ્રજ્ઞા નહિ, કાં હું નહિ.

હવે મધુકરભાઈએ એક નિશ્ચય કરી લીધો. એણે પત્ની સાથે મસલત કરી, પ્રજ્ઞાને કૉલેજમાં દાખલ કરી દીધી. ખેર, દીકરો ન સહી તો દીકરી. પ્રજ્ઞા આપણી દીકરી જ કહેવાય. હવે એને આપણે એ રીતે જ કેળવણી આપવી અને એ રીતે જ કેળવણી શરૂ થઈ ગઈ. પ્રજ્ઞાનાં માતાપિતા આવી મધુકરભાઈને કહી ગયાં કે જો આવું હોય તો પ્રજ્ઞા અમારે ત્યાં રહેશે. અને વાંધો નથી. ભગવાને ઘણું આપ્યું છે, પણ મધુકરભાઈે કહી દીધું :

આ ઘરનો દીવો પ્રજ્ઞા જ પ્રગટાવે છે અને પ્રગટાવતી રહેશે.

સમય વીતતો ગયો.

માનું હૈયું હજુ પુત્રને ઝંખે, પણ મધુકરભાઈ કડક સરકારી અમલદાર હતા. એક વખત એણે પુત્રને જાકારો દીધો પછી હવે એ એનું મોઢુંય જોવા માગતા નહોતા કે એના અંગે કોઈ વાત પણ સાંભળવા નહોતા

ઈચ્છતા.

પ્રજ્ઞાને એણે ભણાવી એક સામાજિક સંસ્થા સાથે એને સાંકળી દીધી. વચ્ચે એણે મંજરીબહેન મારફત જાણી પણ લીધું કે જો પ્રજ્ઞાની ઈચ્છા હોય તો એ કોઈ બીજે ઠેકાણે વાત ચલાવે.

પણ પ્રજ્ઞાએ હવે આ ઘર માટે ભેખ લઈ લીધો હતો.

આઠેક વર્ષ પછી એક વખત પ્રજ્ઞાને એની સંસ્થામાં ફોન મળ્યો :

'હું તને... તમને મળવા માગું છું.'

પ્રજ્ઞા ઓળખી ગઈ.

આશુતોષનો ફોન હતો.

પ્રજ્ઞાએ કહ્યું :

'મળવું હોય તો સાંજે ઘેર આવો. મમ્મી -પપ્પા પણ હશે.'

'ના, હું તને એકાંતમાં મળવા માગું છું.'

'ત્યાં એકાંત જ હશે. આપણે બેડ-રૂમમાં બારણું બંધ કરીને વાતો કરીશું, અથવા અગાસીમાં બેસીને એકલાં વાતો કરીશું... તમને કદાચ ખબર નહિ હોય, તમારા ગયા પછી મમ્મી-પપ્પાએ મને દીકરી જ ગણી લીધી છે. મારી બધી હોંશ પૂરી છે. જો હું ઘરમાં કોઈ પરાયા પુરુષ જોડે એકાંતમાં વાત કરવા ઈચ્છું તો મને ના નહિ પાડે. મારા પર એમને પૂરો વિશ્વાસ છે અને તમે એ ઘર માટે થોડા પરાયા કહેવાઓ ?'

'પણ... પણ... ત્યાં આવતાં પગ નહિ ઊપડે.'

'તો એક કામ કરજો. ઘર આગળના કૉર્નર પર બસ સ્ટૅન્ડ પર તમે સાંડે સાડા છ વાગે ઊભા રહેજો. હું અહીંછથી છૂટીને ત્યાં આવી જઈશ. પછી સાથે ઘેર જઈશું.'

'પણ એના કરતાં આપણે કોઈ હોટલમાં નિરાંત બેસીને...'

'ના,' પ્રજ્ઞાએ કહ્યું. 'મારે મમ્મી-પપ્પાની આબરૂનો વિચાર કરવો જોઈએ ને... અને હવે તો હું આ સંસ્થાની સામાજિક કાર્યકર છું. અહીં હોદ્દો ધરાવું છું, એટલે... મળવું હોય તો સાંજે ઘેર જ આવો...'

સાંજે ખુદ પ્રજ્ઞા આશુતોષને લઈને ઘેર આવી ત્યારે મંજરીબહેન તો વિચારમાં પડી ગયાં, પણ મંજરીબહેન કંઈ પૂછે, બોલે તે પહેલાં પ્રજ્ઞા એને બેડરૂમમાં લઈ ગઈ. ત્યાં આશુતોષને બેસાડી, એને માટે ચા-નાસ્તો લેવા રસોડામાં આવી અને ધીરેથી મંજરીબહેનને ત્યાં બોલાવી કહ્યું :

'મમ્મી, 'એ' આવ્યા છે. મને મળવા માગે છે, મેં એને ઘેર મળવા કહ્યું, પણ અહીં આવતાં એના પગ ભારે થઈ જતા હતા પણ હું મક્કમ રહી એટલે 'એ' અહીં આવ્યા છે. હજુ સુધી અમે બન્નેએ કશી વાત કરી નથી, પણ અમે અંદર બેઠાં છીએ, પપ્પાજી આવે ને ચિડાય કે નારાજ થાય તો... તમે સંભાળી લેજો...'

પ્રજ્ઞા ચા-નાસ્તો લઈ બેડરૂમમાં ગઈ અને અંદરનો દરવાજો બંધ કરી દીધો.

રાતના સાડા આઠ સુધી બન્ને વાતો કરતાં રહ્યાં.

પછી બેડરૂમનો દરવાજો ખોલી બન્ને બહાર નીકળ્યાં.

બહાર હીંચકા પર બેઠેલા મધુકરબહેન સામે જોયા વિના બન્ને બહાર નીકળી ગયાં.

થોડી વાર પછી પ્રજ્ઞા ઘેર આવી કે મધુકરભાઈએ પૂછ્યું –

'ક્યાંથી ફૂટી નીકળ્યો આ કુળદીપક ? આટલાં વરસ પછી એને વળી તું ક્યાંથી યાદ આવી ?'

'તમે ચિડાઓ નહિ તો, પપ્પાજી તમને કહું.'

'એમને હવે ભારોભાર પસ્તાવા થયો છે. દુનિયાની ઘણી ઘણી ઠોકરો ખાધી છે ને હવે વાસ્તવિકતા સમજાઈ છે. એણે મને આ આટલાં વરસની બધી વાતો કહી છે. બહુ લાંબી વાતો છે એ બધી. તમને બન્નેને નિરાંત કહેવા જેવી છે, પણ જો ટૂંકમાં આશુતોષ જોડે થયેલી વાતોનો સાર કહી દીધો.

પ્રજ્ઞાની વાત સાંભળી મધુકરભાઈએ મંજરીબહેન સામે જોયું.

મંજરીબહેન કહ્યું :

'આપણે તો પ્રજ્ઞાને દીકરી માની છે ને માનીશું. માબાપ તો સંતાનની મરજીનો જ વિચાર કરે. એટલે બેટા, તું શું ઈચ્છે છે ?'

'હું શું કહું ?' પ્રજ્ઞાએ નીચી નજર રાખીને મલકાઈને કહ્યું : 'પાછી દીકરીમાંથી વહુ ન બની જાઉં એ તમે જોજો. બાકી, આખરે એ તમારા દીકરા જ છે ને !...' કહી પ્રજ્ઞા અંદર ચાલી ગઈ.

❖❖❖

## સુખી જીવન માટેના ચાર સૂત્રો

**નંદલાલ ગઢીયા**

સુખી જીવન માટે ચાર સુત્રો છે પ્રથમ વસ્તુનો ''આગ્રહ'' ન રાખો. જે મળે તેને પ્રસાદ સમજી સ્વીકારી લો. બીજુ વાણીથી ''વિગ્રહ'' ન કરો કારણ કે મોમાંથી એકપણ શબ્દ ખોટો નીકળી જાય તો રામાયણને બદલે મહાભારત થઈ જાય. ત્રીજુ સંપત્તિનો કદિ ''સંગ્રહ'' ન કરો કારણ કે વધુ સંઘરો અને વધુ સંબંધ આખરે દુ:ખનું કારણ બને છે. ચોથું કોઈપણ વ્યક્તિ પ્રત્યે ''પૂર્વગ્રહ'' રાખી વ્યવહાર ન કરો. કારણ કે ક્યારેક રાતોરાત દોસ્ત દુશ્મન બની જાય છે અને દુશ્મન દોસ્ત.

ઉપરના ચાર સૂત્રો જીવનમાં અપનાવવાથી જીવન જીવવાની અનેરી મજા આપણે માણી શકીએ છીએ.

# નખ્ખોદ આપજે

ધીરૂભાઈ મીરાણી

વર્ષો પહેલાં નાની વયે વાર્તા વાંચી હતી. લેખકનું નામ તથા વાર્તાના પૂરા શબ્દો યાદ નથી, પરંતુ લગભગ સ્વ. રામનારાયણ પાઠકની વાર્તા હતી.

સૌરાષ્ટ્રના રજવાડામાં એક દાનવીર શ્રેષ્ઠી રહેતાં હતાં. એ જમાનાની દોમ દોમ સાહેબી, પાણી માગતા દૂધ મળે તેટલી અઢળક દોલત. રાજ્યમાં ક્યાંય પમ કુદરતી આફત આવી પડે તો પોતાના ભંડાર સમસ્ત માનવજાત, અબોલ પશુપંખીઓ માટે ખુલ્લા મૂકી દેતા. ચારે બાજુ સખાવતનો ધોધ વહેવડાવતા રાજ્ય પર કોઈ આફત આવે તો રાજવીના પડખે પણ સતત ઉભા રહેતા. લક્ષ્મીદેવીની કૃપા તથા વેપારની તેમની કુનેહથી તેમના ભંડાર હંમેશા ભરપૂર રહેતા. આવા દાનવીર, ગરીબોના બેલી દંપતીને એક શેર માટીની ખોટ હતી. આટલી અઢળક સંપત્તિનો વારસદાર કોઈ ન હતો. તે જમાના પ્રમાણે વૈદોની દવા કરી, ભૂવાઓને બતાવ્યું, મંત્ર, તંત્ર, દોરા-ધાગા બધું કરી ચૂક્યા. પણ કંઈ પરિણામ ન આવ્યું. આંગણે આવતા સાધુસંતોને રીઝવતા પણ કોઈના આશીર્વાદ ફળીભૂત થયા નહીં. એક વખત કોઈ સાચા સંતના પગલાં થયાં, તેમણે તેમને પોતાની કુળદેવીની સાચા દિલથી ઉપાસના કરવાનું સૂચવ્યું. અનુષ્ઠાન બતાવ્યા અને અનુષ્ઠાન પૂર્ણ થાય પછી કુળદેવી ખોડીયાર માતાના દર્શને પગપાળા યાત્રા જવાનું સૂચન કર્યું. શેઠ-શેઠાણીએ ખૂબ જ નિષ્ઠાપૂર્વક સાધના કરી. અનુષ્ઠાન પૂર્ણ કરીને પેઢીનો કારભાર મુનીમને સોંપીને બંને જણાં પગપાળા મા ખોડીયારને મળવા તથા પ્રસન્ન કરવા નીકળ્યા.

લાંબી મંઝીલ કાપીને એક જગ્યાએ પડાવ નાખ્યો. ઝાડના છાંયે બેઠા, બાજુમાં જ પાણીથી ભરપૂર વાવ (પગથીયાવાળો કૂવો) હતી. શેઠાણીને બેસાડી હાથમાં લોટો લઈ શેઠ વાવમાં પાણી ભરવા માટે નીકળ્યા. વાવના પરિસરમાં દાખલ થતાં જ પહેલા પગથીયે જે દાતાએ વાવ બંધાવી હતી તેના નામની તક્તી હતી. તેની પાસે દાઢીમૂછ વધેલો એક પુરુષ બેઠો હતો. તેણે શેઠને વાવમાં જતાં અટકાવ્યા. શેઠે પૂછ્યું, ''આ તો સાર્વજનિક વાવ છે, તું કેમ અટકાવે છે?'' પેલા પુરુષે કહ્યું, ''આ વાવ મારા બાપદાદાએ બંધાવી છે. તેઓ તો ઈશ્વરના દરબારમાં પહોંચી ગયા, પણ હવેથી આ વાવમાં મફત પાણી મળતું નથી, તમે બે દોકડા આપીને પાણી ભરી શકો છો.''

શેઠને ખૂબ આઘાત લાગ્યો. કોઈ દાતા-શ્રેષ્ઠી જેણે સખાવત કરીને વટેમાર્ગુઓની આંતરડી ઠારવા આવી સુંદર વાવ બનાવી તેનો વંશજ આવો નપાવટ અને નરાધમ. પાણીની પરબ બાંધવાના બદલે પાણીનું વેચાણ કરે છે. બે દોકડા આપી, પાણી તો ભર્યું, પણ ગળા નીચે રોટલાનું બટકું અને પાણીનો ઘૂંટકો ઉતરે નહીં. શેઠાણીને બધી વિગત જણાવી તેઓ પણ આ વાતથી ખૂબ દુ:ખી થયા. આપણો કોઈ વંશ જ આવો પાકે તો? પાણી હાટડી માંડનાર આ નરાધમના પુણ્યશાળી વડીલોના આત્માને કેવું દુ:ખ થતું હશે?

પદયાત્રા પૂર્ણ કરીને મા ખોડીયારના મંદિરે પહોંચ્યા. રસ્તામાં બન્ને જણે એકબીજા સાથે મા પ્રસન્ન થાય તો શું માગવું, તે પણ વિચારી રાખ્યું. આંગણે આવેલા સંતે બતાવેલ વિધી પ્રમાણે મા ખોડીયારને પ્રસન્ન કરવાના પ્રયત્નો આરંભ્યા. કહેવાય છે, મા ખોડીયાર આ દંપતી પર પ્રસન્ન થયાં અને વરદાન માગવાનું કહ્યું, પતી-પત્ની બન્નેએ એકમેક સામે જોયું, બંનેને વાવ પાસે બેઠેલો નરાધમ યાદ આવ્યો અને મા પાસે હાથ જોડી બંને જણાએ માગ્યું - **''મા, અમને નખ્ખોદ દે''**

સમાજની તથા રાષ્ટ્રની રોજ બરોજ કથળતી હાલત જોઈને આ વાર્તા યાદ આવી ગઈ. રાષ્ટ્રના કેટલાયે નવ લોહીયાએ ભારતની આઝાદી માટે લોહી રેડ્યું, મહાત્મા ગાંધીના માર્ગદર્શન નીચે કાર્ય કરનાર કેટલાય નામી-અનામી નેતાઓ સાદગી, ગરીબી અને કરકસરથી જીવ્યા. સ્વ. લાલબહાદુર શાસ્ત્રી જેવા વડાપ્રધાન પાસે તો બચતખાતામાં પણ નજીવી મૂડી હતી – તેની સામે અત્યારે સત્તા લાલચુ નેતાઓ, પૈસા માટે બદલાતી પ્રમાણીકતાઓ, લોકસભા, વિધાનસભામાં પ્રજાહિતના પ્રશ્નો પૂછવાના બદલે ઉદ્યોગપતિઓના હિત માટે કામ કરતા સત્તાના દલાલો આ દેશને ક્યાં લઈ જશે? હરેક સમાજમાં દાનવીર શ્રેષ્ઠીઓએ સમાજના આમ આદમી માટે મહાજનવાડીઓ બનાવી છે. આરોગ્ય, શિક્ષણ, મહિલા ઉત્કર્ષ માટે ગરીબોના રહેઠાણ માટે ટ્રસ્ટો બનાવ્યા છે. સમાજના સહકારથી ઉભી થયેલ આ સંસ્થાઓ તથા ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ, તેમના વારસદારો માલિક બની બેઠા છે. આમ જનતાને સહાય આપવાના બદલે હરેક રાહત કાર્યોમાં તથા મહાજનવાડીની મોનોપોલીમાં પોતાના ભાગ રાખીને સંપત્તિ એકઠી કરે છે. કાળઝાળ મોંઘવારીમાં બે છેડા ભેગા કરનારને જ્યારે આરોગ્ય કે શિક્ષણ માટે સહાયની જરૂર પડે છે, ત્યારે તેને ચલકચલાણી કરીને ધક્કા ખવડાવાય છે. સમાજના શ્રેષ્ઠીઓ પંચતારક હોટેલોમાં, એ.સી. હોલમાં, કોકટેલ ડીનર લેતાં લેતાં સમાજ કલ્યાણની યોજના દ્વારા ોતાના પરિવારની કલ્યાણ યોજના વિચારતાં હોય છે, ત્યારે લાગે છે આપણા એ પુણ્યશાળી વડીલોનો આત્મા સ્વર્ગમાં ધિત્કાર કરતો હશે – આ નપાવટો કરતાં પરમાત્મા પાસે નખ્ખોદ માગ્યું હોત તો?

❖❖❖

# મારી અડધી જિંદગી તો હજી બાકી છે ને ?

અવંતિકા ગુણવંત

''મમ્મી, હું નિવૃત્ત થવાનું વિચારી રહ્યો છું.'' દીકરા મેધાવિને અનંતાબહેનને કહ્યું.

''શું શું કહ્યું તે ?'' દીકરાના બોલાયેલા શબ્દો અનંતાબહેને બરાબર સાંભળ્યા હતા, છતાં એમણે આઘાતજનક અચંબાથી પૂછ્યું. એમને જાણે એમના કાન પર વિશ્વાસ ન હતો બેસતો. દીકરો વરસેદહાડે ચોખ્ખા સિત્તેર લાખ કમાય છે, - ઈન્કમટેક્સ ફ્રી. ઉપરાંત કેટલી બધી સત્તા અને સગવડો ! દુનિયાના વિવિધ દેશોમાં એ કેટલી બધી વાર જઈ આવ્યો. બધો ખરચો કંપીનીનો, બધી વ્યવસ્થા કંપની કરી આપે. એને તો બિઝનેસ સંભાળવાનો. પોતાની બધી ટેલેન્ટનો દીકરો દિલ દઈને ઉપયોગ કરી શકે છે. તેથી તો એને જોબ સેટીસ્ફેક્શ છે, એનાં માનમોભો છે. એની તંદુરસ્તી સારી છે, નખમાંય રોગ નથી. જ્યારે જુઓ ત્યારે તાજગીસભર અને પ્રફુલ્લિત અને એની ઉંમરે શું છે ? પૂરા અડતાળીસે નથી થયા, અને નિવૃત્ત થવાનું એ વિચારે છે ? અત્યારથી નિવૃત્ત ? હજી તો એ યુવાન છે. શરીર અને મનથી પૂરેપૂરો યુવાન અને નિવૃત્ત થઈને એ કરશે શું ? સાઈઠ વરસે નિવૃત્ત થનારે નિવૃત્તથી થાકી જાય છે. તો મેધાવિન શું કરશે ? એનો દીકરો ય કૉલેજમાં છે, પોતાની જવાબદારી સમજે છે, પૂરી ગંભીરતાથી સારી રીતે એ ભણે છે. મેધાવિનના માથે ઘરની કોઈ જવાબદારી નથી. એની પત્ની સ્વરૂપા કાર્યદક્ષ ગૃહિણી છે. એનો નાનકડો સંસાર સુપેરે ચલાવે છે. સંસારમાં સુખ, સુખને સુખ છે તો પછી આવો નિર્ણય શું કામ ? શું કામ મેધાવિન નિવૃત્ત થવાનું વિચારે છે ? અનંતાબહેનના હૈયે હજાર પ્રશ્નો ઉદ્‌ભવ્યા. એમણે દીકરાને પૂછ્યું, ''જોબમાં કોઈ પોલિટિક્સ રમાય છે ? 'ટાંટિયાખેંચ થાય છે, મન નારાજ થઈ



જાય છે ? તનાવ અને ખેંચ છે ? તું થાકી ગયો છે ?...''

પોતાની મમ્મીની ચિંતા જોઈને એની પ્રશ્નાવલિ પૂરી થાય એ પહેલાં જ મેધાવિન બોલ્યો, ''ના, મમ્મી ના. તું અનુમાન કરે છે એવું કંઈ નથી, પણ મને નિવૃત્તિની મઝા માણવાનું મન થયું છે.''

''એવું તે મન કદી થતું હશે ?''

''કેમ ન થાય ? શું કોઈ કાયદો આપણને જબરજસ્તીથી ફરજિયાતપણે ઘેર બેસાડે તો જ બેસવાનું ? મમ્મી, મારી પાસે પૂરતા પૈસા છે, જરૂરત કરતાં ક્યાંય વધારે છે. હવે હું નોકરી છોડી દઈશ તોય મારું જીવનધોરણ તો આજ રહેશે. હું અને સ્વરૂપા સવાસો વરસનું આયુષ્ય ભોગવીએ તોય કંઈ વાંધો નહિ આવે. પૈસાની ખેંચ નહીં પડે, મારા દીકરાનેય ક્યારેય ખેંચ નહિ અનુભવવી પડે.''

મમ્મી, ઈશ્વરે મને આટલું બધું આપ્યું હોય તોય મારે કમાયા જ કરવાનું ? શું કામ ? હું કોઈ યંત્ર છું કે પૈસા જ કમાયા કરું ? આપણે માત્ર કમાવા જ જન્મ લીધો છે ? મમ્મી પૈસાતો સાધન છે. તને ખબર છે ને કે મને સંગીતમાં કેટલો ઊંડો રસ છે ? હું સ્કૂલમાં હતો ત્યારે શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરતો હતો. મારે તો સંગીતમાં જ આગળ ને આગળ વધવું હતું પણ તે અને પપ્પાએ મને પ્રેક્ટિકલ થવાનું કહ્યું. અને મેં તમારી સલાહ માની, મોટી ડિગ્રી લીધી, કમાયો અને અડધી જિંદગી તમારી ઈચ્છા મુજબ જીવ્યો. હવે મને મારું મન કહે એ રીતે જીવવાની રજા આપ.'' આર્દ્ર સ્વરે મેધાવિન બોલ્યો.

દીકરાનો સ્વર માને સ્પર્શ્યો. એમને યાદ આવ્યું, મેધાવિન માત્ર દોઢ વરસનો હતો ત્યારે રમતો હોય અને સંગીતના સૂર સંભળાય તો એ રમવાનું બંધ કરીને સંગીતમય થઈ જતો, એના હાથ તાલ આપતા હોય, એક આસને એક ચિત્તે એ સંગીત જ સાંભળતો હોય, અને લીન થઈને ડોલતો હોય. આ જોઈને દાદાએ કહ્યું હતું કે આપણો દીકરો કોઈ સામાન્ય જીવ નથી. ગાય ભવની એની સંગીત સાધના અધૂરી રહી ગઈ છે, એ આ જન્મે પૂરી કરશે. આ સાંભળીને અનંતાબહેનના હૈયે ધ્રાસ્કો પડયો હતો, તે શું મારો દીકરો ભણશે નહિ, આખી જિંદગી તાનપૂરો ને હાર્મોનિયમ લઈને રાગડા તાણશે ? શું એ કમાશે નહિ ? તો

તો અમારા જેવી સંકડાશભરી એની જિંદગી જશે. અભાવ અને અછત. મન મારીને જીવવાનું, ક્યાંકથી અપમાન અને કયાંકથી અવગણના મળશે. કયાંયથી આવકાર નહિ મળે, બધેથી જાકારો, ક્યાંય માન સન્માન નહિ. પ્રતિષ્ઠા નહિ. સાવ તુચ્છ જિંદગી ! અનંતાબહેન સાવ ઉદાસ ઉદાસ થઈ ગયાં. એમના હૈયે તો ઉલ્કાપાત મચી ગયો. બીજી બાજુ જે જુએ છે કે રેડિયો કે ટી.વી. પર મેધાવિન સંગીત સાંભળે અને એનો ચહેરો, ખીલી ઊઠે. એના કામ તો એટલા કેળવાયેલા કે એ બોલતો થયો એ પહેલાં લયબધ્ધ ગાતો થઈ ગયેલો. મિનિટો સુધી એ મધુર કંઠે ગાયા કરતો. મેધાવિનને ઊંઘવું હોય ત્યારે મમ્મી હાલરડું ગાઈ એને ઊંઘાડે એની રાહ એ ન જોતો, એ જાતે જ આ...આ...આ... ગાતા ઊંઘી જતો. દાદી કહેતાં આનું નામ તો મેધાવિન નહિ પણ આલાપ પાડવું જોઈએ. મેધાવિનના પપ્પા શ્રીરાજ ભાઈ કહેતા. આપણો દીકરો સંગીત માટે જ જન્મ્યો છે. એને સંગીતથી દૂર કરાય જ નહિ. સંગીત એનો પ્રાણ છે.

પણ અનંતાબહેનનું મન માન્ય નહિ. એમનો આગ્રહ હતે કે મધાવિને કોઈ મોટી પ્રોફેશનલ ડિગ્રી લેવી જ જોઈએ, અને કમાવવું જોઈએ જ. આપણા જેવી જિંદગી એ જીવે તે મને મંજૂર નથી. અને આજ્ઞાંકિત મેધાવિન પોતાની માને સંતોષ આપવા ભણ્યો. લાખો કરોડો કમાયો. માના ચરણે ધનનો ઢગલો કર્યો. માની કોઈ ઈચ્છા એણે બાકી નહોતી, રાખી. એણે કહ્યું હતું. ''આ પૈસાની હિસાબ રાખવાની કોઈ જરૂર નથી, મમ્મી, તારી બધી મનોકામનાઓ પરી કર. તું ગણતરી ના કરીશ.'' 'તારા મનનાં અરમાન પ્રમાણે જીવ.'' દીકરાના મોંએ આ વાત સાંભળી અનંતાબહેનનુ હૈયું અને આંખ બેઉ ભીંજાયાં. એ બોલ્યાં, ''હા, બેટા હવે તું મન ભરીને સંગીતની સાધના કર, આટલા વરસો મેં તારી સાધનામાં વિક્ષેપ નાખ્યો બેટા, તારી અણસમજુ માએ તને બહુ દુઃખી કર્યો. હું તને સમજી જ ન શકી.''

મેધાવિન બોલ્યો, ''મા, તું આ શું બોલે છે ? તેં તો મને ખૂબ પ્રેમ આપ્યો છે અને કાયમ મારું ભલું જ વાંછ્યું છે, આ દુનિયામાં પૈસાનું મહત્ત્વ છે, એના માટે તે આગ્રહ રાખ્યો એમાં કંઈ ખોટું નથી અને સંગીત માટે હજી અડધી જિંદગી બાકી છે. તેં મારી જિંદગીને જે માર્ગે વાળી એ માટે મને કોઈ ફરિયાદ નથી. અફસોસ નથી. માટે તું જરાય જીવ ન બાળીશ.''

અનંતાબહેને ઈશ્વરનો આભાર માન્યો કે એમને આટલો પ્રેમાળ અને સમજદાર દીકરો આપ્યો છે.

❖❖❖

# પાણી ગરમ મૂકો

**સંત 'પુનિત'**



વેપારીનું પેટ કદીયે કળાય નહિ. વેપારીનું સદાયે પડખું સેવનારી એની પત્ની પણ ન કળી શકે. તો પછી બીજા સામાન્ય માણસનું તો ગજું જ કેટલું ? એક વેપારી રજાના દિવસે ઘેર બેઠા બેઠા ચોપડામાંથી ઉઘરાણીનો ઉતારો ઉતારી રહ્યાં હતા ત્યાં જ એમને આંગણે સાયકલની ઘંટડી રણકી ઉઠી. વેપારી ભાઈએ ગાદી-તકિયે બેઠાં બેઠાં જ પૂછ્યું : કોણ ?

'શેઠજી. તમારો તાર આવ્યો છે.' કહીને કુરિયરવાળાએ તાર મળ્યાની સહી ભરવાનું ફોર્મ વેપારી ભાઈ પાસે મૂક્યું.

વેપારીએ ફોર્મ પર સહી કરી. તારનું કવર તોડ્યું. પછી તાર વાંચવા માંડ્યો. તારની ડિલિવરી કરી, કુરિયરવાળો તો ત્યાં ને ત્યાં જ ઉભો રહ્યો. એના મનમાં એમ કે કોઈ ખુશાલીનો હોય તો શેઠ પાસે બક્ષિસ માંગુ. તાર વાંચતા વાંચતા જ વેપારીની મુખમુદ્રા ગંભીર બની ગઈ. બેઠકરૂમમાંથી પત્નીને સાદ પાડતા વેપારી બોલ્યો : 'અરે સાંભળ્યું કે ? સ્ટવ પર પાણી ગરમ મૂકો.'

સ્ટવ પર પાણી ગરમ મૂકવાની વાત સાંભળતા જ કુરિયરવાળાની આશા નિરાશામાં પલટાઈ ગઈ. બક્ષિસની આશા પડતી મેલી એ વિદાય થયો.

કુરિયરવાળો સાયકલ પર બેસીને વિદાય થયો ત્યાં જ વેપારીના શ્રીમતીજી રસોડામાંથી ડોકિયું કરતા બોલ્યા : 'કેમ, કોઈના સ્વર્ગવાસના સમાચાર છે. સ્ટવ પર પાણી ગરમ થવા મૂકી દીધું છે.

'તો પછી એમાં ચા, ખાંડ અને દૂધ નાખી દે, આપણો બાબો પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો છે. ખુશાલીનો તાર છે.'

વેપારી કેવા પાકા હોય છે. પેલા કુરિયરવાળાને બક્ષિસના બે રૂપિયા ન દેવા પડે એ માટે કેવું નાટક કર્યું. પત્નીને હૈયે પણ એક વાર તો ફાળ પડાવી દીધો ને... પતિદેવની બુદ્ધિ પર વારી જતી પત્ની. પતિની સૂચનાનો અમલ કરવા માટે રસોડામાં પાછી ફરી.

❖❖❖



# પશ્ચાતાપ પારાવાર

**શરદ મણીયાર**

**સા**ન્તાક્રુઝ ના ડોમેસ્ટિક એરપોર્ટ પર બેંગ્લોર થી આવી રહેલી શિવાનીની રાહ જોઈ રહેલા અક્ષતના મનનો વલોપાત એની પરાકાષ્ઠાએ હતો. હૃદય ના કુરુક્ષેત્ર પર જાણે મહાભારતના યુદ્ધનું મંડાણ થઈ ચૂક્યું હતું. શિવાની સાથેના ફક્ત એક વર્ષના લગ્ન જીવનમાં આટલો જલ્દી અને આટલો મોટો ઝંઝાવત જાગશે એની એને કલ્પના પણ ન હતી. પણ હકીકત સ્વીકારવા સિવાય એની પાસે કોઈ રસ્તો જ ન હતો. અને એ જ હકીકતની વાસ્તવિકતા આજે એના જીવનનો ઉદ્વેગ બની ગઈ હતી ફક્ત એક જ વર્ષના લગ્ન જીવનનો આજે દુઃખદ અંત આવવાનો હતો એ વાત પણ એક વાસ્તવિક હકીકત હતી. શિવાનીને દૂરથી આવી રહેલી જોઈને અક્ષતના દિલની ધડકને હવે તેજ થઈ. શું વાત કરું અને કેવી રીતે શરૂ કરું એની અસમંજસમાં ખોવાઈ ગયો, પણ ત્યાં જ 'હાય અક્ષત, ધ્યાન ક્યાં છે તારું ?'. પાસે આવીને ઊભી રહેલી શિવાની ની આ ટકોર થી એકદમ સજાગ બની ગયો. અને વધુ કંઈક કહેવા જાય એ પહેલા જ શિવાનીએ એને આલિંગન આપી દીધું. જોકે અક્ષતને પણ ખૂબ જ ઈચ્છા થઈ કે એ એને એની બાહુપાશમાં જકડી રાખે પણ કમને એની પીઠ થપાવીને એનાથી દૂર થયો અને એને લઈને પાર્કિંગ તરફ જવા નીકળી ગયો.

ઘર જતા રસ્તામાં બંને ચૂપ હતા. અક્ષતના મન પર ભાર તો હતો જ પણ કેમ જાણે આજે શિવાની પણ પહેલા જેવી મૂડમાં નહોતી લાગતી, જાણે કોઈક અજ્ઞાત પ્રકારની હતાશા અને ઉદાસી એના ચહેરા પર દેખાય રહી હતી. આમ તો અક્ષતે મનોમન તૈયારી કરી જ લીધી હતી પણ વાતની શરૂઆત કેમ કરવી એની મૂંઝવણમાં હતો જે શિવાની પણ અનુભવી રહી હતી એટલે હવે એણે જ ચૂપકીદી તોડી, 'શું વાત છે અક્ષત, કેમ આજે તું બહુ જ ગંભીર છે ?'. 'ગંભીર તો તું પણ છે અને કદાચ બહુ જ ચિંતિત હોય એવું પણ લાગે છે'. અક્ષતે સામો પ્રશ્ન કર્યો. 'હુંમ'. શિવાનીએ ફક્ત હાકારો ભણ્યો તો અક્ષતે વાત આગળ વધારી, 'તો તું સાચે જ કોઈ વાતથી વિચલિત છે ખરું ને ?'. 'નોટ એક્ચ્યુલી, બટ યસ, થોડીક ચિંતામાં છું'. 'કોઈ વિશેષ કારણ તારી આ ચિંતાનું ?' અક્ષતના આ પ્રશ્ને શિવાનીને થોડી વધુ ગંભીર કરી દીધી. 'નહીં બસ એ જ રૂટિન ઓફિસના લોકોની સાથે મગજમારી'. શિવાનીએ ખુલાસો આપ્યો પણ હવે અક્ષત ને પોતાના મુદ્દા પર આવવાનો મોકો મળી ગયો, 'ઓફિસના લોકો સાથે કે તારા બોસ સાથે કોઈ મગજમારી થઈ છે ?'. 'એક્સક્યુઝ મી' ?. શિવાનીએ થોડા ગુસ્સાના સ્વરમાં અને ગુંચવણ ભરી નજરે અક્ષત ને પૂછ્યું, 'તું કહેવા શું માંગે છે ?'. 'શું તારા પ્રિય બોસ સાથે આજે કંઈ મોટું મન દુઃખ થયું છે કે શું ?'. આ સાંભળીને શિવાની નો ગુસ્સો એની વાણીમાં પ્રવેશ્યો, 'વોટ ડુ યુ મીન બાઈ ધેટ ? મારે અંશમન સાથે શું મન દુઃખ થઈ શકે છે અને મારો પ્રિય બોસ આ ટોણાનો અર્થ શું છે ?' અક્ષત ચૂપ રહ્યો. એના આ સવાલનો જવાબ દેવાનું ટાળ્યું. પણ શિવાનીના મનની દોષિત લાગણી એના પર હાવી થઈ એટલે થોડીક ઉગ્ર થઈને એણે પાછો એજ પ્રશ્ન કર્યો. પણ હવે અક્ષતે પોતાના મનની વાત કહેવાની શરૂ કર્યું, 'શિવાની આપણને મન દુઃખ પણ એની સાથે જ થાય જે આપણા મનની સાથે હોય, ખરું ને ?'. 'અક્ષત, આમ ગોળ ગોળ વાત કરવા કરતા સીધો મુદ્દા પર આવને કે તું શું કહેવા માંગે છે ?' શિવાનીની અકળામણ હવે એના ચહેરા પર સ્પષ્ટ નજર આવી રહી હતી. 'હું જે કહેવા માંગુ છું એ તુંજ કહી દે ને તો મારા માટે પણ વાત સરળ થઈ જાય, શું ચાલી રહ્યું છે તારા અને તારા પ્રિય બોસ અંશુમાન વચ્ચે ?'. અક્ષતના આકરા પ્રહારથી શિવાની હતપ્રભ થઈ ગઈ, એની વાણી અને વર્તનમાં ધ્રુજારી આવવા લાગી તેમ છતાં પોતાની વાત પર અડી રહી, 'અક્ષત, પોતાની પત્ની વિશે આવું વિચારતા અને બોલતા તને શરમ નથી આવતી ?' 'હા, પહેલા તો આ વાત વિચારતા મને જરૂર શરમ આવી હતી પણ જ્યારે હું આ હકીકત જાણી ચૂક્યો છું તો પણ તને શરમ નથી આવી રહી એ જ તાજુબની વાત છે'. 'યુ મીન તું સીધે સીધું એમ કહેવા માંગે છે કે મારી અને મારા બોસ વચ્ચે અફેર ચાલે છે' ? શિવાની હવે ગૂંગળાઈ રહી હતી. તો અક્ષતે કહ્યું કે, 'તારો

આ પ્રશ્ન જ તારો ઉત્તર છે'? આ સાંભળીને શિવાની વધુ ઉગ્ર સ્વરે બોલી, 'વોટ નોનસેન્સ. શું પુરાવો છે તારી પાસે મારા ઉપર આટલું મોટું લાંછન લગાવવાનો ?' 'પહેલો પુરાવો તારા ફફડી રહેલા હોંઠ અને પેટમાં ભભૂકી રહેલી ચિંતા ની ચિતા. અને આટલું જ અગર પૂરતું ન હોય તો હવે તમારા બંનેના કાળા કરતુતો ના દસ્તાવેજી પુરાવા પણ છે મારી પાસે લે, આ એક દસ્તાવેજ વાંચ'. એમ કહીને અક્ષતે શિવાનીને એક ઈમેલ ની પ્રિન્ટ આઉટ આપી, એ વાંચતા જ શિવાનીના માથે જાણે વીજળી ત્રાટકી હોય એટલી હદે આઘાત પામીને પોતાની પહોળી થઈ ગયેલી આંખે અક્ષતને જોવા લાગી એટલે હવે અક્ષતે વધુ આત્મવિશ્વાસ સાથે આગળ ચલાવ્યું, 'તમારી પ્રણય ગાથાને વર્ણવતો આ એક પ્રસંગ છે અને એના પર પણ જો વિશ્વાસ નથી બેસતો તો તમારી લવ સ્ટોરી નું આખું સ્ક્રીન પ્લે પણ મારી પાસે તૈયાર છે, જો એને વાંચવાની ઈચ્છા હોય તો તમારી સેવામાં હાજર કરી શકું છું.' અને હવે શિવાની પાસે શરણાગતિ સ્વીકારવા સિવાય કોઈ રસ્તો જ ન હોવા ખૂબ જ ગંભીર મુદ્રામાં આંખો બંધ કરીને ચુપ થઈ ગઈ. એટલે હવે અક્ષતે પોતાની અંતિમ સ્પષ્ટતા કરી, 'શિવાની, આપણા લગ્નના છ મહિના બાદ જ મને તારા વાણી, વર્તન અને વ્યવહાર પર વહેમ આવવાનું શરૂ થઈ ગયું હતું. કારણકે તું જ્યારે પણ તારા બોસ સાથે ફોન પર જે રીતે વાતો કરી રહી હતી અને અવારનવાર ઓફિસના કામકાજનું બહાનું બતાવીને એની સાથે અંગત-સંગત કરવા બેંગ્લોર જતી હતી અને પાછા આવ્યા બાદ ઘણા દિવસો સુધી આપણા વચ્ચે એક પતિ પત્ની તરીકેની નિકટતા લાવવાનું ટાળતી હતી એટલે ના છૂટકે મારે એક દિવસ તારો ઈમેલ એકાઉન્ટ હેક કરવો પડ્યો અને તારા અને અંશુમન ના બધા ઈમેલ વાંચ્યા ત્યારે હું ખૂબ જ ક્ષોભ અને આઘાતની પીડામાં સરી પડ્યો. તારા વિશે આવું સ્વીકારવું તો દૂર પણ વિચારવું પણ મારા માટે અશક્ય હતું પણ આજે આ હકીકત મારે સ્વીકારવી જ પડે છે'.

શિવાનીની બંધ આંખોમાંથી ધીરે ધીરે આંસુઓ ટપકવા લાગ્યા. એના હોઠથી પસાર થઈને ગળા સુધી આવી ગયા અને ગળા પર જાણે ભીંસ વધવા લાગી એટલે એ કંઈ જ બોલી શકી નહીં. પણ અક્ષતે વધુ પૂછ્યું, 'ક્યારથી આ બધું ચાલી રહ્યું છે'. શિવાનીએ પોતાનો ગુનો સ્વીકારી લીધો અને એ જ ગંભીર મુદ્રામાં આંખો બંધ કરીને બોલી, 'આપણા લગ્ન પહેલાથી જ.' અક્ષત એકદમ હેબતાઈ ગયો, 'તો પછી મારી સાથે લગ્ન કેમ કર્યા, એની જ સાથે કેમ નહીં ?'. 'કારણકે એ પહેલાથી જ પરણેલો હતો'. અક્ષત હવે વધુ મૂંઝાયો, 'શું આ વાતની જાણ તારા મમ્મી પપ્પાને છે કે પહેલાથી હતી જ ?' 'મારા મમ્મી પપ્પા ને જ્યારે આ વાત જાણી ગયા હતા ત્યારે તેઓએ મને અંશુમનથી દૂર કરવાની ખૂબ જ કોશિશ કરી હતી પણ એનાથી દૂર રહેવું મારા માટે શક્ય ન હતું એટલે એમણે વિચાર્યું કે જો મારા લગ્ન બેંગ્લોર ની બહાર કોઈ બીજી જગ્યાએ કરાવી દેવામાં આવે તો મારા મન પરથી અંશુમનનું ભૂત ઉતરી જશે એટલે મારી ઈચ્છા વિરુદ્ધ તમારી સાથે લગ્ન કરાવ્યા, પણ હું અંશુમનને ભૂલી નહતી શકતી એટલે કામકાજના બહાને અવારનવાર એને મળવા બેંગલોર જતી રહેતી, પણ, 'અને આટલું બોલીને એ એક ક્ષણ માટે ચૂપ થઈ ગઈ અને પછી રડમસ ચહેરે આગળ બોલી, 'પણ કોણ જાણે કેમ, જેમ તમને અમારા અફેર ની જાણ થઈ ગઈ એમ અંશુમનની પત્ની ને પણ આ વાતની જાણ થઈ ગઈ અને એણે આજે અમને અમારી હોટલની રૂમમાં રંગે હાથે પકડી લીધા, બહુ મોટો તમાશો કર્યો જેથી હું તરત જ ત્યાંથી નીકળીને અહીં આવવા રવાના થઈ ગઈ'. આ સાંભળીને અંશુમન મનોમન બોલ્યો, 'એની વાઈફને મેં જ તમારા કાળા કરતુતો થી અવગત કરી હતી'. પણ પછી બોલ્યો, 'ત્યાંથી ભાગીને પાછી મારી પાસે એ વિચારીને આવી છે કે આ વિશે ક્યારે હું જાણી નથી શકવાનો અને તમારી પ્રણયલીલા અવિરતપણે ચાલતી રહેશે, એમ જ ને ?'. 'ના, હવે અંશુમને પણ અમારા આ સંબંધ પર પૂર્ણવિરામ મૂકી દીધો છે અને પોતાનું લગ્ન જીવન બચાવવા માટે એણે એની વાઈફની માફી પણ માંગી લીધી છે'. 'ઓહ, પણ હું તને માફ નહીં કરીશ'. અક્ષત ના આ ઘટસ્ફોટ થી શિવાની ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી અને હાથ જોડીને બોલી, 'અક્ષત, પ્લીઝ એવું નહીં બોલ, મને એક મોકો આપ. હું તને વચન આપું છું કે આજ પછી અંશુમન સાથે ફરી પાછો ક્યારેય સંપર્ક નહીં કરું અને ક્યારે બેંગ્લોર નહીં જાવ, બસ આપણે બધું ભૂલીને નવેસરથી આપણું જીવન શરૂ કરીએ'. 'ના શિવાની, તારા જેવી સ્ત્રીઓ માફીને લાયક છે જ નહીં. તે તારા ભૂતકાળ ને સાથે રાખી ને મારી સાથે લગ્ન કર્યા, વર્તમાન કાળમાં પણ મારા કરતાં એની સાથે જ મન અને તન થી જોડાયેલી જ રહી અને આજે જો આ વાતની મને જાણ ન થઈ હોત તો તારો ભવિષ્ય કાળ પણ સદાય માટે એનામય જ રહેવાનો હતો. અગર આપણને કોઈ બાળક થતો તો એનો બાયોલોજીકલ બાપ હું કેવી રીતે

કહેવાતો. તારા ઉપર એક પત્ની તરીકેના મોહમાં અંધવિશ્વાસ રાખીને તને ફક્ત મારી જ સમજીને ખૂબ જ નિષ્ઠાથી પ્રેમ કર્યો હતો પણ એ વાતથી અજાણ હતો કે તારો ભૂતકાળ એ જ તારો વર્તમાન છે અને એ જ ભવિષ્ય પણ રહેવાનો છે એટલે તારી સજા એ છે કે તું હવે મારી જિંદગીથી સદાય માટે જતી રહે અને જેમ બને એમ જલ્દી તારી યાદ અને તારો ચહેરો હું ભૂલી જઈ શકું'.

શિવાનીના મસ્તક પર અક્ષતના એક એક શબ્દ હથોડાની જેમ વિંજાઈ રહ્યા હતા પણ મનોમન એણે કબૂલી લીધું હતું કે પોતાની નાદાની એના આખા જીવનનું દોઝખ બની ગઈ હતી. અને અક્ષત જેવા નિષ્ઠાવાન પતિને ગુમાવી ચૂકી હતી.

આ વાતની જાણ જ્યારે એણે એની મમ્મીને કરી તો એની મમ્મીએ પણ સ્પષ્ટપણે કહી દીધું કે, 'તારા ભાઈ અને ભાભી આ વાત જાણીને ખૂબ જ આક્રોશિત થયા છે અને એમણે તને અમારા ઘરે પાછી આવવા પર સખત પ્રતિબંધ લગાડી દીધો છે એટલે હવે તારે બીજે ક્યાં પણ જાવું હોય તો તું જઈ શકે છે પણ અમારી પાસે પાછી નહીં આવી શકે'.

શિવાનીને હવે સત્ય સમજાઈ ગયું હતું. પોતાના બોસ સાથે રાખેલા અનૈતિક સંબંધનો કરુણ અંત આવ્યો, લગ્નજીવન નું 'ક્રેશ લેન્ડિંગ' થઈ ગયું અને માવતર તરફથી જાકારો મળ્યો હતો. તો હવે એણે પારાવાર પશ્ચાતાપ રૂપે એક જીવતી લાશ બનીને જીવવાની સજા સ્વીકારી લીધી.

❖❖❖

# મોક્ષ પ્રાપ્તિની ચાર ગતિવિધિઓ પર વિચાર

જૈન શાસ્ત્રો અને ધર્મગ્રંથોમાં પણ જીવની ૮૪ લાખ યોનીઓ બતાવવામાં આવી છે. જીવની જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી તે ૮૪ લાખ યોનીઓને ૪ ગતિઓમાં વિભાજીત કરવામાં આવી છે. આ ચાર ગતિઓ નીચે પ્રમાણે છે.

**(૧) નરક ગતિ :** જીવનની અંતર કરેલા ખરાબ કર્મોને કારણ જીવ નરક ગતિને પ્રાપ્ત થાય છે. આ પૃથ્વીની નીચે સાત નરક છે જેની અંદર જીવે પોતાની આયુપર્યંત ઘનઘોર દુ:ખોને સહન કરવા પડે છે જ્યાંના દારૂણ દુ:ખોની એક ઝલક છાહઢાલા નામના ગ્રંથની અંદર કહી છે.

મેરૂ સમાન લોહ ગલ જાયે એસી શીત ઉષ્ણતા થાય. એટલે કે સુમેરૂ પર્વત સમાન લોખંડનો પીંડ પણ જ્યાંની ઠંડક તેમજ ઉષ્ણતાની અંદર ગળી જાય છે તેમજ 'સિન્ધુ નીર તે પ્યાસ ન જાયે તો પણ એક બુંદ લહાય' એટલે કે સમુદ્રનું પાણી પીવા જેવી તરસ લાગે છે પરંતુ પાણીનું એક ટીંપુ પણ નસીબ નથી થતું. આવા નારકીય કષ્ટોનું શાસ્ત્રોની અંદર વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે.

**(૨) તિર્યન્વ ગતિ :** જીવને પોતાના કર્મોને અનુસાર બીજી ગતિ પ્રાપ્ત થાય છે



તે તિર્યન્વ ગતિ છે. વધારે આરંભ પરિગ્રહ. ચાર કષાય અર્થાત ક્રોધ, મોહ, માયા, લોભ તેમજ પાંચ પાપ એટલે કે જૂઠ. અહિંસા, ચોરી, કુશીલ તેમજ પરિગ્રહની અંદર નિમગ્ન રહેવાવાળા જીવને તિર્યન્વ ગતિ એટલે કે વનસ્પતિથી લઈને બધી જ જીવ જાતિ તથા ગાય, ભેસ, હાથી, ઘોડા, પક્ષી વગેરે ગતિ પ્રાપ્ત થાય છે.

તિર્યન્વ ગતિના ઘોર દુ:ખ આ પ્રમાણે છે - છેદન ભેદન, ભુખ પ્યાસ, ભાર વાહન હિમ આતપ ત્રાસ, વધ, બંધન આદિક દુ:ખ ધને, કોટિ જીભ તે જાત ન ભને.

**(૩) મનુષ્ય ગતિ :** ત્રીજી ગતિ મનુષ્ય ગતિ હોય છે. જેની અંદર જીવ ઓછામાં ઓછા પાપ કરીને હંમેશા ધર્મધ્યાનની અંદર જીવન પસાર કરે છે. તેને મનુષ્ય ગતિ પ્રાપ્ત થાય છે. સમુદ્રની અંદર ફેંકેલા મોતીને જેવી રીતે પ્રાપ્ત કરવો અઘરો છે તેવી રીતે આ મનુષ્ય જીવન પણ ખુબ જ દુર્લભ છે જેને પામવા માટે દેવતાઓ પણ તરસે છે.

**(૪) દેવ ગતિ :** ચોથી ગતિ દેવ ગતિ હોય છે. આ પૃથ્વીની ઉપર ૧૬ સ્વર્ગ છે. જીવન પોતાના કર્મોને અનુસાર તે સ્વર્ગની અંદર ઓછી કે વધારે ઉંમર પ્રમાણે જઈ શકે છે. આને મેળવવો ખુબ જ દુષ્કર છે. હંમેશા નિસ્વાર્થ ભાવથી સ્વહિત તેમજ પરહિત સાધવાવાળો જીવ જ દેવગતિની ઉચ્ચતમ અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે ઉપરોક્ત ચાર ગતિઓ ઉપરાંત ૮૪ લાખ યોનીઓથી છુટકારો મેળવીને જ જીવ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે નહિતર નહિ. નહિતર માણસને આ જીવનમાં હંમેશા પાપ કાર્યોથી નિવૃત્ત રહીને તથા ધર્મ તેમજ સદ્દ્કર્મોમાં પ્રવૃત્ત રહીને મોક્ષ નહિ તો ઓછામાં ઓછું સદગતિઓ તથા મનુષ્ય ગતિમાં આગલો જન્મ થાય એવા કાર્યો કરીને જીવનને સાર્થક કરવું જોઈએ.

❖❖❖

# ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી

**રોહિત શાહ**

**આજે** એક વ્યવહારુ સત્ય તમારા કાનમાં કહેવું છે. એ સત્ય આ છે : ઈશ્વર અને ધર્મને કશી લેવાદેવા નથી. ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી. ઈશ્વર વગર ચાલે, ધર્મ વગર ન ચાલે. આપણે ધર્મને વળગવાને બદલે ઈશ્વરની પાછળ ખોટેખોટા પડી ગયા છીએ. ઈશ્વરની પાછળ દોડવાથી ધર્મ ન પણ મળે, પરંતુ ધર્મને વળગી રહેવાથી ઈશ્વર (જો હોય તો) મળ્યા વગર નહીં જ રહે, ગૅરન્ટી.

એક શ્રીમંત માણસ નાસ્તિક હતો. તેણે કદીયે મંદિર-દેરાસરમાં પગ નહોતો મૂક્યો. ઈશ્વર હોય તો તે તેની સ્તુતિઓ સાંભળીને રાજી થાય અને ભક્તને વરદાનો આપવા પહોંચી જાય એ વાત તેના દિમાગમાં નહોતી બેસતી. ઈશ્વરને પોતાની સ્તુતિઓ, નામસ્મરણ અને મંત્રજાપ કરાવવામાં વળી શાનો રસ હોય? આ શ્રીમંત માણસ ઈશ્વરના નામે કદી એક પૈસો પણ નહોતો ખર્ચતો. એક વખત તેની કારને ઍક્સિડન્ટ થયો. તેના બન્ને પગે ફ્રૅક્ચર થયાં. દોઢથી બે મહિના સુધી કમ્પ્લિટ બેડ-રેસ્ટ કરવાની ડૉક્ટરે તાકીદ કરી. આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહેવાની પનિશમેન્ટ થઈ હોય એવું તેને લાગ્યું. ઘરમાં મનોરંજનની ભરપૂર સગવડો હતી. સેવા માટે નોકર-ચાકરો ઘણા હતા. છતાં તે માણસ થોડા વખતમાં જ અકળાઈ ઊઠ્યો. એક રાત્રે તેના મનમાં સ્વાભાવિક પ્રશ્ન પેદા થયો કે મારે આટઆટલી સાહ્યબી છે, સુખ-સગવડો છે છતાં પગના ફ્રૅક્ચરને કારણે મને મારી જિંદગી બોજારૂપ અને ત્રાસદાયક લાગવા માંડી છે તો જે માણસને જન્મથી જ પગ નથી મળ્યા અથવા પોલિયો જેવી બીમારીમાં જેણે પોતાના પગ પર્મનન્ટ ગુમાવી દીધા છે તેની પીડા કેવી હશે? એમાંય જે માણસ ગરીબ હોય તેની ઉપાધિઓનો તો હિસાબ જ શી રીતે થાય?



અને એ જ ક્ષણે એ માણસે મનમાં નક્કી કર્યું કે સમગ્ર ભારતમાં શારીરિક રીતે અક્ષમ જેટલાં સ્ત્રી-પુરુષ હશે તેમને હું વિનામૂલ્ય કૃત્રિમ પગ આપીશ. એ માટે તેણે પ્રતિજ્ઞા લીધી. કરુણામાંથી પ્રગટેલો ધર્મ કદી ખતમ નથી થતો. પેલા શ્રીમંત માણસે કૃત્રિમ પગ અને વ્હીલચૅર બનાવવાની ફૅક્ટરી શરૂ કરી. ગામેગામ અને નગરેનગર ફરીને કૅમ્પ યોજ્યા. સ્થાનિક સંસ્થાઓની મદદ લઈને શારીરિક રીતે અક્ષમ હજારો લોકોને હરતા ફરતા થવાની શક્ય એટલી સગવડ કરી આપી. તમે જ કહો કે એ શ્રીમંત માણસ હવે કોઈ ખાસ તિથી-વારના દિવસે કોઈ નિશ્ચિત દેવ-દેવીના મંદિરે પગપાળા જાય નહી તોય તેને શો ફરક પડે? તે જીવનમાં ક્યારેય પાવાગઢ કે પાલિતાણાના ડુંગર ન ચડે તોય તેનું શું બગડી જાય? ઈશ્વરને મળવા માટે આપણે ઉઘાડા પગે દોડાદોડ કરવાની કશી જરૂર નથી. આપણે જીવનમાં એવાં કામ કરીએ જેથી જો ઈશ્વર હોય તો એ સ્વયં આપણને ભેટવા ઉઘાડા પગે દોડી આવે.

ગોંડલના રાજા ભગવતસિંહ એક વખત ખરા બપોરે ચાલતા ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી ઊભી હતી. તેણે મહારાજને ઓળખ્યા નહીં એટલે કહ્યું, 'ભાઈ, મને આ ઘાસનો ભારો માથે ઊંચકવામાં મદદ કરે ને!' ભગવતસિંહે તે વૃદ્ધાને ટેકો કરીને ઘાસનો ભારો ઊંચકાવ્યો. વૃદ્ધાએ ખૂબ આભારવશ થઈને કહ્યું, 'આપણા રાજા જો આ રસ્તે થોડા થાકલા કરાવે તો બહુ સારું.' વૃદ્ધાને ખબર નહોતી કે તે જેની સાથે વાત કરી રહી હતી તે રાજા જ હતા. રાજા માટે 'થાકલા' શબ્દ નવો હતો. તેમણે એનો અર્થ પૂછયો. માજીએ ચાલતાં-ચાલતાં કહ્યું, 'થાકલા એટલે આમ તો કેડ (કમર) સુધીનો ઊંચો ઓટલો. બે ઊંચી પાળી પર આડો પથ્થર મૂકેલો હોય. એના પર ઘાસનો ભારો મૂકીને થાક ખાઈ શકાય. નીચેના ભાગમાં છાંયડો પણ મળે. થાક ખાધા પછી ઓટલા પરથી વજનદાર ભારો જાતે પોતાના માથે ચડાવવાની સગવડ રહે. કોઈ માણસના ટેકા વગર એ કામ થઈ શકે.'

ભગવતસિંહે ગોંડલમાં થોડા-થોડા અંતરે રસ્તા પર એવા થાકલા બનાવડાવ્યા. બોલો, આ રાજા કોઈ મંદિર કે આશ્રમ ન બનાવે તો તેનું શું ખરાબ થઈ શકે? ઈશ્વર સ્વયં આવા પુણ્યાત્માઓને ઢૂંઢતો હશે. આપણે ઈશ્વરના નામે અને ભક્તિના બહાને ધર્મને જ ચૂકી જતા હોઈએ એવો મને પાકો વહેમ છે. માણસના જીવનને ઉજ્જ્વળ એ પારદર્શક બનાવવા માટે ધર્મના કોઈ જ વિકલ્પ નથી. જો કે ધર્મને ઈશ્વર સાથે કે સંપ્રદાયો સાથે કશી જ લેવાદેવા નથી. ધર્મ કોઈ પણ હોય, એના એકમાત્ર ઉદ્દેશ એટલો જ હોય છે કે માણસ સારો માણસ બને. ઈશ્વર પ્રાપ્તિની અપેક્ષા પણ ખરી પડે અને મોક્ષની કે સ્વર્ગની લાલચ પણ છૂટી જાય ત્યાર પછી આપણી પાસે જે ઉમદા તત્ત્વ રહે એને હું ધર્મ સમજું છું. એવો ધર્મ આપણને સૌને મળે અને ફળે તો નો -પ્રૉબ્લેમ.

**(સાભાર)**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રી મિલિન્દભાઈ જે. શાહ તરફથી (હાલ - વિલેપારલા)
- સ્વ. લીલાબેન ચંપકલાલ ભગવાનજીભાઈ ગાંધી (સુરેન્દ્રનગર)ના આત્મશ્રેયાર્થે દેહાવસાન તારીખ - ૨૬-૧૦-૨૦૨૩
- મુળી નિવાસી હાલ -નેપીયન સી રોડ ચંદ્રાબેન ચંદ્રકાંત શાહ અને ચંદ્રકાંત ગીરધરલાલ શાહ તરફથી તેમના માસી પૂજ્ય રંજનબેન મહાસુખલાલ જોબાલીયાના આત્મશ્રેયાર્થે

**નવા વરસ જાન્યુઆરી ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫–૧૨–૨૦૨૪ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**કુલ ૮ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**



# શ્રી અને સરસ્વતી

**વિજયકુમાર માણેક**

''શ્રી'' શબ્દ શ્રી મહાલક્ષ્મીજીનું સૂચક છે. જ્યારે ''સરસ્વતી'' શબ્દ વિદ્યા - ભગવદ્‌સ્તુતી માટેનું પ્રતિક છે.

મતસ્યપુરાણમાં જ્યારે દેવ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે લક્ષ્મીજીનું પ્રાગટ્ય થયું છે અને ત્યારે ઋષિમુનિઓએ જે સ્તુતી કરી તે જ આજનું શ્રી સૂક્ત છે.

શ્રી શબ્દ સાધક તથા સંસારી બધાને માટે અનેકાર્થી છે. દિવાળીના શુભ મુહુર્તોમાં જ્યારે વેપારીઓ ચોપડા પૂજન કરે છે ત્યારે મહાલક્ષ્મી માતાજીનું પૂજન કરે છે. ત્યારે શરૂઆત શ્રી૧। થી થાય છે. પહેલે જ પાને ચોપડામાં શ્રી તથા સ્વસ્તિક (સાથીયા) થી થાય છે. જે લક્ષ્મી અને સરસ્વતીનું જ પૂજન છે અને સાથે શ્રી ગુરુ ગણપતિનું પૂજન થાય છે.

સામાન્ય માણસ માટે શ્રી એટલે લક્ષ્મી જ્યારે વિદ્વાન માણસ માટે શારદા એટલે સરસ્વતી આમ બન્ને પૂજન એટલા માટે થાય છે કે હે માતાજી અમારી ઉપર તમારા બન્નેની કૃપા હોજો.

શ્રી લક્ષ્મીજીની મહેર સાથે શ્રી સરસ્વતીની કૃપા એટલા માટે કે લક્ષ્મીજીની મહેર સાથેસાથે આપણામાં સદ્‌બુદ્ધિ પણ આવે જેથી તેનો સદઉપયોગ થાય. જ્યારે લક્ષ્મીનો ઉપયોગ ખોટા કાર્યો માટે થાય છે ત્યારે તેને ધન કહેવાય છે, પણ તેનો ઉપયોગ ધર્મ કાર્ય, સતકાર્યોમાં થાય છે, ત્યારે જ તેને શ્રી લક્ષ્મીજી કહેવામાં આવે છે. સંત પુરુષોએ ઉપદેશ આપેલ છે કે જ્યારે શ્રી૧। લખી શ્રી લક્ષ્મીજીને આવાહન કરીએ છીએ ત્યારે શ્રી ગુરુ ગણપતી શારદાને પણ સ્મરીએ છીએ, કારણ લક્ષ્મી ઉપાર્જન વખતે વિઘ્ન ન આવે એ માટે ગણેશજીને સ્મરીએ છીએ.

જૂના જમાનાથી વેપારીઓ ઉદ્યોગપતિઓને ત્યાં પૂજા-સાધના વડે સિદ્ધ કરેલું શ્રી યંત્ર હોય છે. શ્રી યંત્ર રાખનારને ત્યાં શ્રી લક્ષ્મીજીની કૃપા અનહદ હોય છે તેવી સેંકડો વર્ષની માન્યતા છે.

ભગવાન શિવ-પાર્વતી અને એમના ગણો દ્વારા ભારતીય સંગીત રચાયું છે. એવો એક અભિપ્રાય છે કે મૂળ છ રાગ પ્રગટ થયા, જેના પરિવાર રૂપે બાકીના બીજા રાગ-રાગીણીઓ ઉત્પન્ન થયા. આદિ છ રાગમાં એક ''શ્રી'' રાગ છે અને સંગીતમય સુરોમાં તેમનું સ્તવન કરવામાં આવ્યું તે જ ''સરસ્વતી'' માતા અથવા શારદાજી. આમ શ્રી અને સરસ્વતીના સદાય સુમેળ રહ્યો છે.

શ્રી-સરસ્વતી માતાએ માતૃવાત્સલ્ય છે.

માતા સદાય દીન, દુઃખી કે બીમાર વ્યક્તિની સેવા કરતી ગતિવિધિમાં માતાનું વાત્સલ્ય દેખાશે. સ્ત્રીજીવનનું સાર્થક્ય માતૃત્વમાં જ છે. જેના સાતત્યનો સર્વેએ સ્વીકાર કરેલો છે.

અગાઉના વખતમાં રાજા-મહારાજાઓ વિદ્વાનોની સારસંભાળ રાખતા - તેમના દ્વારા બાળકોને સારું શિક્ષણ મળે, ઉચ્ચતમ ભણતર સાથે ગણતર તથા ભગવદ્‌, ભજન વગેરેનું જ્ઞાન આપતા. વધુમાં આવા વિદ્વાનો અનેક જાતની વિદ્યાની કુશળતા ધરાવતા તેથી રાજાઓ પોતાના કુંવરોને રાજા કેમ ચલાવવું તે વિષયક, પ્રજાશાસન કેમ સારી રીતે ચાલે તે બાબત, અર્થવ્યવસ્થા વિષયક આમ સર્વે રીતે હોશીયાર બનાવતા હતા.

વર્તમાન યુગમાં હવે શ્રી અને સરસ્વતીની આલોચના જુદી રીતે કરાય છે. હવે તો ધનપતી પણ સરસ્વતીનો પુજારી બની જાય છે અને સરસ્વતીનો પુજારી એટલે કે લેખક, કવિ, વિવેચક વગેરે શ્રીના ઉપાસક એટલે ધનપતી હોય છે.

શ્રી મહાલક્ષ્મી માતાજીનો જ્યાં વાસ હોય ત્યાં સાક્ષાત ભગવાન શ્રી વિષ્ણુ પણ હોય ને એટલે જ આપણે લક્ષ્મી-નારાયણનું પૂજન સદાય સાથે કરવું જરૂરી છે. માતા સરસ્વતીની કૃપાથી સદ્‌બુદ્ધિ રાખીને ધનનો ઉપયોગ ધર્મ માટે સમાજ માટે તથા ખાસ આપણા જરૂરિયાતમંદ કુટુંબો માટે યથાયોગ્ સહકાર આપવાથી આપણું ધન તે લક્ષ્મી સ્વરૂપે આપણે ત્યાં રહેશે અને આપણને સદાય સમૃદ્ધ કિર્તીવંત રાખશે.

❖❖❖

## BIO DATA

# CHAITALI SHAH



### Personal Details

| | | |
|---|---|---|
| Birth Date | : | 18th March 1999 |
| Time | : | 01:35PM |
| Place of Birth | : | Mumbai |
| Height | : | 5'2" |
| Qualification | : | Bachelors in Commerce, Stock Market Analyst. |
| Occupation | : | Accounts Executive in Tax and Finance Consultancy (Working in Father's Firm) |

### Family Details

| | | |
|---|---|---|
| Religion | : | Sthanakvasi Jain |
| Father's Name | : | Rajesh R Shah |
| Occupation | : | Tax & Finance Consultant |
| Contact | : | +91 9323180220 |
| Mother's Name | : | Meena R Shah |
| Occupation | : | Home Maker |
| Contact | : | 9819480220 |
| Sister (Elder) | : | Saloni R Shah |
| Occupation | : | Public Relations in Entertainment Industry |
| Paternal Grandparents | : | Late Ashaben Rameshchandra Gandalal Shah |
| Paternal Uncle (Kaka) | : | Bhupendra Shah |
| Contact | : | 8356086076 (Borivali) |
| Paternal Aunty (Kaki) | : | Arti Bhupendra Shah |
| Contact | : | +91 9869414651 (Borivali) |
| Paternal Native Place | : | Sudamda (Surendranagar) Later moved to Amalner |
| Maternal Grandparents | : | Late Savita Vadilal Shuklal Shah (Noliwala) |
| Maternal Uncle (Mama) | : | Late Navin Shah |
| Maternal Aunty (Mami) | : | Rupa Navin Shah |
| Contact | : | + 91 8879317509 (Ghatkopar) |
| Maternal Uncle (Masa) | : | Haresh Bilakhia |
| Contact | : | + 971 50 650 1453 (Dubai) |
| Maternal Native Place | : | Joravarnagar (Surendranagar) |
| Permanent Resident | : | 1103 Nilgiri, Neelkanth Vihar SBK Road, behind Somaiya College Ghatkopar East Mumbai 400 077. |

Advt.

## BIO DATA



# Monil Shah / Vora

I graduated in Engineering and have always maintained a strong academic record. In 2019, I moved to the USA for better professional exposure. I enjoy pursuing an active and adventurous lifestyle with hobbies like rock climbing, CrossFit, playing pickleball, and working towards a private pilot license.

As a family, we are closely connected and supportive of one another. I am looking for a simple and understanding partner who will be a companion through all phases of life. If you find yourself sharing similar values and interests, feel free to reach out.

## Family Detail:

| | | |
|---|---|---|
| Father's Name | : | Shailesh Shah (BSC) |
| Father's Status | : | Business (Chemical Trading) |
| Father's Contact | : | +91 98204 22015 |
| Mother's Name | : | Chhaya Shah |
| Mother's Status | : | Homemaker |
| Mother's Contact | : | +91 98191 63741 |
| Sibling | : | Jinal Hardik Dattani (CA), Married |
| Native Place | : | Rojid (Gujarat) |
| Residence | : | 1G/73, Kalpataru Aura, Ghatkopar West, Mumbai, Maharashtra |

## Basic Details:

| | | |
|---|---|---|
| Date of Birth | : | 09-July-1997 |
| Height | : | 5'10" |
| Email ID | : | smonil619@gmail.com |
| Contact No | : | +1 (201)920-6422 |
| Occupation | : | Data Analyst at Furniture.com |
| LinkedIn | : | monilshah619 |

## Religious Background:

| | | |
|---|---|---|
| Religion | : | Jain |
| Mother Tongue | : | Gujarati |

## Location, Education & Career:

| | | |
|---|---|---|
| Location | : | Atlanta, Georgia (USA) |
| Grew up in | : | India |
| Ethnic Origin | : | India |
| Qulification | : | Bachelor's of Eng In IT (India)<br>MS in Data Science (USA) |

## Extended Family Details:

| | | |
|---|---|---|
| Uncles | : | Ramesh Mansukhlal Vora (+91 93241 51941), Arvind Mansukhlal Vora (+91 98212 55784), Rashmin Mansukhlal Vora (+91 98214 29381), Ashok Mansukhlal Vora (+91 98331 54210) |
| Aunt | : | Bharti Rameshchandra Shah (+91 9769042660), Urmila Sudhirkumar Sheth (+91 9820342066), Pragna Dipakkumar Sanghvi (+91 9221050171), Panna Upenkumar Shah (+91 9664294990) |
| Mama | : | Mahendra Manilal Shah (+91 944056389), Vijay Manilal Shah (+91 9884479329), Late Jayesh Manilal Shah |
| Masi | : | Meena Rameshchandra shah (+919327531375) |

**Visiting India, Dec 2024**

Advt.



WE DELIVER WHAT IS PROMISE !
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
ammpalholidays@gmail.com
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
UNCOVER NATURE'S FINEST SEASONS
Explore Winter & Cherry Blossom Tours!
ICELAND 10D
Tour Dates 2025
6th MARCH
1st APRIL
BAKU + GABALA WITH SHADAG 7D
Celebrate Crishtmas
Dec 23rd
JAPAN 11D
9th APRIL 2025
Cherry Blossom with Alpine Route
SOUTH KOREA 10D
26th MARCH 2025
Cherry Blossom
VIETNAM WITH SAPA 11D
Tour Dates 2025
Jan - 7th | 18th | 28th
Feb - 8th | 19th
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, Travel Insurance & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100


Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન

# વસ્તી પત્રક - ૨૦૨૫

**પ્રેરક : શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી**

**ડિજિટલ ડિરેક્ટરીનું ફોર્મ આપણી વેબસાઈટ zalawadi.com પર જઈને ભરવા વિનંતી.**

## ૩૧ મી જાન્યુઆરી ૨૦૨૫

**પહેલા ફોર્મ ભરનારને આકર્ષક ઈનામો સાથે લકી ડ્રોમાં સામેલ કરવામાં આવશે. ત્રણ નસીબદાર વિજેતાઓને નીચેના સ્થળોમાંથી એકમાં ૪ દિવસનું રોકાણ (સવારના નાસ્તા સાથે) જીતવાની તક મળશે.**



બાકુ, અઝરબૈજાન



વિયેતનામ



દુબઈ



થાઈલેન્ડ



મલેશિયા



બાલી, ઈન્ડોનેશિયા

**જો તમને કોઈ પ્રશ્ન હોય, તો નિ:સંકોચ સંપર્ક કરો. તમારા સેન્ટરના ડિજિટલ વોલન્ટિયર્સ તમને ફોર્મ ભરવામાં મદદ કરશે.**


સંપર્ક : બીનાબેન સંઘવી : +91 97694 48284

નીરવભાઈ દોશી : +91 98208 23400 | પ્રિતુલભાઈ શાહ : +91 93231 80664

# અજરામરધામ ચેરીટેબલ ટ્રસ્ટ,

સંચાલિત

# શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ જૈન સેનેટોરીયમ



**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ - ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**

## શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ જૈન સેનેટોરિયમ - લીંબડી ઝાલાવાડી સભા - ચેરીટેબલ ફાઉન્ડેશનને અર્પણ કર્યું.

લીંબડી સેનેટોરિયમમાં પાંચ રૂમો એ.સી., અટેચ બાથરૂમ, ગીઝર તથા ગરમ પાણીની સગવડતા સાથેના છે.

એક રૂમ ત્રણ વ્યક્તિની સગવડતાવાળા છે

એક દિવસના રૂપિયા ૮૦૦/- છે.

૧. લીંબડી સુરેન્દ્રનગર હાઈવે ૫૦૦ મીટર

૨. લીંબડી અજરામર ગાદી ૧.૫ કિલોમીટર

### સંપર્ક સૂત્ર

શ્રી ભરતભાઈ શાહ – ગેડીવાળા
મો. ૯૩૨૨૪૪૬૧૪

સભા મુંબઈ ઑફિસ
શ્રી નિરવભાઈ શાહ
મો. ૯૮૧૯૦૧૨૪૬૮

લીંબડીના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૭૧૧૭૭૬

સ્થાનિક મેનેજર – શ્રી ભરતભાઈ (આખો દિવસ મળશે)
મો. ૯૯૭૪૪૩૦૩૨૦


PAWANDHAM (KANDIVALI)


ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future------

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.







Supreme
FURNITURE






SENIOR AGENCY AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.



5 Nights to 23 Nights

**USA**

April, May, June, July,
Aug, Sep, Oct 2025



8 Nights to 12 Nights

**AUSTRALIA GROUP TOUR**

13 Dec 2024 | 6 Jan, 7,16
Feb, 19,22, Mar, 25 May 2025



9 N / 10 D

**NATURALLY NEW ZEALAND**

4 Dec 2024 | 14,
29 Jan, 10, 27 Mar 2025



17 N / 18 D

**NEW ZEALAND AND AMAZING AUSTRALIA**

4 Dec, 2024 | 29,6 Jan,
7,19 Feb,19 Mar 2025



10 N / 11 D

**JAPAN CHERRY BLOSSOM WITH CHEF**

21, 23, 27 Mar
2 April 2025



15 N / 16 D

**JAPAN CHERRY BLOSSOM WITH KOREA**

22, 30 March 2025

**Kandivali | Andheri | Kharghar | Ghatkopar | Mulund | Thane | Virar**

**+91 98199 30022 www.flamingotravels.co.in**

Advt.



# શાંતિ પમાડે તેને સંત કહીએ

**હરિભાઈ કોઠારી**

**મા**નવજીવનમાં જે વસંત સર્જે તે સાચો સંત. વગર વરસાદે વૃક્ષોને નવપલ્લવિત કરવાનો કિરતારનો કીમિયો વસંતમાં જોવા મળે છે તો વગર પદાર્થે માનવને પ્રસન્ન કરનારો સહજ પ્રેમ સંતમાં જોવા મળે છે. પરમાત્માને જ પરમ અધિષ્ઠાન માનનાર સંતનાં મન-બુદ્ધિ સહજ રીતે જ પવિત્ર રહે છે. મહામના એવા એ મહાત્માની વાણીથી સૌ આરામ અનુભવે છે. તેનું જીવન સૌને માટે વિશ્રામધામ સમું હોય છે. તેથી જ તો સંતપ્તજનો શાંતિને માટે સદા સત્સંગ સેવતા હોય છે. કોઈ પણ પરિસ્થિતિમાં પ્રસન્ન રહેવાની કલા સંત સૌને પોતાના જીવન દ્વારા શીખવે છે.

કોઈ મારગમાં એના પુષ્પોને પાથરે,
કોઈ કંટક બિછાવે સદા એની વાટ રે,
એના ચહેરા પર એક જ મુસ્કાર છે,
એ તો સઘળા જનોનો આરામ છે.

આવા સંતોનો સહવાસ અનોખો હોય છે. આવા સંતો પાસેથી માણસને પારસદીક્ષા નહીં પરંતુ દીપદીક્ષા સાંપડે છે. પારસમણિ લોઢાનું સોનું બનાવે છે. અને નહીં કે પારસ, જ્યારે સંત તો પોતાના જ્ઞાનદીપથી અનેક દીવાઓ પ્રગટાવે છે. સંતસાહિત્યમાં તેથી જ કહ્યું છે કે,

*તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે*
*તો તું વૈષ્ણવ સાચો,*
*તારા સંગના રંગ ન લાગે*
*ત્યાં લગી તું કાચો !*

સત્સંગનું સતત સેવન કરનારો માણસ સંત થવો જ જોઈએ અને જો ન થાય તો એટલો એનો સત્સંગ કાચો ! સત્સંગમાં સોનું સાંપડે કે ન સાંપડે પરંતુ જીવન તો સોનેરી બની જાય એ નિશ્ચિત ઘટના છે. કાશી, હિમાલય કે ગંગાના સંગ કરતાં પણ સત્સંગનો મહિમા અદકેરો છે. કાશીનું જ્ઞાન, હિમાલયની સાધના તેમજ ગંગાના પાવિત્ર્યનો ત્રિવેણીસંગમ એટલે જ સંત ! તીર્થોનું ફળ લાંબા સમયે મળે છે જ્યારે સત્સંગ સદ્ય (તુરંત) ફળ આપનાર છે.

કાશીનું મરણ મુક્તિદાતા છે એવી એક પ્રચલિત માન્યતા છે. એ માન્યતા સાચી હોય તો પણ મરવા માટે કાશી જવું પડે અને તેમ છતાં ત્યાં મૃત્યુ આવે જ એવી કોઈ ખાતરી નથી. જિંદગીનાં અંતિમ વર્ષો કાશીમાં જ ગાળવાં એવા સંકલ્પ સાથે કાશી ગયેલો એક વયોવૃદ્ધ એક કૌટુંબિક પ્રસંગે બે દિવસ માટે મુંબઈ આવ્યો અને એનું મૃત્યુ થયું.

ખરું જોતાં કાશી એક કાળે જ્ઞાનનગરી ગણાતી હોવાથી જ્ઞાનનો પર્યાય બની ગયેલી. કાશીમાં મરણ એટલે જ્ઞાન (હોશ)માં મરણ. જ્ઞાનવાસનાને ખતમ કરે અને એવો નિર્વાસન મનુષ્ય મુક્તિ પામે તેમાં શું આશ્ચર્ય ? આવું પવિત્ર જ્ઞાન માણસને સંતો પાસેથી સાંપડે છે. સત્સંગથી સાંપડતી સન્મતિ માનવને સંપત્તિ (ભુક્તિ)નો યોગ કરાવી આપે છે. સત્સંગથી સાંપડતં પવિત્ર જ્ઞાન માણસને વાસનામુક્ત બનાવીને મોક્ષ (મુક્તિ) પ્રદાન કરે છે.

હિમાલયની સાધના પણ અતિ કઠિન છે. તપથી અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે પણ તેની પ્રાપ્તિ માટે હિમાળે હાડ ગાળવાં પડે છે. વળી સિદ્ધિઓની પ્રાપ્તિ ક્યારેક અહંકારને પોષીને માનવના પતનનું કારણ પણ બની જાય છે. અનેકાનેક તપસ્વીઓનાં સ્ખલનો ઈતિહાસે નોંધ્યાં છે. સંતોના સાંનિધ્યમાં પરમ સિદ્ધિ (પરમાત્માપ્રાપ્તિ) સાંપડે છે. 'અહં'ને ઓગાળ્યા વગર ઈશપ્રાપ્તિ શક્ય નથી તેથી અહીં અહંકાર કે તે દ્વારા થતાં પતનને કોઈ અવકાશ નથી.

ગંગા માણસનાં પાપને ધોઈ નાખે છે. તીર્થ માટે કહેવાયું છે કે, જેવી ભાવના તેવી સિદ્ધિ.' ભાવશૂન્ય માણસને ગંગાસ્નાનથી વિશેષ ફાયદો થતો નથી. પાપ તો પ્રાયશ્ચિતથી ધોવાય છે અને એ પશ્ચાત્તાપની ભાવના નિર્માણ કરવામાં સત્સંગનો મોટો ફાળો છે.

ક્ષમાશીલ અંતઃકરણના સંતો પાપોનું પ્રાયશ્ચિત્ત કરાવીને માનવને સુધરવાની (નવજીવન જીવવાની) તક આપે છે એટલું

જ નહીં પરંતુ માણસ પાપ કરતો જ અટકી જાય એવી પવિત્ર જીવનદૃષ્ટિ એને પ્રથમથી જ બક્ષે છે. ગંગાનું પાણી તો ખરાડાયા પછી માણસને સાફ કરે છે, સંતોની વાણી તો ખરડાતાં પહેલાં જ ચેતવે છે.

સંતોને ઘણી વાર કલ્પવૃક્ષ, ચિંતામણિ કે કામધેનું જોડે સરખાવવામાં આવે છે, પરંતુ એ ઉપમાઓ પણ ઊણી ઊતરે છે. કલ્પવૃક્ષ એટલે ઈચ્છાઓ પૂરી કરનારું વૃક્ષ, પરંતુ ઈચ્છાઓ કદી કોઈની પૂરી થઈ છે ? પૂર્ણપણે તૃપ્ત ન થવું એ જ તો ઈચ્છાઓનો સ્વભાવ છે. અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે તેમ કામનાપૂર્તિનો દરેક પ્રયત્ન કામનાઓને વધારે પ્રદીપ્ત કરે છે. સંતો તેથી જ માનવને ઈચ્છાઓ ઓછી કરવાનો ઉપદેશ આપે છે. અપેક્ષા અને આનંદ હંમેશાં વ્યસ્ત પ્રમાણમાં રહે છે. જેટલી અપેક્ષાઓ ઘટે એટલો આનંદ વધે. સત્સંગ દ્વારા સાંપડતી આ સમજણ માણસને સાચું માનસિક સ્વાસ્થ્ય બક્ષે છે.

ચિંતામણિ માણસની ચિંતાઓને દૂર કરે છે, પરંતુ એને પ્રાપ્ત કરવાની ચિંતામાં જ માણસ અડધો થઈ જાય છે. માનવને ચિંતામુક્ત કરવાની ક્ષમતા સદ્‌વિચારમાં છે, જે માણસને સંતો પાસેથી પ્રાપ્ત થાય છે. પ્રભુ ભરોસે જીવનારો માણસ નિશ્ચિંત બની જાય છે તો સંતોષી મનોવૃત્તિ પણ માણસને ચિંતામુક્ત બનાવે છે. સાચો સત્સંગી નિશ્ચિંત (કૅર ફ્રી) હોવા છતાં બેદરકાર (કૅરલેસ) હોતો નથી.

કામધેનું માણસની બધી જ કામનાઓ પૂરી કરે છે, પરંતુ બધી જ કામનાઓ પૂરી કરવા જેવી હોય છે ખરી ? સંતો કામનાઓની યોગ્યાયોગ્યનો વિચાર કરીને કેવળ શુભ કામનાઓને જ પુષ્ટિ આપે છે. સદિચ્છા અને અસદિચ્છા વચ્ચેનો ભેદ સમજવાનો વિવેક સંતો પાસેથી સાંપડે છે. કનિષ્ઠ પ્રકારની કામનાઓ ભસ્માસુરની માફક કરનારને જ બાળે છે.

*ગંગા પાપં શશી તાપં ઑદૈન્ય*
*કલ્પતરુસ્તથા*
*પાપં તાપં ચ દૈન્યં ચ ધ્નન્તિ*
*સન્તો મહાશયાઃ*

અર્થાત્ 'ગંગા પાપને, ચંદ્ર સંતાપને અને કલ્પતરુ માણસના દૈન્યને દૂર કરે છે, પરંતુ મહાન આશયવાળા સંતો તો પાપ, તાપ અને દૈન્ય ત્રણેયને હણી નાખે છે.

ચંદ્ર માણસને શાંતિ કે શીતળતા બક્ષે છે, પરંતુ તેની પણ એક મર્યાદા છે. વિરહીજનોને ચંદ્ર બાળે છે.

*શીતળ ભાસે શશી એને,*
*મિલનમાં મસ્ત હોય જે,*
*તડપતા કો વિયોનીને વળી એ*
*ઉગ્ર ભાસે છે !*

ચંદ્રની ચાંદની માનવના તનને સ્પર્શે છે જ્યારે સંતોની શીતળ વાગ્ધારા માનવના મનને સ્પર્શે છે અને સાચી શાંતિ માનસિક જ હોય છે એ વાત સર્વવિદિત છે. સંતોની શીળી છાયાની માયા પામરથી માંડીને પરમ સુધી સૌને લાગી જાય છે.'

*સંત તારી શીળી છાયા,*
*લાગી જાય સૌને માયા !*
*'કલ્પતરુ' તને કેમ કહું ?*
*કહે, લાકડું એ તો ગણાય,*
*'મેરુ' કહી તને હાક મારું*
*તો તો જડનો આરોપ થાય,*
*મારે મતિ બહેર તો મારી,*
*સ્તુતિ કરું કેમ હું તારી ?*
*'ચિંતામણિ' કહી સાદ પાડું*
*પણ પાણ કઠોર ગણાય,*
*ફૂલથી કોમળ જીવન તારું,*
*પથ્થર કેમ કહેવાય ?*
*મૂંઝાતો હું રોજ સવારે,*
*સ્તુતિ કરું પ્રેમથી જ્યારે !*
*'સૂર્ય' સમાન હું કેમ કહું તને ?*
*દાહક એ તો જણાય,*
*કેમ તને 'શશી' નામ દઉં કહે,*
*ક્ષય જેનો નિત થાય;*
*કલા તારી સાવ અનેરી,*
*બુદ્ધિ તારી ભાવના પ્રેરી !*
*'સાગર' સાથ તને સરખાવું તો*
*ભૂલ મોટી થઈ જાય.*
*સાગરનાં ખારાં નીરમાં ના*
*તારા દિલની મીઠાશ માય,*
*વાણી તારી જાદુ ભરેલી,*
*નાચે સારી સૃષ્ટિ નવેલી !*
*'કામ' કહી તુજને જો વધાવું*
*તો દેહ ન એનો દેખાય,*
*'બલિ' ગણાય અસુર વળી*
*તેથી એ ઉપમા ન સોહાય,*
*કામ શિવજીથી બળાયો,*
*બલિ દિતિસુત ગણાયો !*
*'કામધેનુ' કહી વંદું પદે તારા,*
*કામનાઓ પૂરી થાય,*
*માત ભલે સારા જગતની*
*પણ તોય પશુ એ ગણાય,*
*કહે તને કેમ પુકારું ?*
*'સંત' સદા એ હું વિચારું !*

દિવસ અને રાતને જોડનાર સંધ્યાની માફક જીવ અને શિવને જોનાર સંતો પણ સદા સર્વાંગસુંદર ભાસે છે. જીવનના ઉષઃકાળમાં ઉલ્લાસ અને સંધ્યાકાળમાં શાંતિ પ્રદાન કરનાર પવિત્ર સંતોને કોટિ કોટી પ્રણામ !

❖❖❖



# બેસણાનું ઉઠમણું

ડૉ. નલિની ગણાત્રા

જગતનું એકમાત્ર જોવાલાયક અને રોવાલાયક સ્થળ એટલે બેસણું. બેસણામાં હસો તો હારા નથી લાગતા અને રડવા માટે રિહર્સલ માટે લાફીંગ ક્લબ હોય છે. 'ક્રાઈંગ કોચીંગ ક્લબ'નું નામ ક્યાંય સાંભળ્યું ? 'કચ્છડો બારે માસ'ની જેમ માણસ 'રોતડો બારે માસ' જ હોય. વળી, બેસણામાં સહુથી મોટી શાંતિ એ હોય છે કે અહીં કોઈ તમને રડવાનું કારણ નથી પૂછતું. અન્ય સ્થળે તો અવશ્ય પૂછે. ઘણીવાર તો હાસ્યાસ્પદ કારણસર આપણે રડતાં હોઈએ તોયે પૂછપરછ કરે એટલે છેવટે કહી દેવું પડે કે ભઈ, ખરબચડી ટાઈલ્સ પરથી લપસી પડ્યો કે ન્હાતાં ન્યાહાતાં કાચની ડોલ તૂટી ગઈ તેથી વાઈફ સાથે ઝઘડો થયો !

અહીં બે બાબતો અવશ્યમેવ નોંધનીય જોવા મળે છે. એક એ કે, બેસણાની જાહેરાતમાં ક્યાંય ભાવભીનું કે અભાવભીનું આમંત્રણ નથી હોતું કે, 'અમારા પૂ. પિતાશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.' બસ આટલું જ લખ્યું હોય અને અસર ધમકી જેવી થાય ! સંબંધસૂઝ પ્રમાણે આખું. અડધું તે પોણું કુટુંબ સમયસર પહોંચી જાય. કેટલાકની તો જી.એલ (ગાપચી લીવ) મંજૂર ન થાય તો પોતાની સી.એલ. લઈનેય પહોંચી જાય. બીજી બાબત એ કે નિયમ અને ફરજ ન હોવા છતાં (કે એટલે જ !) બધાં યુનિફોર્મમાં આવે છે. અશ્વેત રંગ ધારણ કરીને આવનારને કાંઈ બેસણા ફરતી પાંચ રાઉન્ડ મરાવવા કે પ્રગતિપત્રકમાં ચિઠ્ઠી કે લખાણ માંગે, એવું ન હોવા છતાંય બધા વ્હાઈટ કૉલરમાં જ આવે છે. જો કે જ્ઞાતિજનો દ્વારા સૂચિત સ્થળેથી જ યુનિફૉર્મ લેવો ફરજિયાત ન હોવાથી સફેદ કલરમાં અલગ અલગ શેડ જોવા મળે છે. તેમ છતાં અહીં 'ઉનકી સાડી મેરી સાડી સે જ્યાદા સફેદ કયું એવો ઈર્ષ્યાનો અભાવ જોવા મળે છે. !'

બેસણામાં શિસ્તનો પણ જબરો પાઠ શીખવા મળે છે. શિસ્તની ટ્રેનિંગ માટે રોજબરોજ પાંચથી સાત બેસણાં એટેન્ડ કરવાં જોઈએ. સંસ્કાર કે વ્યવસાયલક્ષી સ્વભાવનો અહીં અભાવ જોવા મળે છે. સર્વિસ કરતી બહેનો પણ અહીં તુવેર-વટાણાં ફોલવાનું કે ભરતગૂંથણનું કામ લઈને નથી આવતી કે ડૉક્ટર સ્ટેથો લટકાવીને કે સરકારી ઑફિસર ફાઈલોનો ખડકલો લઈને નથી આવતા કે પાણીપૂરીવાળો ખુમચો લઈ નથી આવતો ! બેસણામાં 'ઊંચ-નીચ'નો ભેદ નથી રખાતો. બેસણા અંગેની તમે 'ટચુકડી' નોંધ આપી હોય તોય 'મોટા લોકોય આવે છે અને છેલ્લે પાને મોટી જાહેરાત આપી હોય તો ઠીંગુ લોકોય આવે છે. કોઈ બાધ નહીં. ઘણીવાર કેટલાંય મૂંજી લોકો ધોખો કરતાં હોય છે કે અમારે ઘેર તો કોઈ મહેમાન જ નથી આવતાં. એવા ને હું સૂચન કરું કે તમે તમારી એક ટચુકડી 'અવસાન નોંધ' આપી દો. પછી રિઝલ્ટ જુઓ !

બેસણાની વિજ્ઞાપનમાં એક ચમત્કાર આજ સુધી જળવાઈ રહ્યો છે. એમાં ક્યારેય પ્રિન્ટીંગ મિસ્ટેકથી 'દુઃખદ'ને બદલે 'સુખદ' બેસણું એવું નથી છપાઈ જતું. અરે, ડોસો ઘરડાં-ઘરમાં મર્યો હોય તોય તે દીકરો અવસાનનોંધમાં પૂ. પિતાશ્રી'નું દુઃખદ અવસાન થયેલ છે એવું જ છપાવે છે. વર્ષોથી જેને ટળોને.....ટળોને કહેતાં આવ્યાં હોય, એ પેપરમાં 'પૂજ્ય' બની જાય છે. બેસણાની એક જાહેરાતમાં તો ફોટાની જગ્યાએ ચોરસ દોરીને લખેલું કે - 'તસ્વીર અમારા હૃદયમાં છે.' તો એવું લખનારની ફરજ નથી કે પોતાના હૃદયનો ઍક્સ-રે કે કાર્ડિયોગ્રામ ત્યાં ચોંટાડે ! એમ તો કાજોલ અને અમિતાભ આપણા હૃદયમાં હોય. તો શું થિયેટરમાં તેઓ પડદા ઉપર ના આવે તો ચાલે ? વા... આ..ત કરે છે ! એ તો આપણે દ્વારા માણહના દીકરાવ છીએ એટલે વાંધો પાડતા નથી બાકી બેસણાં પર 'સ્ટે' લાવી દઈએ શું ?

જો કે, બેસણાંના ફોટાઓ આપણને 'અગોચર વિશ્વ'ની જેમ જાતજાતની અનુભૂતિ કરાવે છે.

(૧) કેટલાંકના ફોટા જોઈને આપણને એવું લાગે કે આપણે અગાઉ પણ આમના બેસણામાં આવી ગયા હોઈએ.

(૨) કેટલાંકનો ફોટો સ્પેશ્યલ બેસણા માટે જ પડાવ્યો હોય એવો લાગે.

(૩) કેટલાંકનો ફોટો ડોળા કાઢતો હોય જાણે કહેતો હોય કે 'ઉપર' આવો, જોઈ લઈશ.

(૪) કેટલાંકનો ફોટા દાઢી-મૂછમાં હસતાં હોય એવા લાગે. જાણે કહેતા હોય કે 'બધાનું કરીને' પહોંચી ગયો ને ? એ તો એવું ત્યારે !'

(૫) કેટલાંકના ફોટા જાણે દયાયાચના ન કરતા હોય કે, 'હું નિર્દોષ છું. મને આમ છોડી ન મૂકો.'

(૬) કેટલાંકના ફોટામાં હાવભાવ એવા હોય જાણે કાંઈ કહેવાનું રહી ન ગયું હોય !

(૭) કેટલાંકના ફોટા એવું આશ્ચર્ય પ્રગટ કરતાં હોય કેમ...મ...મારું બેસણું ? ! !

મારો ચહેરો ઉપર્યુક્ત એકેયના

બેસણામાં, સૉરી બેસણાના ફોટામાં ફીટ થાય તેવો નથી. હું તો સંબંધીના બેસણામાંય મારા રીપ્રેઝન્ટેટીવને જ મોકલું છું. મારો એ પ્રતિનિધિ ગજ્જબનો **Crying face** ધરાવે છે. આવી પર્સનાલિટીને લીધે એને આ પ્રકારનું પૂરતું કામ મળી રહે છે. બેસણા માટે મારે રિપ્રેઝન્ટેટીવ રાખવો પડ્યો એનાં કારણ પાછળ ઈતિહાસ છે. કહેવત છે ને કે 'પ્રાણ અને પ્રકૃતિ સાથએ જાય' પણ એમાં એવું નથી બનતું કે પ્રાણ કોઈકનો જાય અને પ્રકૃતિ આપણી જાય.... એકવાર હું, જેનો પ્રાણ ગયો' તો એના બેસણામાં ગઈ અને મારી ટીખળી પ્રકૃતિ સહજ ત્યાં ધૂસકે ધૂસકે રડતાં સ્વજનને મેં આશ્વાસન આપતાં કહ્યું:

રોઈ રોઈને આમ અડધા ન થાવ સ્વજન,

આજ નહિ તો કાલ તમારા ફોટાનેય ફૂલહાર ચડશે.

...અને ત્યાં હાજર ત્રાહિતો મારી સામે વિચિત્ર નજરે જોવા લાગ્યાં. હું ત્રાહિતોની લિપિ ઉકેલી ન શકી. (આમેય હું પ્રૉબ્લેમ ઊભા કરી જાણું; પછી ઉકેલની ઝંઝટમાં ન પડું.) મારો ઈરાદો તો આશ્વાસન આપવાનો જ હતો. પણ તે પછી મેં રિપ્રેઝન્ટેટીવ જ રાખી લીધો. પણ ક્યારેક ક્યારેક કેવાં ધર્મસંકટોનો સામનો કરવો પડે છે માણસે! આજીવન બેસણા પ્રતિનિધિ ધરાવતી હોવા છતાં એકવાર મારે જ મારા સાસુના પ્રતિનિધિ તરીકે બેસણામાં જવું પડ્યું. નાનકડા ગામમાં મારી મોટી નણંદનાં નજીકના સુસુ ગુજરી ગયાં. વેવાણ તરીકે મારા સાસુએ જવાનું હોય-પણ એમને એ જ સમયે નાના આંતરડામાં મોટો સણકો ઉપડ્યો અને મારે પ્રતિનિધિત્વ કરવું પડ્યું. જ્યાં ટપાલીની પણ લાજ કાઢવી પડે એવું છેડાનું ગામડું હતું એ! શહેરમાં તો આવા 'શુભપ્રસંગ' માટે હૉલ ભાડે મળે. અહીં તો ઘરમાં જ બેસણું રાખેલું. સફેદ સાડી પહેરવી પડે એટલું જ જ્ઞાન મને! પહેરવાની ઢબ-છબનો ખ્યાલ નહીં, એટલે ન તો મેં ગુજરાતી ઢબની સાડી પહેરેલી કે નહીં માથે ઓઢેલું. ઑફિસથી સીધી ગયેલી એટલે થભે ફૅન્સી પર્સ લટકાવેલું અને રિવાજ મુજબ બસ પકડવાવાળી સ્પીડી સ્ટાઈલમાં જ મેં તો ઍન્ટ્રી મારી! મને જોતાં જ જે થોડું ઘણું રડતા'તા એય શાંત થઈ ગયા.જાણે હું બેસણામાં સુપરવિઝન માટે આવી હોઉ! અગાઉથી ત્યાં હાજર મારા નણંદ લગભગ દોડતા આવી ઝૂંટવાની સ્ટાઈલથી મારા ખભેથી પર્સ લઈને ક્યાંક મૂકી આવ્યા. 'ભાભી, અહીં બેસો.' કહીને મને એક સલામત જગ્યાએ બેસાડી દીધી. અલબત્ત, બધાની સાથે જ! પછી મને કહે, 'ભાભી, માથે ઓઢી લો.' મેં ઓઢી લીધું. રડવાનો વિવેક કે આગ્રહ ન કર્યો, નહીં તો હું રડત પણ ખરી. નણંદને ના કહેવાય? નણંદને દયા આવતી હશે કે કાયમ હું રડાવું જ છું ને! લાવ થોડું રડી લઉં પણ ત્યાં રડતી સ્ત્રીઓ જે ખરખરો કરતી હતી એ સાંભળીને મારાથી હસવુંય માંડ રોકાયું!

બાણું વરસની બટકી ગયેલી ઉંમરે બચીડોસી ગુજરી ગયાં, તોય કહે - બિચ્ચારા અચાનક ગુજરી ગયાં! મને થયું બાણું વરસે અચાનક ન જાય તો શું 'અવસાન નોંધ' આપીને જાય? એમનો ખરખરો અને મારા સવાલો (અલબત્ત મનમાં) આવા હતા...

★ આમ તો કંઈ બિમારી નહોતી. છેલ્લા આઠ-દશ દિવસથી અશક્તિની ફરિયાદ કરતાં'તાં.

● બાણું વરસે અશક્તિ ન લાગે તો શું અરબી ઘોડા પર અસવાર થાય?

★ સવારે તો ચાંદીની વાટકીમાં ભગવાનને દૂધ ધરાવ્યું.

● એટલે શું મરવાની ફરજ નહીં?

★ સવારે ચા-માં માખી પડી એય જાતે ઉડાડી.

● રોજ તમે ઉડાડી દેતા'તા?

★ એમનો જઠરાગ્નિ સારો. પણ જમ્યા પછી કોઈ ચીજ મોઢામાં ન મૂકતાં.

● કેમ જાણે આપણે તો જમ્યા પછી 'ચીઝ'ના પૅકેટો ગુટખાની જેમ મોઢામાં ખંખેરતા હોઈએ!

★ અરે કહું છું, બપોર તો અમે સાથે ચા પીધી!

● મતલબ મરવાના થયા હોય ઈ તમારી હારે ચા પીવે!!

★ આમ પાછા ભલા હતા, કોઈ દી કીડી મંકોડાય એમણે નથી માર્યા!

● આપણો જાણે બાપદાદાનો બિઝનેસ હશે! કીડી-મંકોડા મારીને જ મોટા થયા હોઈશું!

★ મને તો સ્વપ્નેય ખ્યાલ નહીં, આવું થઈ જશે.

● બધું તને સ્વપ્નામાં આવ્યા પછી જ અમલમાં મૂકાય?

★ હું રોજ મંદિર જાઉં અને રોજ મને મળે!

● એટલે ઈ અમર થોડાં થઈ જાય?

★ હશે, શું થાય? આપણું કાંઈ ચાલે છે ભગવાન આગળ?

● તારું પ્યાલા-વરણીવાળા પાસેય ક્યાં ચાલે છે? ઠાલી અમથી...

મોટી વહુ કહે-રોજ તો સાત વાગે ઊઠી જાય. આજે તો આઠ વાગેય ઊઠ્યાં નહીં એટલે હું ઉઠાડવા ગઈ. પણ એ તો હાલ્યાય નહીં. મને થયું કે કાયમ હણહણે અને હાલેય નહીં! ડોક્ટરને બોલાવ્યા, પછી ડૉક્ટરે કીધું કે માજી તો ગુજરી ગયાં છે. જોકે અમને તો તોય માનવામાં ન આવ્યું ઘડીક!

હાસ્તો, સાસુ એ ગુજરે?

જેની અહીં જરૂર હોય તેની ત્યાંય જરૂર હોય!

...અને હું ઊભી થઈ ગઈ! કેટલું અપમાનજનક કહેવાય આપણા માટે! આનો મતલબ એ થયો કે આપણી અહીં કે ઉપર ક્યાંય જરૂર નથી. જે ઉપર પહોંચી જાય છે એ અહીં જરૂરવાળા સાબિત થાય. આપણે રહી ગયેલાઓ તો બેય જગ્યાએ નક્કામાં! બિનજરૂરી! જો કે આવું બહુમાન મળવા છતાં (કે જનારની બેય જગ્યાએ જરૂર) એ લાભ લેવાની ઈચ્છા થતી નથી. પરદેશ જનારની ઈર્ષ્યા થાય છે એટલી પરલોક જનારની થતી નથી, બેસણામાં એવો વિચાર નથી ઝબકતો કે - ઈ ગ્યો ને હું રહી ગયો!

ઈશ્વરને એક સૂચન કરવાની ઈચ્છા તો થાય જ છે કે ભલે બધાને એની પાસે બોલાવે, પણ જરા સિનિયોરીટી જાળવે તો સારું. જે જાતે ઉધરસ પણ નથી ખાઈ શકતા એવા એકયાસી વરસના અચરતલાલ બીજા દસ કાઢીને એકાણુંનો સ્કૉર કરે અને એનો જ અગિયાર વરસનો એકના એક પૌત્ર ઉધરસ ખાતાં અંતરસ આવે અને ઉકલી જાય. ત્યારે મને થાય કે ઈશ્વરને ગણિત મેં નથી ભણાવ્યું તોય કાચું કેમ! કેટલાક સુમનલાલ તો બિચ્ચારાં દીકરો-વહુ, દીકરી-જમાઈ, પૌત્રો-બધ્ધાંયના બેસણા એટેન્ડ કરીને સાવ 'સૂકીવાડી' કરમુક્ત ફિલ્મ જોઈને જાય! આવું કેમ થાય છે! ઈશ્વર પેપર ફોડે તો ખબર પડે એ. અત્યારે તો એટલું જ જ્ઞાન લાધ્યું છે કે -

બેસણું કોઈનું સગુ નથી થતું,
ચેતનહારા! ચેતી જજો!

લ...લે કર વાત! લેખની શરૂઆતમાં જે 'જોવાલાયક અને રોવાલાયક' તરીકે પ્રસિદ્ધ હતું એ બેસણું અંત 'હસવાલાયક' બની ગયું! અહીં કયાં કશુંય સ્થિર છે?

❖❖❖

# રિડેવલપમેન્ટની ઑફર આવે ત્યારે...

કિશોર એમ. શાહ - સોલિસિટર

**કોઈપણ ડેવલપરની રિડેવલપમેન્ટની ઑફર આવે ત્યારે શું ધ્યાન રાખવું?**

સૌથી પહેલાં તો ડેવલપરે સોસાયટીના સભ્યોને કન્સેન્ટ લેટર આપે તે ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચવો. તેને લગતા જેટલા પણ સવાલો થાય તેની ચોખવટ ડેવલપર સાથે કરી લેવી. ડેવલપર પાસેથી ડ્રાફ્ટ -૧ કન્સેન્ટ લેટર આપી દીધા પછી તે સભ્યના હાથ બંધાઈ જાય છે. એટલે કન્સેન્ટ લેટર આપતાં પહેલાં જ ધ્યાનપૂર્વક વાંચી લેવો. ડેવલપર પાસેથી ઓછામાં ઓછાં ત્રણ વર્ષના ભાડાનો ચેક લઈ લેવા. બૅન્કની ગૅરન્ટી વગર કન્સેન્ટ લેટર આપવો નહીં કે રિડેવલપમેન્ટ એગ્રીમેન્ટ કરવો નહીં. રિડેવલપમેન્ટના એગ્રીમેન્ટ ઍન્ડ કન્સેન્ટ લેટરમાં જેટલી ચોખવટ કરવાની હોય તે દરેકના જવાબ પ્રોજેક્ટ મૅનેજર પાસે કે લખાણમાં લઈ લેવા. કાયદા પ્રમાણે એક વખત ડેવલપરને ઈરિવોકેબલ કન્સેન્ટ આપી દીધી હોય અને ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ પર સહી થઈ હોય પછી તે સભ્ય કશું જ કરી નથી શકતો. એટલે દરેક વસ્તુનું ધ્યાન કન્સેન્ટ લેટર આપતાં પહેલાં જ કરી લેવું. જે મકાન રિડેવલપમેન્ટમાં ગયું હોય અને તેનો ફ્લૅટ વર્ષો પહેલાં લેવાયો હોય તો તે ફ્લૅટનું એગ્રીમેન્ટ ફૉર સેલ અને શૅર સર્ટિફિકેટની ઝરોક્ષ કૉપીઓ ખાસ સાચવી રાખવી, કારણ કે ભવિષ્યમાં નવો ફ્લૅટ વેચાય તો એના પર કેટલો કૅપિટલ ગેઈન ટૅક્સ ભરવો પડે છે તે માટે આ બન્ને વસ્તુની જરૂર પડે છે.

**કોઈપણ સોસાયટી રિડેવલપમેન્ટમાં જાય અને મેમ્બરે ફ્લૅટ કે મકાનનું પઝેશન આપવાનું થાય ત્યારે શું ધ્યાન રાખવું?**

રિડેવલપમેન્ટ એગ્રીમેન્ટ રજિસ્ટર્ડ થઈ જાય ત્યાર પછી ડેવલપરે આઈઓડીની અરજી કરવી પડે છે અને તેની સાથે સેન્ક્શન પ્લાન પણ લગાવડવો પડે છે અને ત્યારપછી જ દરેક ફ્લૅટમાલિકે ક્યારે ડેવલપરને ફ્લૅટનું પઝેશન આપવું તે નક્કી થાય છે. આની પહેલાં સામાન એક ફ્લૅટમાંથી બીજા ફ્લૅટમાં લઈ જવાનો હોય તેના પર રૂા. ૨૦ થી ૨૫ હજાર ડેવલપરે આપવા પડે છે. પાલિકાનીની બધી પરમિશન મળી ગયા પછી બીલ્ડરે મેમ્બર સાથે એગ્રીમેન્ટ રજિસ્ટર્ડ કરાવવું પડે છે.

**કોઈપણ રજિસ્ટર્ડ સોસાયટી રિડેવલપમેન્ટમાં જતા પહેલાં તે સોસાયટીની તરફેણમાં કન્વેયન્સ છે કે નહીં તે કઈ રીતે ચેક કરવું?**

કોઈપણ રજિસ્ટર્ડ કૉ. ઑ. સોસાયટી કે ભાડાનું મકાન હોય અને જે જમીન પર તે બંધાયું હોય તો તે જગ્યાનું કન્વેયન્સ સોસાયટીની તરફેણમાં જ હોવું જોઈએ. જ્યાં સુધી તે જમીન સોસાયટીની તરફેણમાં નથી ત્યાં સુધી રિડેવલપમેન્ટની પ્રક્રિયા આગળ નથી વધતી. એટલે કોઈપણ સોસાયટીએ રિડેવલપમેન્ટમાં જતાં પહેલાં સોસાયટીની તરફેણમાં કન્વેયન્સ છે કે નહીં તે ચેક કરી લેવું. કોઈ કારણસર તે જગ્યા મ્હાડાની હોય કે કલેક્ટરની હોય તો રિડેવલપમેન્ટ કરતાં પહેલાં એનઓસી એટલે કે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ હોવું ફરજિયાત છે. કોઈ કારણસર રજિસ્ટર્ડ સોસાયટીમાં કન્વેયન્સ તેની તરફેણમાં ન હોય તો રજિસ્ટ્રાર પાસે ડીમ્ડ કન્વેયન્સ કરાવી લેવું અને ત્યારપછી જ રિડેવલપમેન્ટમાં આગળ વધવું.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખિયા
# ફેમીલી ફ્લોટર મેડિક્લેમ યોજના

સર્વે સભ્ય મિત્રોને જણાવવાનું કે છેલ્લા પાંચ વર્ષથી ચાલતી આપણી સી.ડી. તુરખિયા ગ્રુપ મેડિક્લેમ પૉલિસીના બદલે વ્યક્તિગત / ફેમિલી વાઈઝ પોલીસી ઉતરાવી આપવાનું નક્કી કરેલ છે.

ગ્રુપ મેડિક્લેમમાં આપણે બે વર્ષ પહેલા ભરેલ પ્રીમિયમ કરતા લગભગ ડબલ ક્લેમ લીધેલ હોવાથી કોઈપણ ઈન્શ્યુરન્સ કંપની રિન્યુ કરવા તૈયાર ન હતી માટે Punjab National Bank અને Star Health Policy સાથે જોડાણ કરી દરેક પરિવારને રૂા. ૩ લાખની અલગ અલગ ફેમીલી પોલીસી ઉતરાવવાનું નક્કી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે. **Premium (Including GST)**

| Sum Insured / Age | 18-45 years | 46-60 years | 61-79 years |
|---|---|---|---|
| 200000 | 5888/- | 9325/- | 15165/- |
| 300000 | 7890/- | 11510/- | 19395/- |
| 400000 | 10044/- | 14590/- | 24084/- |
| 500000 | 11878/- | 17300/- | 26791/- |
| 750000 | 14425/- | 22645/- | 33926/- |
| 1000000 | 15069/- | 24640/- | 38626/- |

**રૂા. ૩ લાખની ફેમીલી ફ્લોટર સ્ટાર હેલ્થ પોલિસી લેનાર માટે અગત્યની સૂચનાઓ :**

- આ પોલિસી લેવા ઈચ્છુક દરેક પરિવારે અરજી પત્રકની સાથે મુખ્ય અરજદાર (Primary Applicant) ના આધાર કાર્ડ કોપી (૨) પેન કાર્ડ કોપી (૨) અને ફોટા (૨) તેમ જ ઝાલાવાડી સભાની મેમ્બરશીપ રસીદ/કાર્ડની ઝેરોક્સ જોડવાની રહેશે.
- પંજાબ નેશનલ બેંકમાં ખાતું ખોલાવવું ફરજિયાત છે અને મેડીક્લેઈમનો ચેક દરેક પરિવાર PNB ના ખાતામાંથી જ આપવાનો રહેશે. PNB ખાતામાં Minimum Balance રૂા. ૨૫૦૦/- રાખવું જરૂરી છે.
- મેડિક્લેમ પૉલિસીમાં સહાય મેળવતા સભ્યોની સગવડતા માટે સહાય મેળવવા ઑનલાઈન ફૉર્મ ભરવાનું રહેશે સાથે માંગવામાં આવેલ ડૉક્યુમેન્ટ સબમીટ કરવાનાં રહેશે જેની વિગત આ અંકના પેજ નં ૩૫ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. મેડિક્લેમ સહાયની રકમ આપના બૈંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરવામાં આવશે.
- ક્લેઈમ માટે સ્ટાર હેલ્થના ઓફિસરનો સંપર્ક કરવાનો રહેશે. કોઈપણ જુદા ક્લેઈમ માટે ઝાલાવાડી સભાની કોઈ જવાબદારી રહેશે નહિ તેની નોંધ લેશોજી.
- ૬ મહિનાના બાળકથી લઈને ૭૯ વરસ સુધીની કોઈપણ વ્યક્તિ આ પોલીસી લઈ શકે છે.
- કોઈપણ પ્રકારના મેડિકલ ચેકઅપની જરૂર નથી પરંતુ પોતાની વર્તમાન બિમારીની જાણ કરવી જરૂરી છે.
- સભા તરફથી ૪૫ વર્ષથી નીચેનાને પ્રિમિયમમાં રૂા. ૩૦૦૦/- અને ૪૬ થી ૬૦ વર્ષ સુધી પ્રિમીયમમાં રૂા. ૫૦૦૦/- અને ૬૧ થી ૭૯ સુધીનાને પ્રિમીયમમાં રૂા. ૭૦૦૦/- ની રાહત સભાના નિતી નિયમ મુજબ આપવામાં આવશે. (Condition Apply)

**વધુ વિગત માટે સંપર્ક**

**શ્રી મહેન્દ્રભાઈ તુરખિયા - ડોનર** **શ્રી નિશિતભાઈ પી. તુરખિયા**

| કન્વીનર | કન્વીનર | કન્વીનર |
|---|---|---|
| **શ્રી મુકેશભાઈ આર. શાહ (ચશમાવાળા)** | **શ્રી મહેશભાઈ દોશી** | **શ્રી નવીનભાઈ જસવાણી** |
| **૯૮૧૯૧૮૩૩૨૫** | **મો. ૯૩૨૨૬૭૧૦૮૭** | **મો. ૯૮૨૦૬૮૧૮૧૪** |

# આસપાસ ચમકતાં દીવાઓ જોઈને લોભાઈ ન જશો

મોહમ્મદ માંકડ

**ઘ**ણા વખત પછી એક જૂના સંબંધીને મળવાનું થયું : 'કેમ છો ?' મેં પૂછ્યું, 'તમારું સાપ્તાહિક કેવુંક ચાલે છે ? બીજી શું પ્રવૃત્તિ કરો છો ?'

'સાપ્તાહિક તો ઘણા વખત પહેલા બંધ થઈ ગયું.' તેમણે અફસોસથી કહ્યું, 'ત્રણ મહિના માંડ ચાલ્યું. પછી નળિયાની એક ફેક્ટરી કરી હતી.'

'નળિયાની ફેક્ટરી ?'

'હા, એક મિત્ર સાથે ભાગીદારીમાં, પણ એમાંય સફળતા ન મળી. તેલનો એક ઘાણો પણ કરી જોયો. ખીલીઓ બનાવવાનું કારખાનું પણ કર્યું. સ્ટેશનરીની દુકાન કરી...'

'હમણાં શું કરો છો ?' એમની લાંબા દાસ્તાનને ટૂંકી કરવાના હેતુથી મેં પૂછયું.

'હમણાં ?' 'એ હસ્યા. 'હમણાં જુદાં જુદાં છાપાંઓનો રિપોર્ટર છું.'

'સરસ,' મેં કહ્યું, 'પત્રકારત્વમાં અને સાહિત્યમાં તમને પહેલેથી જ રસ હતો.'

'હા. રસ તો હતો.' સહેજ ખિન્ન થઈને એ બોલ્યા. એમના એ શબ્દો ઉપરથી રિપોર્ટર તરીકેના એમના કામથી એમને સંતોષ નહોતો એ હું જાણી શક્યો.

અમે સાથે ભણતા હતા. એ વખતે એ ભાઈ બહુ તરવરિયા હતા. શિક્ષકો એમની પ્રશંસા કરતા. યુવાનો એમનાથી અંજાઈ જતા. કોઈ પણ વિષય ઉપર એ પોતાનું વક્તવ્ય રજૂ કરી શકતા. યુરોપ અને અમેરિકામાં યુવાનો શું કરે છે, કેવી રીતે અભ્યાસ કરે છે, અભ્યાસ કરતાં કરતાં કેવાં કામો કરે છે, કેવી કેવી સિધ્ધિઓ મેળવે છે, એની વાત કરતા.

હાઈસ્કૂલમાં અમે ભણતા હતા ત્યારે જે એમણે વિદ્યાર્થીઓ માટે પેન્સિલ, રબ્બર, નોટબુક્સ, જૂનાં-નવાં પુસ્તકો વગેરેનું કામકાજ શરૂ કર્યું હતું. પછી નાનકડી દુકાન શરૂ કરી હતી, પછી ટાઈપ ક્લાસ શરૂ કર્યા હતા.

અમે જુદા પડયા પછી પણ એમની અનેકવિધ પ્રવૃત્તિઓના ખબર મને મળતા રહેતા હતા. સંગીતના વર્ગો, સીવણના વર્ગો, જાત્રા અને પ્રવાસની સ્પેશિયલ ટ્રેનો કોઈક મોટી સંસ્થા જેટલું કામ એ ભાઈ એકલે હાથે કરી રહ્યા હતા. વર્ષો સુધી હું એમના નામથી અંજાયેલો હતો. પછી ધીમે ધીમે મને જાણવા મળ્યું કે પ્રવૃત્તિઓ તો એ ઘણી કરતા હતા, પણ એમાં સફળતા ભાગ્યે જ મળતી હતી.

આવી ઘણી વ્યક્તિઓ હોય છે, જેમની નિષ્ફળતા માટે શક્તિનો કે સાહસનો અભાવ નહીં પણ એમનો અસ્થિર સ્વભાવ કારણભૂત હોય છે. શક્તિ અને સાહસથી ઊભરાતી એવી વ્યક્તિઓ તાત્કાલિક બધું મેળવી લેવા માગતી હોય છે. પરંતુ જિંદગીમાં અમુક ધીરજ જરૂરી હોય છે, ફરજિયાત હોય છે.

શાળા-કૉલેજમાં ક્રિકેટ રમતા ક્રિકેટરો, પોતાના અવાજથી મુગ્ધ કરી દેતા ગાયકો, અભિનેતાઓ, સંગીતકારો, કવિઓ, લેખકો પછીના સમયમાં કેમ ખોવાઈ જાય છે ?

એમાંના કેટલાક તો એમની કાચી બુદ્ધિને કારણે પોતાની સાચી સ્થિતિ સમજી શકતા જ નથી. એમની શક્તિ મર્યાદિત હોય છે. ઘરના ઓરડામાં પડેલો નાનકડો દીવો આખા ઓરડાને અજવાળી શકે છે, પરંતુ બહાર મેદાનમાં આવતાં જ એની મર્યાદા ખુલ્લી થઈ જાય છે. શાળા કૉલેજની દુનિયા અને બહારની દુનિયા તદ્દન જુદી હોય છે.

બીજી કેટલીક વ્યક્તિઓમાં શક્તિ તો ઘણી હોય છે, પરંતુ કોઈ પણ કામમાં સિદ્ધિ મેળવવા માટેની ધીરજ એમનામાં હોતી નથી. તપ કરવાની કોઈ તૈયારી જ એમનામાં હોતી નથી. જિંદગીની સફર બહુ ઉત્સાહથી એ લોકો શરૂ કરે છે, પરંતુ વચ્ચે વચ્ચે લોભાઈને આમતેમ, આડાઅવળા રસ્તે ફંટાઈ જાય છે.

ઓમર બ્રેડલીએ તદ્દન સાચું કહ્યું છે કે, We need to learn to set our course by the stars, not by the lights of every passing ship.

યુવાની આવે છે ત્યારે થનગનાટ સાથે જ આવે છે. કાંઈનું કાંઈ કરી નાખવાની ઈચ્છા માણસના મનમાં જાગી ઊઠે છે. ઈચ્છાઓનું પૂર ઊમટે છે. એ પૂરને કોઈ એક રસ્તે, એક લક્ષ્ય પર વાળીને જ એનો વધુમાં વધુ લાભ લઈ શકાય છે. જો એમ કરવામાં ન આવે તો એની શક્તિ વેડફાઈ જાય છે. ઘણી વાર નાના નાના ફાંટાઓમાં વિભાજિત થઈને એ વેરવિખેર થઈ જાય છે. એની શક્તિ નાશ પામે છે.

જિંદગીની લાંબી સફરે ઊપડતો પ્રવાસી પોતાના વહાણનો રસ્તો કોઈક ધ્રુવતારકની મદદથી જ નક્કી કરે અને પછી એ રસ્તે જ આગળ વધે તે જરૂરી હોય છે. વચ્ચે વચ્ચે મળતાં વહાણોના દીવાઓ જોઈને પોતાનો રસ્તો બદલ્યા કરે તો દિશાશૂન્ય બનીને અફાટ દરિયામાં ખોવાઈ ગયા વિના ન રહે.

અને મોટા ભાગના યુવાન માણસોની જિંદગીમાં આવું જ બને છે. દૂરનું કોઈક લક્ષ્ય નક્કી કરીને સફરે નીકળનાર એ સાહસિકો નજીકથી પસાર થતાં વહાણોના દીવાઓ જોઈને લોભાઈ જાય છે. એ તરફ જરૂરી કોઈક 'ખજાનાનો ટાપુ' હશે એમ માનીને પોતાની દિશા બદલી નાખે છે. થોડે દૂર એ જ દિશામાં ચાલે છે. પણ વળી કોઈક ઝગમગાટ કરતું વહાણ બીજી દિશામાં જતું એમને દેખાય છે અને વળી દિશા ફેરવવાનું મન તેમને થઈ જાય છે. આમ ને આમ યુવાની પૂરી થઈ જાય છે અને શક્તિઓ વેડફાઈ જાય છે. વહાણ ભટકતું જ રહે છે. કોઈ કિનારો ક્યારેય એને દેખાતો નથી.

પરંતુ આનો અર્થ એવો નથી કે માણસે ક્યારેય પોતાની દિશા બદલવી જ નહિ, આનો અર્થ એવો નથી કે એક જ નાડું પકડી રાખવું જે કામ હાથમાં લીધું હોય એ ખોટું હોય તોપણ એને ન છોડવું. જે દિશામાં જવાથી ખડક સાથએ અથડાઈને ભાંગી જવાનું હોય છતાં હંકાર્યે જ રાખવું. આનો અર્થ એવો છે કે પોતાની જાત વિશે કે પોતે નક્કી કરેલ દિશા વિશે ખોટા ભ્રમમાં રહેવાને બદલે સાવચેત બનીને એનો સાચો અંદાજ મેળવતા રહેવું.

સામાન્ય રીતે આપણને ત્રણ પ્રકારના માણસો જોવા મળે છે. એક તો સીધા પોતાના લક્ષ્ય તરફ જનારા. પોતાની શક્તિને પારખીને ધીરજપૂર્વક પોતાના રસ્તે ચાલનારા. ઘણા ઉદ્યોગપતિઓ, વેપારીઓ, શિક્ષકો , લેખકો, કવિઓ, ચિત્રકારો, આ પ્રકારમાં આવશે. રવિન્દ્રનાથ ટાગોર બચપણથી જ કવિતાઓ લખતા અને કવિ બન્યા. એમને તપ ઘણું કરવું પડયું, પણ દ્વિધાનો સામનો ખાસ ન કરવો પડયો.

બીજા એવા માણસો જેઓ પોતાની શક્તિને પારખ્યા વિના માત્ર એ શક્તિને કામે લગાડી પેલા મિત્ર જેમ અનેક ધંધાઓમાં, અનેક ક્ષેત્રોમાં અથડયા કરે, દિશાશૂન્ય વહાણ જેમ એમ જ શક્તિ વેડફી નાખે.

પરંતુ ત્રીજા એવા પ્રકારના માણસો પણ હોય છે. જેઓ જિંદગીની સફર કોઈ એક દિશામાં કરે છે અને સફળતા બીજી દિશામાં જઈને જ પ્રાપ્ત કરે છે. એવા માણસો જેમણે જિંદગીની શરૂઆત પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે કરી હોય, એ છોડીને સરકારી નોકરી કરી હોય, એ છોડીને દુકાન કરી અને ખ્યાતનામ લેખક બન્યા હોય. શરૂઆત પત્રકાર તરીકે કરી હોય, અને પછી દવા કે લોખંડની ફેક્ટરીના માલિક બનીને કરોડપતિ બન્યા.

આમ એક જ જગ્યાએ તપ કરનાર કે એક જ દિશામાં સફર કરનાર જે રીતે સિધ્ધિ પ્રાપ્ત કરે છે એ જ રીતે યોગ્ય પળે પોતાની દિશા ફેરવીને સફર કરનાર પણ સિધ્ધિ પ્રાપ્ત કરી શકે છે. એ માટેની કોઈ ફોર્મ્યુલા આપણી પાસે નથી.

છતાં પેલાં તારાઓને આધારે માર્ગ નક્કી કરવાની અને બાજુમાંથી પસાર થતાં વહાણોના દીવાઓ જોઈને દિશા બદલી નહિ કરવાની વાત તો રહે જ છે. લોકો બે-ત્રણ કામ કે ધંધા બદલ્યા પછી સફળ થયા હોય છે. એ લોકો પણ બાજુમાંથી પસાર થતાં વહાણોના દીવા નહિ પણ દૂરના જ કોઈક તારાઓના આધાર લેતા હોય છે. પોતાની શક્તિઓને અને પોતાના લક્ષ્યની દિશાને જાણવામાં એમને થોડી વધુ વાર લાગે છે ત્યાં સુધી તેઓ વચગાળાનાં કામો કરતાં રહે છે. પણ પોતાની દિશા મળે કે તરત જ બધું છોડીને એ તરફ સફર શરૂ કરી દે છે.

જીવનમાં પોતાનો માર્ગ પહેલા જ પ્રયત્ને શોધી શકે એવા ભાગ્યશાળી બધા નથી હોતા. પરંતુ જે લોકો પસાર થતા દીવાઓ જોઈને માત્ર દેખાદેખીથી આમતેમ, આડીઅવળી દિશામાં હંકાર્યા જ કરતા હોય છે એ લોકો તો ક્યારેય પોતાનો માર્ગ શોધી નથી શકતા.

એ માટે માણસે ધીરજ કેળવવી પડે છે. પોતાને ક્યાં જવું છે, શું પ્રાપ્ત કરવું છે એ નક્કી કરવું પડે છે એ પોતે જે દિશામાં જઈ રહેલ હોય એ દિશામાંથી એની પ્રાપ્તિ થઈ શકે તેમ ન હોય તો દિશા બદલવી પણ પડે છે.

**પરંતુ માત્ર દિશાઓ બદલતા રહેવાથી કોઈ લક્ષ્ય પર પહોંચી શકાતું નથી. કોઈ પણ રસ્તે, પ્રલોભનોના દીવાઓ તો ઝળકતા જ હોય છે, પરંતુ મુસાફરે તો પોતાની નજર આકાશના કોઈક અવિચલ તારા ઉપર રાખીને જ સફર કરવી પડે છે. તો જ તે પોતાના લક્ષ્ય પર વહેલા કે મોડા પહોંચી શકે છે.**

❖❖❖

## મૂર્તિ કેવી ન હોય ?

કહેવાય છે કે મૂર્તિની બનાવટી પણ તે ગામ પર અસર રહે છે. આ બાબત માટે મૂર્તિની બનાવટ પર ઘણી વસ્તુઓનું ધ્યાન રાખવામાં આવે છે જેમકે મૂર્તિનું પેટ અંદરના ભાગમાં હોય તો તે ગામમાં દુકાળની અસર થાય તેવી સંભાવના રહે છે. મૂર્તિના પગ પાતળા હોય તો ગામમાં પોલિયો જેવી બિમારીની અસર પણ રહી શકે. પેટ બહારની સાઈડ હોય તો ગામમાં આળસપણું દેખાઈ આવે તેવું પણ બને, આંખો પહોળી હોય તો ગામમાં ગુસ્સાપણું કે ગુંડા ગર્દી જેવું બને, મૂર્તિની ભૂજાઓ મોટી હોય તો અસૂરતાની નિશાની કહેવાય, માટે મૂર્તિકાર આ બધી વસ્તુઓને ધ્યાનમાં રાખી સુડોળ નયનરમ્ય મૂર્તિ બનાવે જેની અસર ગામ પર ન થાય અને તે શાંત ચિત્તે રહે અને ભાવિકો પણ સુખનો અનુભવ કરે.

# બુદ્ધ અને બુદ્ધત્વ

**સ્વામી આનંદ વીતરાગ**

'બુદ્ધપુરુષને પણ દુઃખનાં આંસુ આવે ?' આવો એક પ્રશ્ન ઓશોને પૂછાયો.

ઓશોએ જવાબમાં કહ્યું, 'બુદ્ધપુરુષ માટે કોઈ પણ વિધાન નિશ્ચિતપણે કરવું શક્ય નથી અને યોગ્ય પણ નથી. એમની કોઈ સીમા નક્કી થઈ શકતી નથી. બુદ્ધ હોવાનો અર્થ પૂર્ણ થવું તે છે. પૂર્ણતામાં આંસુ સારવાની ક્ષમતા છૂપાયેલી છે.'

એક ઝેન ફકીર હતો. એના શિષ્યનું નામ હતું રિંઝાઈ. રિંઝાઈ એના ઝેન ગુરુ કરતાં પણ વધારે પ્રખ્યાત હતો. ખરેખર તો રિંઝાઈના ગુરુ પણ રિંઝાઈને કારણે જ જાણીતા બન્યા હતા. એ ગુરુનું અવસાન થયું હતું, હજારો લોકો સ્મશાન યાત્રા માટે હાજર થયા હતા. રિંઝાઈની સામે એના ગુરુનું શબ પડયું હતું અને રિંઝાઈની આંખોમાંથી દડદડ આંસુ સરી રહ્યાં હતા. રિંઝાઈને માનનારા એના શિષ્યો આ જોઈ વિચારમાં પડી ગયા. એમણે રિંઝાઈને કહ્યું, 'તમને રડવું શોભતું નથી. તમારા જેવા બુદ્ધ પુરુષને રડતા જોઈ લોકો શું વિચારશે ?'

રિંઝાઈએ કહ્યું, 'તમે સમજી લો, કે હું બુદ્ધપુરુષ નથી. રડવું આવતું હોય તો હું શું કરું ? મારા ગુરુએ મને કહ્યું છે કે જે કાંઈ સ્વાભાવિક થતું હોય તે થવા દેવું. સ્વાભાવિક રીતે જ અત્યારે મને આંસુ આવી રહ્યાં છે.'

શિષ્યોએ કહ્યું, 'તમે જ અમને સમજાવ્યું છે કે આત્મા અમર છે. મૃતાત્મા પાછળ શોક કરવો નકામો છે.'

રિંઝાઈએ કહ્યું, 'હું આત્મા માટે રડતો નથી, મારા ગુરુનું શરીર પણ મને વહાલું હતું. હવે પછી એ શરીરનાં ફરીથી દર્શન કરવા નહીં મળે. એક અપૂર્વ શરીરનું વિસર્જન થઈ રહ્યું છે. તમે મને સ્વાભાવિક રહેવા દો અને રડવા દો. બુદ્ધપુરુષની પરિભાષા તમારે જે કરવી હોય તે કરો.'

ઓશોએ કહ્યું, રિંઝાઈ બુદ્ધપુરુષ હતો એટલે રડી શક્યો. તમારા જેવો કોઈ બુદ્ધ અહંકારી હોત તો આંસુ રોકીને, હિંમત



બતાવીને, જ્ઞાની પુરુષ હોવાની ઈજ્જત મેળવી લેત. ભીડની હાજરીમાં અક્કડ બેસીને બતાવી દેત કે જ્ઞાની પુરુષે વળી રડવાનું કેવું ? રિંઝાઈ ખરેખર બુદ્ધપુરુષ હતો. એટલે જ બુદ્ધપુરુષ હોવાની વાતને ઠોકરે મારીને કહી શક્યો, 'માની લો, હું બુદ્ધપુરુષ નથી, મને રડવા દો.'

ગૌતમબુદ્ધના જીવનમાં ઉલ્લેખ છે કે બાર વર્ષે બુદ્ધત્વ પ્રાપ્ત થયા પછી બુદ્ધ પોતાને ગામ પાછા ફર્યા. ત્યારે એમને પોતાનાં પિતા, માતા, પત્ની અને પુત્રને મળવાની ઈચ્છા થઈ. બુદ્ધનો પટ્ટશિષ્ય આનંદ, જે હંમેશા બુદ્ધના પડછાયાની જેમ, બુદ્ધ સાથે સાથે રહેતો હતો, તેણે કહ્યું, 'બુદ્ધપુરુષના તો બધા સંબંધો ખતમ થઈ ગયા હોય છે.'

બુદ્ધે કહ્યું, 'હું બુદ્ધ થઈ ગયો, પરંતુ તેઓ થયાં નથી. હું મુક્ત થયો, પરંતુ માતાપિતાનું ઋણ કાયમ છે. બાર વર્ષ પહેલાં, અંધારી રાતમાં બધાને ઊંઘતાં મૂકીને ભાગી છૂટયો હતો. એમની રજા માંગવાની હિંમત ન હતી. આનંદ ! એમની ક્ષમા તો ત્રાગવા દે. મારી પત્ની યશોધરા હજી મારાથી નારાજ હશે. એ અત્યંત સ્વમાની સ્ત્રી છે. હું ક્ષમા નહીં માગું. ત્યાં લગી એ ક્ષમા આપશે પણ નહીં.'

આનંદે કહ્યું, 'ઠીક, હું સાથે આવું છું.'

બુદ્ધે કહ્યું, 'નહીં, યશોધરા તારી હાજરીમાં ખુલીને વાત નહીં કરી શકે. તું મારા કાકાનો મોટો દિકરો ભાઈ છે. એ તારી મર્યાદા જાળવશે. તારી હાજરીમાં ઘૂંઘટ કાઢશે. એ કુલીન સ્ત્રી છે. તારી સામે એ રડી પણ નહીં શકે. તારી હાજરીમાં મારી સામે નારાજી પણ નહી બતાવી શકે. પોતાને શું વીત્યું છે તે જણાવી નહી શકે અને પોતાનુ દિલ હલકું નહીં કર શકે. એટલે તું મને એકલો જવા દે.'

આનંદે કહ્યું, 'બુદ્ધપુરુષને આવા લાગણીવેડા ન શોભે. બુદ્ધ પુરુષને વળી પત્ની શું અને પુત્ર શું ?'

બુદ્ધે કહ્યું, 'તું બુદ્ધપુરુષોની ફિકર છોડ. બુદ્ધ પુરુષની કોઈ પણ વ્યાખ્યાથી હું બંધાયેલો નથી. હું જે કરવું હોય તે કરવા સ્વતંત્ર છું.'

એમ કહી બુદ્ધ યશોધરાને મળવા ગયા. બુદ્ધને જોતાં જ યશોધરા ચોધાર આંસુએ રડી પડી. ચીસ પાડી. ખિજાઈને કહ્યું, 'તમે મને છોડીને ભાગી ગયા ! તમારે સાધના માટે જવું હતું તો મને જગાડીને વાત તો

કરવી હતી. હું તમને રોકત નહીં. હું પણ ક્ષત્રિય સ્ત્રી છું. મારા પર એટલો ભરોસો પણ ન રાખ્યો ? સાધના માર્ગે જવાના હતા તો અંતિમ પળે હું તમારા પગમાં નમન કરી તમને ખુશીથી જવા દેત. એવો મોકો પણ મને ના આપ્યો ? તમારા પગ પકડીને કહેત કે તમે માલિક છો, તમે મારા સ્વામી છો, તમને ઠીક લાગે તેમ કરો. પરંતુ તમે તો એક ચોરની જેમ ભાગી ગયા. મારા પ્રેમની તમને કોઈ કિંમત ન હતી ? તમારી આ ભાગી જવાની કાયરતા મને ખટકે છે. એક કાંટાની જેમ હરહમેશ એ કાયરતા ખટક્યા કરે છે.'

આમ યશોધરા રડતી, ચિલ્લાતી, ફરિયાદ કરતી હતી, ત્યારે એ બધું શાંત ચિત્તે બુદ્ધ સાંભળી રહ્યા હતા. એક શબ્દ પણ બોલ્યા નહીં. રડતી રોકવા માટે હાથનો ઈશારો પણ ન કર્યો. ત્યારે યશોધરાએ પોતાનાં આંસુ લૂછયાં, અને કહ્યું, 'ચૂપ કેમ ઉભા છો ? જવાબ આપો. બોલતા કેમ નથી ?'

બુદ્ધે કહ્યું, 'હું શું કહું ? જે અહીંથી તને છોડીને ગયો હતો તે હું નથી. તું જેની સાથે લડી રહી છે તે ગૌતમ હવે રહ્યો નથી. સાવ બદલાઈ ગયો છું. પાગલ ! તું મારી સામે જો તો ખરી ! હું જે તારી સામે ઉભો છું તેનાથી તું તદ્દન અજાણ અને અપરિચિત છે. બધું જડમૂળથી બદલાઈ ગયું છે. દેહ ભલે એવોજ દેખાતો હોય, પરંતુ અંદરની જ્યોતિ બદલાઈ ગઈ છે. ગૌતમ મટી ગયો છે. ભૂતકાળની વાત છે. મારામાં જે પરિવર્તન થયું છે તેનો સ્વાદ તને પણ મળે, મને મળ્યો એવો આનંદ તને પણ મળે એવા આશયથી હું આવ્યો છું. મારા સાતત્યપૂર્ણ અપૂર્વ આનંદમાં તને ભાગીદાર બનાવવા હું આવ્યો છું.'

આ પછી યશોધરા બુદ્ધની સંન્યાસીની બની, ત્યારે બુદ્ધે આનંદને યાદ કર્યો. આનંદની હાજરીમાં બુદ્ધે યશોધરાને કહ્યું, 'હવે તું આનંદને સમજાવ, કે તેં જે રીતે મારી સાથે પેટ છૂટી વાતો કરી, તારું દિલ હળવું કર્યું, તે આનંદની હાજરીમાં તું કરી શકી હોત ?'

યશોધરાએ કહ્યું, 'આનંદને લાવ્યા હોત તો તમારી સાથે ખુલ્લે મને વાત પણ ન કરી શકી હોત અને તમને ક્ષમા પમ ન આપત. એમ માની લેત કે ચોરની જેમ ભાગી ગયા અને હવે તમારો બચાવ કરવા ભીડને સાથે લઈને મળવા આવ્યા, કે જેથી તમને હું કાંઈ પણ કહી ન શકું. આનંદની હાજરીમાં હું કાંઈ બોલી ન શકત. કોઈની આડ લઈને, વચમાં પડદો રાખીને, તમે આવ્યા હોત તો હું તમારી સામે ચૂપ રહેત. મારા હૃદયમાં વેદનાના જે છાલાં ઉઠ્યાં હતાં તે બતાવી ન શકત. તમારી સાથેની વાત જ પૂરી થઈ જાત.'

સમજવાનું એ છે કે કોઈ બુદ્ધ પુરુષ, કોઈ બીજા બુદ્ધની નકલ જેવો હોતો નથી. બધા બુદ્ધ પુરુષ પોતાની રીતે અનોખા હોય છે. કૃષ્ણ, મહાવીર, જીસસ, મહંમદ બધા પોતપોતાની રીતે અનોખા છે. અલગ અલગ ફૂલ ખિલેલાં છે, આ પૃથ્વી પર. કોઈ ગુલાબ તો કોઈ કમળ, કોઈ જુઈ તો કોઈ ચંપો. બધી જ અલગ અલગ અભિવ્યક્તિ છે.

બુદ્ધપુરુષ શું કરશે તે કહી શકાય તેમ નથી. કારણ બધા બુદ્ધપુરુષોની અભિવ્યક્તિના અભિગમ અલગ હોય છે. તમને ખબર હશે કે કૃષ્ણનું એક નામ છે રણછોડદાસ. કૃષ્ણ યુદ્ધનું મેદાન - રણ છોડીને ભાગી ગયા હતા. બુદ્ધ પુરુષ કોઈથી ડરીને ભાગી જઈ શકે ? બુદ્ધપુરુષ જૂઠું બોલી શકે ? કૃષ્ણના જીવનમાં ઘણી વાતો એવી છે કે જે સમજી ન શકાય. કૃષ્ણને બધું જ સ્વીકાર્ય હતું. કૃષ્ણે વર્તમાન પરિસ્થિતિના અનુસંધાનમાં ભૂતકાળમાં આપેલાં વચન તોડયાં છે. મહંમદે હાથમાં તલવાર ઉઠાવી છે. મહંમદે તલવાર પર લખ્યું હતું, 'શાંતિ મારો સંદેશ છે.' સંદેશપણ તલવાર પર લખ્યો ! બીજી કોઈ જગ્યા શાંતિ સંદેશ માટે ન જડી ? 'ઈસ્લામ' શબ્દનો અર્થ થાય છે 'શાંતિ'. શાંતિ સ્થાપવા માટે મહંમદને તલવાર ઉઠાવવી પડી.

જ્યારે મહાવીર એવો બુદ્ધપુરુષ છે, જે કીડીને મારવામાં પણ પાપ સમજે છે અને બીજો મહંમદ બુદ્ધપુરુષ છે, જે તલવાર હાથમાં લઈ દુશ્મન સાથએ યુદ્ધ કરે છે. કૃષ્ણ અર્જુનને કહે છે, 'તું બેફિકર તારા બાણ છોડ. માર, જે મરાશે તે મરાઈ ચૂક્યા છે. તું તો નિમિત્ત માત્ર છે.' બુદ્ધ વૃક્ષ નીચે ધ્યાનસ્થ મૌન બેઠા છે, જ્યારે મીરાં ગામેગામ ગિરીધર ગોપાલની ધૂન મચાવતી નાચતી ફરે છે. તમે બુદ્ધને નાચતા કે મહાવીરને હોઠપર વાંસળી રાખી, મધુર સંગીત રેલાવતા કલ્પી શકો છો ? કૃષ્ણ મોરપિંછ અને પિતાંબર પહેરી, ગોપીઓ સાથે રાસ રચે છે, બધા બુદ્ધ અનોખા છે. એમની સીમા નહીં આંકી શકાય, એમની પરિભાષા નહીં થઈ શકે.

❖❖❖

એક વાક્ય જે હંમેશા મને
પ્રોત્સાહિત કરતું રહે છે...
તું એકલો નહિ એકડો છે..
ઊઠ.. હજારો મીંડા તારી રાહ
જુએ છે.
તારું મૂલ્ય સમજ..!
ઝૂમતાં નહીં આવડે તો ચાલશે પણ,
ઝઝૂમ્યાં વગર તો છૂટકો જ નથી.
- સ્પીડ બ્રેકરમાંથી

''મારૂ મુંબઈ'' ''અમારૂ મોરબી''

# શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ

C/o. અતુલ ફાર્માસ્યુટિકલ્સ, ૨૦/૨૪, જૂની હનુમાન ગલી, રજે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

ટેલીફોન નં. ૨૨૪૧૮૧૨૫ વેબસાઈટ: www.morbimitra.com

## જૈન સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પરિચય મિલન

શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ દ્વારા આયોજીત

**સ્વ. રેવાશંકર હીરાચંદ દેસાઈ(મોરબી) હસ્તે વિનોદભાઈ ત્રંબકલાલ દેસાઈ તથા**

**માતુશ્રી કલ્પનાબેન પ્રતાપરાય દોશી પરિવાર હસ્તે જીગ્ના પ્રદીપ દોશી પ્રેરિત ૧૩મો પરિચય મિલન**

**તારીખ** : રવિવાર - ૧૨-૦૧-૨૦૨૫ સમય : સવારના - ૯ થી ૧
રજીસ્ટ્રેશન તથા અલ્પાહાર સવારના ૯ થી ૧૦ વાગ્યા સુધી

**અલ્પાહારના દાતા** : સ્વ. હસમુખરાય કે. મહેતા હસ્તે નીતાબેન શૈલેષભાઈ મહેતા

**સ્થળ** : ઈન્ટરલીંક બેન્કવેટ, નિલકંઠ બીઝનેસ પાર્ક,
વિદ્યાવિહાર બસ ડેપો પાછળ, વિદ્યાવિહાર (વે) મુંબઈ

**જુવાન હૈયુ થનગને છે... કરે હૈયા કેરો સાદ**
**મળે જીવનમાં... એક મનગમતા જીવનસાથીનો સાથ**

પરિચય મિલનમાં ભાગ લેનાર ઈચ્છુક યુવક અને યુવતીઓએ સંસ્થાની **Website : www.morbimitra.com** પર આપેલ ફોર્મ માં પોતાની સંપૂર્ણ વિગતો તથા પાસપોર્ટ સાઈઝનો ફોટ અપલોડ કરવાનો રહેશે. તેમ જ રૂા. ૫૦૦/- નૉન રિફન્ડેબલ ભરવાના રહેશે.

❖ આ પરિચય મિલન સને ૧૯૮૮ કે ત્યારબાદ જન્મેલા યુવક યુવતીઓ પુરતોજ મર્યાદિત રહેશે અને રજીસ્ટ્રેશન તા. ૩૧-૧૨-૨૦૨૪ સુધી કરવાનુ રહેશે. ત્યારબાદ એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી.

❖ પરિચય મિલનના દિવસે રજીસ્ટર થયેલ Candidate સાથે તેમના બે વડીલોને એન્ટ્રી આપવામાં આવશે. રજીસ્ટર્ડ થયેલ Candidateની હાજરી અનિવાર્ય છે. Candidateની હાજરી વગર એન્ટ્રી પાસ આપવામાં આવશે નહી.

❖ રજીસ્ટર્ડ થયેલ Candidate ને જ બાયોડેટા ધરાવતી બુકલેટ આપવામાં આવશે તેની નોંધ લેશો.

❖ રજીસ્ટ્રેશન તથા અલ્પાહાર સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધી રહેશે. ત્યાર બાદ પરિચય મિલન શરૂ કરવામાં આવશે.

❖ એક વિશેષ નોંધ આપણા પરિચય મિલન સમારોહમાં Candidate એ પોતાનો પરિચય સ્ટેજ પરથી દેવાનો રહેશે નહી.

❖ પરિચય મિલન સમારોહની એન્ટ્રીઓની સ્વીકૃતી/અસ્વીકૃતિનો અધિકાર મોરબી દશાશ્રીમાળી મિત્ર મંડળ - મુંબઈ કમિટીને આધીન રહેશે.

❖ ફોર્મ ભરતી વખતે કોઈપણ જાતના માર્ગદર્શન, ટેકનીકલ પ્રૉબ્લેમ આવે તો કાર્યક્રમના કન્વીનર શ્રી હીતેશભાઈ ખોખાણી તથા શ્રી કમલેશભાઈ મહેતાનો સંપર્ક કરી શકો છો.

લિ. સ્નેહાધીન :

**શ્રી મોરબી દશા શ્રીમાળી મિત્ર મંડળ – મુંબઈના હોદ્દેદારો**

**પ્રમુખઃ** નરેશભાઈ સી. સંઘવી, **ઉપપ્રમુખ :** રતિલાલ વી. પારેખ, જયપ્રકાશ દફ્તરી

**માનદ્ મંત્રીઃ** ડૉ. ભરત વી. મહેતા, અશોકભાઈ ટોલિયા, હિતેશ ખોખાણી, કમલેશ મહેતા

**માનદ્ ખજાનચી :** ચિમનભાઈ મહેતા, દિપકભાઈ ટોલિયા

**કમિટી મેમ્બર્સઃ** નિતીન પારેખ, નેમિષ મહેતા, યોગેશ સંઘવી, જતીન કોઠારી, જીતેષ માટલિયા, નીલેશભાઈ મહેતા

કન્વીનરઃ હિતેશ ખોખાણી - ૯૩૨૦૨૮૦૪૦૦ કમલેશ મહેતા - ૯૦૨૨૨૨૭૧૨૮

ટેકનીકલ સપોર્ટ : નીલેશભાઈ મહેતા - ૭૯૭૭૨૨૮૯૨૪

Advt.

"ખુશ ખબર"

એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે. આ સ્કીમ ૧-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી જ છે.

**ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

**૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી

સંપર્ક :
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
૯૮૨૧૦૨૯૦૫૩

જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.


## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **દિપ** | **વિધી** | | |
| શ્રી અતુલભાઈ દલીચંદભાઈ ગોપાણીના સુપુત્ર પાળીયાદ નિવાસી (હાલ - કાંદિવલી) | | | |
| શ્રી ચેતનભાઈ રસિકલાલ શાહની સુપુત્રી ભાવનગર નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **પાર્થ** | **દિશા** | | |
| શ્રી દિપેશભાઈ અશોકકુમાર શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - કાંદિવલી) | | | |
| શ્રી તેજસભાઈ જીતેન્દ્રભાઈ શાહની સુપુત્રી દિગસર નિવાસી (હાલ - કાંદિવલી) | | ૬૦૧ | ૬૦૧ |
| **વિરાજ** | **જાનવી** | | |
| શ્રી મેહુલભાઈ જગદીશચંદ્ર વોરાના સુપુત્ર બરવાળા (ઘેલાશા) નિવાસી (હાલ - વડોદરા) | | | |
| શ્રી નિપુલભાઈ મગનલાલ પટવાની સુપુત્રી જુનાગઢ નિવાસી (હાલ - પુના) | | ૫૧૦ | ૫૧૦ |

## સાભાર સ્વીકાર

સ્મીતાબેન નિતિનભાઈ શાહ તરફથી (હાલ - ઘાટકોપર)
સ્વધર્મી સન્માન ફંડ રૂા. ૨૫૦૦/-

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

### સુધારો

નવેમ્બર માસની પત્રિકાના પેજ નં. ૩૧ માં સાભાર સ્વીકારની મેટરમાં શ્રી ડૉ. સ્વ. હસમુખલાલ મહાસુખલાલ ગોસલિયાની પુણ્યતિથિ નિમિત્તે વાંચવા વિનંતી.

## સંસ્થા સમાચાર

લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. ડૉ. નિરંજનમુની તથા પૂ. ચેતનમુની તથા મહાસતીજી શીતલજી તથા પ્રિયંકાજી મહાવીરનગર, કાંદીવલી ઉપાશ્રયમાંથી ચાર્તુમાસ પૂર્ણ કરીને શ્રીમતી અલકાબેન નરેન્દ્રભાઈ સંઘવી (વજુબાપા) ના નિવાસસ્થાને ચીકુવાડી બોરીવલી ચર્તુમાસ પરીવર્તન અર્થે પધારેલ સાથે સકળ સંઘ, યોગીનગર, મોટા ઉપાશ્રય, સંઘવી કુટુંબ, ઝાલાવાડી સભાના કમિટી સભ્યો તથા સિદ્ધિવિનાયક બિલ્ડીંગ ના ભાઈઓ-બહેનો ૪૫૦ મુમુક્ષુઓની ભવ્યમેદનીએ ગુરુદેવને આવકાર્યા. ગુરુદેવે આર્શિવચન તથા મહામાંગલીક ફરમાવેલ. સૌ પ્રથમ શ્રીમતી અલકાબેન, દર્શીતાબેન, ખ્યાતીબેન, નિતાબેને નવકારમંત્રથી તેમજ સ્તવન ગાઈને શરૂઆત કરી. નરેન્દ્ર સંઘવીએ ગુરુદેવનું ભાવભર્યુ સ્વાગત કર્યું. ગુરુદેવે ઉપકાર કર્યો, તેનું ઋણ અદા કર્યુ. કુટુંબે કામળી વહોરાવીનો લાભ લીધો. આમંત્રીત મહેમાનોનું સ્વાગત કર્યુ. આ એરીયામાં ઉપાશ્રય નથી તો વહેલી તકે થઈ જાય એવી ભાવના ભાવી અને સૌએ વધાવી લીધી. રૂા. ૫૦ ની પ્રભાવના અલકાબેન સંઘવી, નિતીકાબેન બેન્કર, નીતાબેન કોઠારી તથા વિજયભાઈ અજમેરા તરફથી અનુમોદના. મહાવીરનગર સંઘના પ્રમુખ અનીલભાઈ સંઘવી એ ગુરુદેવનું યશસ્વી ચાર્તુમાસનો અહેવાલ આપ્યો અને ઋણ સ્વીકાર કર્યુ. સંપૂર્ણ વ્યવસ્થા મહાવીરનગરની કમિટીએ સંભાળેલ. અનીલભાઈએ સંપૂર્ણ કાર્યવાહી કરેલ અને અંતમાં હર્ષીત સંઘવીએ આભાર માન્યો. અંતમાં સૌને નૌકારશી વાપરવાની વિનંતી કરી.

---

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા / પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>નિરવભાઈ 9819012468<br>7208472744 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>મિલનભાઈ<br>9860125136<br>7208481791 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# BIO-DATA



## Prachi Sanghvi

**Personal Details**

Date of Birth : 7th May 1998, (Mumbai)
Birth time : 21:20
Height : 5'0"
Education : Chartered Accountant, Bcom. (H.R. College)
Profession : Senior Manager -Aditya Birla Sunlife Asset Management Ltd (Business Planning and MISTeam) (Ex-Kotakite)
Contact Details : 9167482663

**Family Details**

Caste : Zalawadi Vishashrimali Sthanakvasi Jain
Native : Limbdi, Saurashtra
Father : Hitesh Vinodrai Sanghvi
Occupation : Service in Jewellery industry
Contact : 9819565422
Mother : Mona Hitesh Sanghvi - Homemaker
Contact : 9167487110
Uncle & Aunty : Sanjay Vinodrai Sanghvi (9209847156) & Rajeshree Sanjay Sanghvi (9270645958)
Faiba & Fua : Bina Doshi (8655480899) & Sudhir Doshi (9821134927)

**Paternal Grand Parents :**
Late Vinodrai Kantilal Sanghvi &
Late Ranjanben Vinodrai Sanghvi

**Maternal Grand Parents :**
Native - Botad
Late Chimanlal Doshi &
Late Sumitraben Doshi

**Current Residential address:**
D.L. Jain society, K-12, Opp Voltas,
Chinchpokli, Mumbai – 400 012

Advt.




।।શ્રી ગણેશાય નમઃ।। ।।જય સોમનાથ।। ।।શ્રી મહાવીરાય નમઃ।।

વિશા શ્રીમાળી ની પુજા વિધી કરાવનાર



મહાલક્ષ્મી નમઃ
એ ટુ ઝેડ પુજા, પાઠ, કથા, રાદલ, લોટા,
હવન, લગ્નવિધિ, રૂદ્રાભિષેક, અનુષ્ઠાન માટે સંપર્ક કરો
વિરાટ એચ પાઠક
૯૭૬૮૭૮૬૯૮૬ / ૯૮૬૭૧૬૭૭૪૬



નવગ્રહ જપ
સંપર્ક કરો



હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

નવચંડી વાસ્તુ પુજા, નક્ષત્ર શાંતી, ચંડીપાઠ,
લગ્નવિધી, રુદ્રાભિષેક,
મહામૃત્યુજય જપ, હવન,
કાલસર્પયોગ,
શ્રીફળ વિધી, પિતૃકાર્ય ગીતાજી,
ગરૂડ પુરાણ, અર્ક વિવાહ,
કુંભ વિવાહ જ્યોતિષ
માટે સંપર્ક કરો



Virat pathak
Scan to pay with any UPI app

પિતૃ તિથિ નિમિત્તે બ્રાહ્મણ સિધો દાન, વસ્ત્ર દાન (સંકલ્પ)
(અથવા કોઈપણ નિમિત્તે) ઓન લાઈન વિડિઓ કૉલ સંપર્ક કરો.

કોઈપણ પુજા વિધી માટે સંપર્ક કરો / ઓનલાઈન વિડિઓ કૉલ પુજા વિધી માટે સંપર્ક કરો

આગ્રા રોડ, ગંગાવાડી,
ઘાટકોપર (પ), મુંબઈ – ૮૬



હોમ બ્રાન્ચ મુંબઈ : ગંગાવાડી ગોપાલ ભુવન,
ઘાટકોપર વેસ્ટ સંપર્ક કરો

વિરાટ એચ. પાઠક (મહારાજ) 9867167746/9768786986 જન્મભૂમિ પંચાગ લગ્ન મુર્હૂત

NOVEMBER:-2024
16-17-22-23-26-27
DEC 2024
02-03-04-05-06-07-11-12-14-15-20-23-24-26
JAN 2025
16-19-21-22-24-26-30
FEB 2025
03-04-06-07-12-13-14-16-17-20-21-22-23-24

MARCH 2025
02-03-06-07-12
APRIL 2025
14-16-18-19-20-21-22-25-29-30
MAY 2025
1-5-6-8-9-10-13-14-16-17
JUN-2025
1-2-5-6-20-23-24

NOV-2025
16-22-23-24-25-26-27-30
DEC-2025
2-5
FEB-2026
5-6-7-8-10-12-13-20-21-22-25-26
MARCH 2026
5-6-7-8-9-10-11-12-14-15-16

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



**શ્રી જૈન મેરેજ બ્યુરો**

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી ઘોઘારી તથા કાઠીયાવાડી વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
મો : ૯૩૨૩૭૭૯૦૧૪

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.



શ્રીજી

**જમીન-મકાનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452

**અતુલભાઈ ટી. શેઠ**

રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.



જુના અને જાણીતા જૈન વિનુભાઈ લીંબડી વાળાનુ પ્રખ્યાત

**કાળાતલનું કચરીયુ**

Since-1980

fssai No. 20719021000775

લીંબડી અને સુરેન્દ્રનગરમાં મળશે

**શેઠ કિંજલકુમાર વિનુભાઈ**

બાહેલાપરા, ચબુતરા પાસે, લીંબડી.
Mo. 98670 87354

દુકાનં.૩,૪, શ્રીજી કોમ્પલેક્ષ, યુરોકીડસ્ સ્કૂલની બાજુમાં, મહાવીર સ્વામી ચોક, જીનતાન રોડ, સુરેન્દ્રનગર.
Mo. 98929 27341

નોંધ : બહારગામ માટે કુરીયર સર્વિસ મળશે.

Advt.


## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન શ્રીમતી ચંપાબેન દીપચંદ ડુંગરશી તુરખીયા

### મેડિક્લેમ યોજના

ઝાલાવાડી સભાના સર્વ સભ્ય મિત્રોને જણાવવાનું કે છેલ્લા પાંચ વર્ષથી ચાલતી. ઉપરોક્ત યોજનામાં ગ્રુપ મેડિક્લેમ પોલીસીના બદલે વ્યક્તિગત ફેમીલી વાઈઝ પોલીસી ઉતરાવી આપવામાં આવે છે.

ઉપરોક્ત યોજના અંતર્ગત મુખ્ય PNB ની ફેમીલી ફ્લોટર સ્ટાર હેલ્થ ઈન્સ્યુરન્સ કાું. અથવા અથવા અન્ય ઈન્સ્યુરન્સ કાું. ની પોલીસીમાં સહાય મેળવતા સભ્યોને જણાવવાનું કે અત્યાર સુધી સંસ્થાએ નિયત કરેલ ફોર્મ ભરવું પડતું હતું. સાથે રિન્યુ થયેલી Policy ની Copy અને બીજા ડોક્યુમેન્ટ સભાની ઑફિસે આપવા આવવું પડતું અને ઘણા મેમ્બર્સની રિન્યુ થયેલી પોલીસી તેમને મોડી મળતી હોવાથી તેમને સહાય મેળવવામાં તકલીફ પડતી હતી માટે સભ્યોની સગવડતાં માટે હવેથી મેડિક્લેમ સહાય મેળવવાં માત્ર Online ફોર્મ ભરવાનું રહેશે. સાથે જે ડૉક્યુમેન્ટ માગવાના આવેલ છે તે પણ ઓનલાઈન સબમિટ કરવાનાં રહેશે. ફોર્મની Hard Copy Office માં સ્વીકારવામાં આવશે નહી. મેડિક્લેમ સહાયની રકમ આપના બેંક એકાઉન્ટમાં Direct જમા કરવામાં આવશે. જેની દરેક મેમ્બર્સએ નોંધ લેવા વિનંતિ.

મોબાઈલ નંબર 9860125136 અને 9819012468 ઉપર Whats App મેસેજ કરવાથી Google link મોકલી આપવામાં આવશે.

# ૨૭મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૧૦-૭-૧૯૪૬

અરિહંતશરણ
૨૬-૧૨-૧૯૯૭

**સ્વ. વિમળાબેન રમણીકલાલ સંઘવી**

(ધાંગધ્રા-પીપળી નિવાસી - હાલ ઘાટકોપર)

**'સહજાનંદી શુદ્ધ સ્વરૂપી - અવિનાશી હું આત્મસ્વરૂપ'**

૨૭ વર્ષની અસંખ્ય પળોમાં....
તમારા અદ્ભુત વ્યક્તિત્વની શક્તિએ અમને એકલા પડવા દીધા નથી.
તમારા માર્ગદર્શને અમને ક્યારેય મુંઝાવા દીધા નથી.
તમારી અતૂટ શ્રધ્ધાના બળે અમે ક્યારેય ભાંગી પડ્યા નથી.
તમારી પ્રેરણાઓએ અમને અંધારામાં અજવાળું દેખાડયું છે.
તમોએ અમને એવા ઘડ્યા કે અમે જીવનને ઘડી શક્યા.
તમે એવું જીવન જીવ્યા કે
આજે પણ તમારું નામ અને અમારું માન વધારે છે.
૨૭ વર્ષ વીતી ગયા, અને તમે નથી તોય તમે જ છો.
આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામે એ જ પ્રાર્થના.

❖ લિ ❖

**રમણીકલાલ રતિલાલ સંઘવી**


પુત્રો : કલ્પેશ, તુષાર, નીરવ
પુત્રવધૂ : પારુલ, ફાલ્ગુની, દર્શીતા
પૌત્રો-પૌત્રી : ભવ્ય-પૂજા, આયુષ, નિયતી, સિદ્ધાંત, મહેક તથા મોક્ષ

**સ્વ. શાંતાબેન રતિલાલ સંઘવી પરિવાર**
**સ્વ. રંભાબેન ગાંડાલાલ પારેખ પરિવાર**

સરનામું : ૬૦૭/૬૦૮ સંભવનાથ ટાવર, સુધા પાર્ક, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

Advt.

# ।। પચીસમી પુણ્યતિથિએ સ્મૃતિવંદન ।।



**સ્વ. પ્રાણલાલ કેશવલાલ દોશી**

રાણાગઢ નિવાસી હાલ ચાંદિવલી, પવઈ
(૨૧.૧૨.૧૯૩૨ - ૩૦.૧૨.૧૯૯૯)

પત્ની : ગ. સ્વ. સુશીલાબેન પ્રાણલાલ દોશી

પુત્ર - પુત્રવધુ : નિલેશ - કૈલાશ
ચંદ્રેશ - સ્નેહલ
પૌત્ર : જીગર, તુષાર, પ્રણય
પુત્રી-જમાઈ : જાગૃતિ - ધીરેન
કામિની - દેવેન્દ્ર
પૌત્રી - જમાઈ : તેજલ - ગૌરાંગ
પૌત્રી : કિંજલ દોશી

**તથા સમસ્ત દોશી પરિવાર**

દોશી એન્જિનિયરિંગ અને કન્સ્ટ્રક્શન
।। મહાવીર એન્જિનિયરિંગ વર્ક્સ ।। કિડ્ઝ ક્લોઝેટ

Advt.

**૨૦૨૪ ના વર્ષને આવકારીએ સાથોસાથ ઝાલાવાડી સભાના સભ્યોના સંતાનોને શિક્ષણ માટે પ્રોત્સાહીત કરીએ.**



# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજના



**Education is the most powerful weapon to change the society**

**સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે, આ સત્ય સહુને સમજાય ગયું છે.**

**ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે મહત્ત્વની યોજનાઓ આકાર પામી.**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત... મુખ્ય સ્કીમ

**ઈન્ટરનેશનલ એજ્યુકેશન ફંડ અને હાયર એજ્યુકેશન ફંડ** માટે ડોનર્સના નામ આવી ગયા છે. ઉપરાંત ૨૦૧૮ માં શરૂ કરેલ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અન્વયે નીચે જણાવેલ સ્કીમમાં ૭૫ જેટલા દાતાઓએ પોતાનું યોગદાન આપેલ છે. દાતાઓના અનુદાનથી અત્યાર સુધીમાં ફોરેન લોન માટે રૂા. ૨,૨૧,૦૦,૦૦૦/– (બે કરોડ એકવીસ લાખ) તથા ભારતમા હાયર એજ્યુકેશન માટે રૂા. ૫૩,૮૦,૦૦૦/– (ત્રેપન લાખ એંસી હજાર) મળી કુલ રૂા. ૨,૭૪,૮૦,૦૦૦/– (બે કરોડ ચુમોતેર લાખ એંસી હજાર) ૧૬૭ વિદ્યાર્થીઓને લોન આપવામાં આવેલ છે. જેના થકી આપણા સમાજના સંતાનો પોતાના ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો પરિપૂર્ણ કરવા સમર્થ બન્યા છે.

ઝાલાવાડી સભાના માતબર સભ્યોના આગ્રહને માન આપીને એજ્યુકેશન માટે નિમ્ન લિખિત સ્કીમમાં દાનનો પ્રવાહ વહેરાવવા વિનંતી. આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉપયોગી થવા માટે આ સ્કીમ ફરીથી આપની સમક્ષ રજૂ કરીએ છીએ. જેમા આપશ્રી સહભાગી બની આ સ્કીમને સાકાર કરવા સ્કીમમાં જોડાવા માટે અપીલ કરવામાં આવે છે.

(૧) Post Graduation Fund (૨) Post Graduation Fund for Girls

પ્રત્યેક સ્કીમ અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે.

આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૩) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Star Donor – બનશે. ૫૦ લાખ રૂા. નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – **Platinum Donor** – બનશે. ૨૫ લાખ રૂા. ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૫) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા. નું અનુદાન આપનાર દાતા – Diamond Donor – બનશે. ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Golden/Silver Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ / ત્રણ લાખ આપનાર દાતા – Golden Donor/Silver Donor – બની શકશે. પાંચ લાખ/ત્રણ લાખ ની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**આ ડોનેશન Income Tax Act મુજબ 80G સર્ટિફિકેટ અથવા CSR ને આધીન રહેશે.**

| | | |
|---|---|---|
| **મનિષાબેન એમ. શાહ**<br>ટ્રસ્ટી – સેક્રેટરી<br>મો. ૯૮૨૦૦૯૬૯૬૫ | **પંકજભાઈ વી. સંઘવી**<br>ટ્રસ્ટી – ઉપપ્રમુખ<br>મો. ૯૮૨૦૦૪૦૭૧૯ | **પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**<br>ટ્રસ્ટી – પ્રમુખ |
| **મહેશભાઈ પી. વોરા**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૧૫૬૯૩૮૩ | **મયંકભાઈ જે. શાહ**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૦૦૬૭૯૫૮ | **કિરીટભાઈ વી. શેઠ**<br>ટ્રસ્ટી<br>મો. ૯૮૨૦૦૬૩૭૮૩ |

## માસિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



**જન્મ**
**૦૨.૦૯.૧૯૪૫**

**અરિહંતશરણ**
**૧૮.૧૦.૨૦૨૪**

# સ્વ. હસુમતી મહેન્દ્રભાઈ શાહ

**ઉમર : ૮૦ વર્ષ**
**મુળવતન - વઢવાણ, હાલ - બોરીવલી**

સમય જીંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ... ક્યાં ખબર હતી,
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
ભગવાન દિવ્ય આત્માને આશીર્વાદ આપે,
એ જ ભાવનાત્મક શ્રધ્ધાંજલિ
ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

**શોકાતુર પરિવાર**

પતિ : સ્વ. મહેન્દ્રભાઈ ચતુરદાસ શાહ
પુત્રવધુ-પુત્ર : ભાવના સમીર શાહ
પુત્રી-જમાઈ : સોનલ ભરતકુમાર સંઘવી
પૌત્રી-દોહીત્રી : ઉર્વી, તીર્થા - પ્રાચી, દીશી

સ્વ. ચતુરદાસ મોહનલાલ શાહ પરિવાર (દેદાદરાવાળા)ના

|| જય જીનેન્દ્ર ||

Advt.

## સાતમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૦૨-૧૨-૧૯૩૪

અરિહંતશરણ
૦૩-૧૨-૨૦૧૭

# સ્વ. કિશોરકુમાર વાડીલાલ શાહ

પરિવાર જેમનું મંદિર હતુ, સ્નેહ જેમની શક્તિ હતી
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી
ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી,
એવા આપ પરિવાર માટે પ્રેમભરી સુવાસની યાદોમાં સદાય રહેશો.
ઈશ્વર આપની દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

## શ્રદ્ધાસુમન અર્પણ

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | - | અરૂણાબેન |
| પુત્ર | - | તેજસ |
| પુત્રવધુ | - | દીપ્તિ |
| પૌત્ર | - | લવ્ય |

Advt.

# ઝાલાવાડી સ્થાનકવાસી જૈન

## પાળીયાદ નિવાસી, મુંબઈ હાલ સુરેન્દ્રનગર

*પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ*



**સ્વ. મહાસુખલાલ વૃજલાલ જોબાલીયા**
જન્મ : તા. ૧૨–૧૨–૧૯૩૮
અરિહંત શરણ : ૧૬–૧૧–૨૦૨૩

*અરિહંત શરણ*



**સ્વ. રસીલાબેન મહાસુખલાલ જોબાલીયા**
જન્મ : ૧૨–૨–૧૯૪૩
અરિહંત શરણ : ૫–૧૧–૨૦૨૪

*અનંત ગુણી આત્મા, કરે નિજ નિજ ગુણનું કામ, સમજે આ જીવડો કરે પોતાનું કામ.*

અમારા વડીલ બંધુ તથા વડીલ ભાભી,
આપની કુટુંબ ભાવના, કોઠાસુઝ, સમાધાનકારીવૃતિ, સાધુભગવંતોની વૈયાવચ્ચ,
તેમજ વ્યવહાર કુશળતા જેવા અનેક ગુણો, આપની વાત્સલ્યતા, લાગણીશીલ સ્વભાવ,
નિઃસ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખવુ,
ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વિ. સદાય અમોને પ્રેરણા આપતી રહશે.

આપના દિવ્ય આત્માને પરમ શાંતિ મળે, હંમેશા જૈન ધર્મનું શરણ મળે,
અને વહેલામાં વહેલા મક્તિપદને પ્રાપ્ત કરે.
એવી અમારી પરમાત્માને પ્રાર્થના.

## આપનો પરિવાર



**માતુશ્રી :** સ્વ. લલીતાબેન વૃજલાલ જોબાલીયા
**ભાઇ–ભાભી :** સ્વ. શુશીલાબેન નગીનદાસ જોબાલીયા
**ભાઇ–ભાભી :** શ્રીમતી ભાનુબેન જશવંતરાય જોબાલીયા
**ભાઇ–ભાભી :** ગં. સ્વ. જયશ્રીબેન હસમુખભાઇ જોબાલીયા
**ભાઇ–ભાભી :** શ્રીમતી મીતાબેન અરવિંદભાઇ જોબાલીયા
**બહેન :** સ્વ. કુંદનબેન, સ્વ. વિમળાબેન, સ્વ. ચંદુબેન, ઇલાબેન
**ભત્રીજા–ભત્રીજાવહુ :** ભરત–નયના, રાકેશ–ડિમ્પલ,હેમલ–છાયા, સૌરભ–રીના
**ભત્રીજી :** નીતુબેન, દિપીકા, મયુરી, જુલી (દિપ્તી), સારીકા, ફોરમ, જીગ્ના

|| જય જિનેન્દ્ર ||

Advt.

# ૨૦મી પૂણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ

**સુરેન્દ્રનગર નિવાસી**
**હાલ : બોરીવલી (યોગીનગર), મુંબઈ**



## માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા

**માતુશ્રી દેહ વિલય : તા.૧૬-૧૨-૨૦૦૪, ગુરૂવાર**

**માત્ર નવ દિવસ નહીં પરંતુ પુરા નવ મહિના સુધી આપણું સર્જન કરનારી આપણા ઘરમાં રહેલી માં ને સન્માન આપવું એ પણ એક નવરાત્રિ જ છે !**

ત્રણ લોકનો નાથ પણ મા વિના અનાથ..
" મોઢે બોલું ' મા ' અનેમને સાચે જ બાળપણ સાંભરે, તારી મોટપની મજા, મને કડવી લાગે કાગડા "
"હે મારી જનનીના હૈયામાં,પોઢંતા..પોઢંતા લાગ્યો કસુંબીનો રંગ...હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ"..
મીઠા મધુ ને મીઠા મેહૂલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે, જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.

થોડું જોયા કરજો, થોડું જતું કરજો અને, થોડું જાતે કરજો. જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈના ગયાં પછી, "Miss You" લખવા કરતાં, જીવતાં હોય ત્યાં સુધી "With You" લખો ને એ વધારે સારું.




માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)

**MAYUR STEEL CORPORATION**

(૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એક્સર રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ -૯૨)
D/9 Shop No.5, Yogi Laxmi C H S Yoginagar Eksar Road, Borivali (W), Mumbai - 400091



Office Add. : Room No 39, 2nd Floor, Haji Manzil,
82/86 Abdul Rehman Street, Mumbai 400003
Mr. Hasmukhbhai 9820810782 9769116782 - Office number - 022 23440298 / 022 49710439
• Viral H. Mehta : Mo. 98201 77209 - Email : mehtaviral20@gmail.com • • mehtamayursteel@gmail.com •

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# સ્મરણાંજલિ



જન્મ તા.
૦૬-૦૮-૧૯૩૯

અરિહંતશરણ તા.
૦૯-૧૧-૨૦૨૪

## સ્વ. વિનોદરાય મણીલાલ શાહ

**પાળીયાદ નિવાસી, હાલ ઘાટકોપર, મુંબઈ**

આજીવન આપનો પ્રેમ અને કુટુંબ માટેની ખપત
અમારા જીવન માટે માર્ગદર્શક રહેશે
તમારા સીધા સરળ નિસ્વાર્થ સ્વભાવ અને ધાર્મિક જીવનશૈલી
અમને જીવન જીવવા માટે પ્રેરણા આપતી રહી છે અને
અમારી સાથે તમારૂં અસ્તિત્વ સદેવ સર્વજ્ઞ રીતે જીવંત રહેશે,
તમારા આદર સાથે જીવન જીવવા માટે
તમારા આશિર્વાદ હંમેશા અમને મજબૂત બનાવશે
આપને પરમ શાંતિ મળે એવી પ્રભુને પ્રાર્થના

**શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતા શોકાતુર પરિવાર**

પત્ની : શારદાબેન વિનોદરાય શાહ

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : જીગ્નેશ , રીનેશ | પુત્રવધુ | : દિપાલી , અમી |
| પુત્રી | : દીપ્તિ | જમાઈ | : નિલેશભાઈ અજમેરા |
| પૌત્રી | : ધ્વનિ, ધર્મી | દોહિત્રી | : નુપુર હર્ષ શાહ ક્રિશા કરણ નંદવાણી |
| પૌત્ર | : રાજ | પ્રપૌત્ર | : અવિક |

બા. બ્ર. પરમ પૂજ્ય રંજનભાઈ મહાસતીજી (બોટાદ સંપ્રદાય)
સમસ્ત સ્વ.. ચંચળબેન મણીલાલ શાહ પરિવાર
સમસ્ત સ્વ. રતનબેન ખીમચંદભાઈ શાહ પરિવાર

Advt.

Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi